કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક
સંસ્થાપક • રવિશંકર રાવળ
વર્ષ ૨૬ • અંક ૯
સપ્ટેમ્બર
૧૯૪૯
૩૦૯મો અંક

તંત્રી
બચુભાઈ રાવત



ઋષભ
ચિત્રવિષયની બલિષ્ઠતાને મૂર્ત કરતી
કલાકારની પીંછીના સામર્થ્યનો નમૂનો
ચિત્રકાર • શ્યાવક્ષ ચાવડા



શ્રીરંગમ્‌-મંદિરના સ્તંભો — ફોટો · વિનોદ શાહ

દક્ષિણ હિંદનું શ્રીરંગમનું વિષ્ણુ-મંદિર શિલ્પસમૃદ્ધિ માટે ખ્યાત છે અને એમાં એની 'સહસ્રસ્તંભ' નામથી ઓળખાતા થાંભલાઓની હારની રચના વિશિષ્ટ છે. વિવિધ અંગભંગ અને મનોરમ ચેષ્ટાઓ દાખવતી ગલકાતી સ્ત્રીમૂર્તિઓ અને કૂદતા અશ્વોવાળા એ થાંભલાઓનો ખ્યાલ આ ચિત્રમાં આપ્યો છે.

સપ્ટેમ્બર ૧૯૪૯
કુમાર
અંક ૩૦૯
અનુક્રમણિકા

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના.

જાહેરખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટી કંપની
ફર્નાન્ડિઝ બ્રિજ, ગાંધી રોડ, અમદાવાદ.



રાધા-કૃષ્ણ

ચિત્રલેખા : રાણી ચંદા

ઈ. ૧૯૪૭માં પારીસમાં યુનેસ્કો-UNESCOના (સંયુક્ત રાષ્ટ્રસંસ્કાર સંઘના) સમારોહ સાથે સર્વ રાષ્ટ્રોની કળાનું પ્રદર્શન પણ ભરાયું હતું. પ્રદર્શન ખુલ્લું મુકાયું, ને એમાં હિંદ તરફથી રજૂ થએલી કલાકૃતિઓમાં આ ચિત્રકૃતિ જોતાંવેત પારીસના કલાવિવેચકો પ્રશસ્તિ પોકારી ઊઠયા. સર્વ સમાચાર-પત્રોએ તેની બાખૂબ તારીફ કરી ને કલાના એકેએક પત્રે તે પ્રકટ કરીને તેના પર પ્રશસ્તિ-નોંધ લખી હિંદની જ ભૂમિની તળપદી માટી હાથે પકવીને તથા ઘૂંટીને બનાવેલા દેશી રંગો વડે 'ટેમ્પૅરા' પદ્ધતિએ કરેલા એ ચિત્રના આયોજન, રંગાવટ, રેખાવિન્યાસ અને ભાવદર્શને પારીસને મુગ્ધ કરી મૂક્યું. હિંદી સરકારે એ ખરીદી લીધું ને પોતાના મહા-પડોશી ચીનની સરકારને પોતાની મૈત્રિના પ્રતીક રૂપે ભેટ આપ્યું. હિંદના ભક્ત કવિઓએ ગાએલા રાધા અને કૃષ્ણના વૃંદાવનજીવનનાં ગીતોનાં નિદર્શન એમાં એક નીચે એક હિંદી પ્રણાલી મુજબ યોજેલાં છે. એની ચિત્રલેખા રાણી ચંદાનો પરિચય આ અંકની માધુકરીમાં આપ્યો છે.



અર્ધનારીશ્વર — ચિત્રલેખા • કુ. શકુન્તલા દીવાનજી

સામાન્ય રીતે ઉમા-મહેશ્વરના સંયુક્ત રૂપને અર્ધનારીશ્વર તરીકે ઓળખવામાં આવે છે; પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ તેનું રહસ્ય ઊંડું હોઇ શિવ અને શક્તિનું સામંજસ્ય તેમાં સમાએલું છે. માર્કંડેય પુરાણમાં વળી એમ જણાવ્યું છે કે રુદ્ર અને વિષ્ણુ જગતના નિર્માતા હોઇ તે બંને સંયુક્ત થવાથી રુદ્રનું અર્ધનારીશ્વર રૂપ ઉદ્ભવ્યું છે. શાસ્ત્રોમાં અર્ધનારીશ્વરના રૂપવિધાન માટે અભિલષિતાર્થ ચિંતામણિ, બૃહત્સંહિતા, મત્સ્યપુરાણ, રૂપાવતાર, વિષ્ણુધર્મોત્તર, શિલ્પરત્ન અને સુપ્રભેદ આગમ આદિ ગ્રંથોમાંથી વ્યવસ્થિત વર્ણનો મળી આવે છે. તે બધાંમાં નિરૂપેલા શિવ પાર્વતીના સંયુક્ત રૂપમાં મુખ્યત્વે જમણી બાજુ શિવનું સ્વરૂપ, તેના માથે જટામુકુટ, કાનમાં સર્પકુંડલ, હાથમાં ત્રિશૂલ, કપાળમાં અર્ધચન્દ્ર, છાતી વિશાળ, ગજચર્મ ઓઢેલું, લલાટમાં અર્ધું નેત્ર અને એક પગ કમળપર મૂકેલો એવું વર્ણન છે; જ્યારે વામાર્ધમાં પાર્વતી, તેના હાથમાં દર્પણ અગર કમળ, કાનમાં કુંડલ, માથામાં વેણી, કપાલમાં અર્ધું શ્રી ચિહ્ન, ઉન્નત સ્તન, પગમાં ઝાંઝર, કટિસૂત્ર વગેરે વર્ણવ્યાં છે. વિવિધ ગ્રંથોનાં વર્ણનોમાં જોકે કેટલોક તફાવત હોય છે, પણ ખાસ નહિ.

કુમાર

વર્ષ ૨૬મું • અંક ૯મો ★ સપ્ટેમ્બર ઈ. ૧૯૪૯

ભૂલ ભાંગી

ભૂલ ભાંગી મારી ભૂલ હો ભાંગી,
માઝમ રાતનું સોણલું સહુ કિરણને કર આંખ હો જાગી...ભૂલ૦

રંગ ને રૂપે રમતી તરલ
નીરખી'તી કૈં છાયા,
આવતી મારે હાથ ના તો યે
પ્રાણમાં પ્રગટી માયા,
તરસ્યું હરણ દૂરનાં પેલાં ઝાંઝવાંને નીર જેમ હો રાગી...ભૂલ૦

ઝંખનાથી યે પામતાં ઝાઝું
ધન્ય હું બડભાગી,
અવ ન શિશિર-દાહ, ધરાને
મલયની લ્હેર લાગી,
સુષુમણાની મોરલી મારી મોહન સૂરને લય હો વાગી...ભૂલ૦

રાજેન્દ્ર શાહ

નિરધાર

સાચને પડખે રહીને ઝૂઝતાં
આપણે પળવાર પણ ખસવું નથી;
સંકટો, દુઃખો, પધારો સ્વાગતમ્!
લેશ પણ આ માર્ગથી ચસવું નથી.

જૂઠની જીતે ચણેલા માંડવે
પ્રાણ મારા, લાલચે રમવું નથી;
જાલિમો ને ધૂર્તના પાયે પડી
કોઈ દી' કોઈ મિશે નમવું નથી.

મર્દની મોકાણમાં જાવું ભલે,
કાયરોની જાનમાં ચડવું નથી;
મોતની મુસકાન મીઠી માણશું,-
જિંદગીમાં જીવવા રડવું નથી.

પ્રાણ મારા, એકલા આગે બઢો!
આજ બોલોઃ 'ના, હવે ડરવું નથી.'
જંપ ક્યાં છે? ચેન ક્યાં છે? દંભના
દંગલો તોડ્યા વિના ઠરવું નથી.

સાચને પડખે પરાજય હો ભલે
તે છતાં પાછું હવે ફરવું નથી.

મકરન્દ દવે

ગીત

વ્યાપી ગયું ચિત્ત મહીં રહસ્ય કો,
આકાશમાં ઓસ-ભિનાશ જેમ;
પરોઢમાં ઝાકળ બિન્દુ થૈ ઠરે,
રહસ્ય હે, તેમ તું યે ઝરી જા
મધુર કો ગીતનું રૂપ ધારી.

'ઉશનસ્'

આજ

આવતી કાલ તો આવતી રહેતી,
આજ રખે રહી જાય,
વેળા વીતીનાં ગીત ગાતાંગાતાં,
આજ થતી કાલ જાય.

આજ વીતી જઇ કાલમાં સરે,
આવતીકાલમાં આજ,
દિન-રાતોને ચાકડે ચાલતાં,
આજનાં અજબ રાજ.

આવતું જે એના ઉચાટ નથી,
જાય એનાં શીદ ગીત?
બેઠો હું તો આડી રાતના પરદે,
કરતો મીઠડું સ્મિત.

શાંતિકુમાર કડિયા



કાર્તિકેય*

દેવસૈન્ય-પતિ, કાર્તિકેય હે,
હે ષડાનન, મયૂરવાહન,
અંધકારિ-સુત, અગ્નિપુત્ર હે,
ગૌરી ભાગીરથી કૃતિકા પ્રિય!

દુર્વિપણ્ સહુ યોનિની મહીં
અગ્નિવીર્ય, શરજન્મ, શક્તિધૃક્,
શંભુસૂનુ, સુરના શુભંકર,
શત્રુ હે સહજ દેવશત્રુના!

સ્કંદ, આઓ; અહિં આ નિમંત્રું હું,
શસ્ત્રસજ્જ સહુ દેવસૈન્ય આ
વાટ જોતું તમ; હે ચમૂપતિ,
શંખઘોષ જયયુદ્ધનો ફૂંકો!

તારકાસુર ફરીથી ઉન્નત
છિન્ન થાય ટુકડામહીં શત!

અજ્ઞાત

*દેવસેનાપતિ કાર્તિકેયની પૌરુષ દાખવતી આ સુંદર પ્રાચીન મૂર્તિ તથા તેના કાવ્યમાંનાં ઉદ્બોધનો સમજવા માટે એ પરાક્રમમૂર્તિનો પરિચય આપતી કથા આ અંકની માધુકરીમાં આપી છે. એ વાંચ્યા પછી આ બંને કૃતિઓ સવિશેષ રસ આપતી જણાશે.

'વ્યક્તિ મટી હું બનું વિશ્વમાનવી.'
(ઉમાશંકર)

એ પ્રાર્થના જાણે એ પૂર્વજન્મે કરીને જ આવ્યો હોય તેમ, હિમાલયની અચલતા અને ઍટલાન્ટિકની ચંચલતા, ધ્રુવતારાનો પ્રેમ ને ધૂમકેતુનો પ્રકોપ, સૂર્યનું ઉગ્ર મન ને ચંદ્રનું શાંત હૃદય,—આભ ને ધરાનાં આ તત્ત્વોનું એકીસાથે એનામાં મિલન થયું હતું. અને એક જ માનવીમાં આવા મિલનનું ફરી ક્યારે ય પુન: દર્શન થશે કે કેમ એવી શંકા થઈ હશે માટે જ કાળ આ વિશ્વમાનવીને મુગ્ધ નયનથી નીરખતો પૂરાં બ્યાશી વર્ષ લગી થંભી રહ્યો હશે ને?

જે થકી પૃથ્વી યે રહી જીવી,
એ જ આ પ્રકૃતિ!
એહની પ્રાણધારા કહો, ક્યાં પીવી, ક્યાં પીવી?
અસીમ હે પ્રાણ, અવ પ્રગટ હો!
ત્વરિત પગલે અહીં નયન સન્મુખ આવી રહો!....

સાઠ વર્ષ પછી પ્રગટ થએલી એની અમર કૃતિ 'ફાઉસ્ટ'ના પ્રથમ દૃશ્યના આ શ્લોકમાંનું જ કદાચ આવાહન કરીને એનો અદૃશ્ય પિપાસુ આત્મા, ઈ. ૧૭૪૯ના ઑગસ્ટની ૨૮મી તારીખે (આજથી બરાબર બસો વર્ષ પહેલાં) જર્મનીના ફ્રાન્કફુર્ટ-આમ-માઈન (ફ્રાંકફૉર્ટ-ઑન-માઈન) નામના નગરમાં જન્મ્યો. જે લોકકથા પરથી ગઅટેએ પોતાની એ અમર કૃતિ 'ફાઉસ્ટ' રચી, એ કથાનો નાયક 'ફાઉસ્ટ બુશ' પણ આ પ્રાચીન નગરીમાં જ જન્મ્યો ને જીવ્યો હતો.

એના પિતાનું નામ યોહાન કાસ્પર ગઅટે અને માતાનું નામ એલીઝાબેથ ટેક્સ્ટર. પિતા ફ્રાન્કફુર્ટનો નગરપતિ અને એક ધર્મશાળાનો અધિપતિ હતો. કાયદાનો ને કવિતાનો રસિયો હતો. તેના જન્મ સમયે માતા અઢાર વર્ષની હતી: એટલેકે પુત્રથી અઢાર વર્ષ મોટી; પણ પતિથી તો ૨૩ વર્ષ નાની હતી! વયમાં એ પોતાના પતિ કરતાં પુત્રથી વધુ નજીક હતી. મુગ્ધાવસ્થામાં માતા થવા છતાં અને ચતુર પણ હોવા છતાં એ ચંચલ હતી. પિતા જેટલો ગર્વીલો એટલી જ માતા હસમુખી હતી. પિતા એના પ્રત્યે સદા ચિંતાતુર તો માતા સદા યે પ્રેમાતુર. આમ, પિતાની ભૃકુટિનું ગર્વિષ્ઠ ગાંભીર્ય ને માતાના અધરનું હસતું હાસ્ય પામીને, એક કોઠામાં બે જીવ લઇને ફરવાનું—કવિતા કરવાનું અનિવાર્ય શિક્ષણ તો ગઅટે શૈશવકાળમાં જ પામ્યો.


જર્મનીમાં ફ્રાન્કફુર્ટ-આમ-માઈનમાં ગઅટેનું જન્મસ્થાન

ફ્રાન્સને હાથે પરાજય પામેલા જર્મનીમાં એનું બાળપણ વીત્યું. બે યુદ્ધની અંતરિયાળનો એ શાંતિકાળ હતો એટલે ફ્રાન્કફુર્ટમાં ફ્રેન્ચ લશ્કરની હીલચાલ તો ચાલુ જ હતી. ગઅટે પાંચસાત વર્ષનો હતો ત્યારે તેના મહોલ્લામાં પડાવ નાખી રહેલ લશ્કરી ટુકડીનો સેનાનાયક કાઉન્ટ થૅારાંક, તેના પિતા સાથેની દોસ્તીને કારણે અવારનવાર તેને ત્યાં આવતો. કાઉન્ટ ફ્રેન્ચ સાહિત્યનો રસિયો હોવાથી ગઅટેના પિતા આગળ એ સાહિત્યની રસલ્હાણ ઊડતી. આમ, જે ફ્રેન્ચ પ્રજા ને ફ્રેન્ચ સાહિત્ય પર ગઅટે પાછળથી જીવનભર આફરીન રહેલો, એની ભાષાનો કક્કો પણ પોતે જાણતો નહોતો એ ઉમરે, એ જ પ્રજાના એક પ્રતિનિધિ કાઉન્ટ થૅારાંકને મુખેથી એ સાહિત્યના સર્વશ્રેષ્ઠ નાટ્યકાર રાસીનનું કાવ્ય બાલ ગઅટે સુણવા પામ્યો. જોકે આડો અર્થનો અંચળો હતો; પણ એની પછવાડે જે કંઈ છે એ જ કાવ્ય, એવી ઉઘાડની એને એ ઉમરે પ્રતીતિ થઈ,—એનામાં કાવ્યની સૂઝ પ્રથમ પ્રગટ થઈ. આમ, કિશોર વયના એના મનોપટ પર ફ્રેંચ કવિતાની રેખાઓ ધીમે ધીમે અંકાતી ગઈ અને એમાં નિજ કલ્પનાના રંગો પૂરાયા. અને પછી ફ્રાન્કફુર્ટમાં રજૂ થતાં ફ્રેન્ચ નાટકો તથા ઓપેરાએ એ રંગોને ઘેરા બનાવ્યા. બીજી બાજુ ભણતર તો ચાલુ જ હતું. એમાં સોળ વર્ષની વય સુધીમાં તો એણે પોતાની માતૃભાષા ઉપરાંત પ્રાચીન ઈટાલિયન, હિબ્રૂ અને અંગ્રેજી સાહિત્યનો સંપર્ક પણ સાધેલો. સાથે સાથે વળી સંગીત અને ચિત્રકળા.

પોતાનો પુત્ર એક પ્રખર વકીલ થઇ પારીસમાં જઈ નામ કાઢે, એવી પિતાની મહત્ત્વાકાંક્ષાને સિદ્ધ કરવા સોળ વર્ષની વયે એ લાઈપત્સિશની વિદ્યાપીઠમાં કાયદાનો અભ્યાસ કરવા જોડાયો તો ખરો, પણ ફ્રાન્કફુર્ટથી કવિતા પણ એની સાથે જોડાઈ જવાનું ભૂલી નહોતી! એટલે ત્યાં પણ એણે ફ્રેન્ચ શૈલીની બે નાટ્યકૃતિઓ રચી. વળી અહીં એને કાવ્યની જેમ પ્રેમનું પણ રહસ્યમય દર્શન થયું. આના ગ્રેટ્શેન નામની કોઈ કલાલની કન્યા સાથે પોતે પ્રેમમાં પડી ગયો છે એમ એને લાગ્યું. પણ જે ક્ષણે એ તેર વર્ષની કન્યાના 'No kissing! That's so commonplace! But love me if you can' એ શબ્દો એના હૃદયે સાંભળ્યા એ ક્ષણથી જીવનભર પ્રેમનો અર્થ એ શોધતો થયો. એ પ્રેમની પ્રેરણાથી એણે પોતાના એ પ્રિયપાત્રના નામપરથી 'એનેટ'નાં પ્રથમ ઊર્મિગીતો રચ્યાં, અને જીવનભર પ્રેમનું સાન્નિધ્ય પામ્યો. 'હું સૌંદર્યની આગળ સહેલાઇથી ઢળી પડું છું' એ સોક્રેટીસનાં વચનમાંનો 'સહેલાઇથી' શબ્દ ગઅટે વધુ સહેલાઇથી ઉચ્ચારી શકે! એના નાટક 'ફાઉસ્ટ'માં મેફિસ્ટોફિલિસ' (સેતાન) ફાઉસ્ટને કહે છે:

જાદુગરીનું આ પીણું તવ પ્રાણમાં જ્યારે જશે,
ત્યારે તને પ્રત્યેક સ્ત્રીમાં સુંદરી હેલેનનાં દર્શન થશે!


ગ્રેટ્શેન સાથે પ્રેમમાં પ્રવેશતાં જ ગઅટેના શરીરમાં 'જાદુગરીના આ પીણા' જેવું જ કંઈ પ્રવેશી ગયું. એકાએક માંદગીનો માર્યો એ ફ્રાન્કફુર્ટ પાછો ફર્યો ત્યારે એ એકલો ન હતો; સાથે હૃદયમાં જીવનભર

જગત જેની બીજી શતાબ્દી ઊજવે છે

જીવતી રહેનારી એક વેદના પણ હતી, ને મનમાં ફાઉસ્ટનું એક અમર થનાર પાત્ર પણ હતું.

વ્યથિત મને પાછો ફરેલો એ પોતાની માતાની એક પ્રૌઢ સખી ક્રોલીના સહવાસમાં સાન્ત્વન પામ્યો. આ ધર્મપરાયણ સ્ત્રી પાસેથી એ, દેવત્વ સાથે આ સૃષ્ટિમાં દાનવતા પણ છે એવું પ્રથમ વાર જ્ઞાન પણ પામ્યો. એ જ સમયમાં, જર્મનીનું ફ્રેન્ચો સાથેનું 'સાત વર્ષનું યુદ્ધ' શરૂ થયું. એ યુદ્ધમાં એના પિતાએ ફ્રેડરીકનો પક્ષ લીધો, જ્યારે પિતામહે ફ્રેંચોનો પક્ષ લીધો. એથી આજ લગી પોતાના ઘરને જે શોભા રૂપ હતી એ શાંતિનો ભંગ થયો. એ જોઈ એકલું પડેલું એનું મન જગતની ને જીવનની વધુ સૂઝ પામતું ગયું.

ફ્રાન્કફોર્ટમાં અનેક ધર્મપરાયણ મિત્રોની વિવિધ જીવન-ફીલસૂફીઓનો પણ એને પરિચય થયો; ને તેમાં યે એક મોચીને મુખેથી 'તું સાચો ખ્રિસ્તી છે, પણ પેલા પૈસાદારને ઘેર ભોજન-સમારંભમાં ઈશુએ જે ધૂપચંદનની સુગંધ માણી હતી એ અહીં તને નહિ મળે!' એ વચન જ્યારે એણે સાંભળ્યું ત્યારે સામાન્ય માનવીઓની સૃષ્ટિ એની સમક્ષ એકાએક ખુલી ગઇ. માંદગી પછીના આ આરામના કાળમાં એને ચિત્રવિચિત્ર અનુભવો થયા. જીવનમાં રહેલી દાનવતાનું જ્ઞાન થતાં, ધર્મથી માંડીને ભૂતપ્રેતાદિમાં પણ એનો રસ વધતો ગયો. આમ, વીસ વર્ષની વયમાં જ ફાઉસ્ટનું મહાનાટક રચવાની પૂર્વભૂમિકા ચિત્તમાં ગોઠવાઇ ગઈ.



Johann Wolfgang Von Goethe : યોહાન વોલ્ફગાન્ગ ફૉન ગઅટે
એના નામાક્ષર Goetheના અનેક ઉચ્ચાર થાય છે : ગટે, ગેટે, ગોઇથે, ગઅથે; પણ સાચો છે 'ગઅટે'

એકવીસ વર્ષની વયે અધૂરો અભ્યાસ પૂરો કરવા એ સ્ટ્રાસબર્ગ ગયો, ને ત્યાંનો વસવાટ એના જીવનમાં સૌથી વધુ ફલદાયી પુરવાર થયો. એના જીવનની પરિવર્તનકારી મૈત્રીઓ પૈકીની એક એ ત્યાં પામ્યો. પોતાની આંખનો અંધાપો ટાળવાને ત્યાં આવેલા હર્ડર નામના એક જર્મન વિવેચકે આ ફ્રેન્ચઘેલા ઉદયોન્મુખ કવિના હૃદયનો અંધાપો ટાળી દીધો. સ્ટ્રાસબર્ગની એક હૉટેલના પગથિયા પર આ બન્નેનું મિલન ન થયું હોત તો જર્મન સાહિત્યનો ઈતિહાસ કંઈ જુદો જ લખાયો હોત! જગત્કવિતામાં ઉન્નત શિરે ઊભું રહી શકે એવું 'જર્મન'ત્વ જર્મનીમાં ક્યાં પડયું છે એની હર્ડરને સાચી પરખ હતી. આ પરખનો પારસમણિ સ્પર્શતાં ગઅટેનું આજ લગી સંઘરેલું કાવ્યકથીર પલટાઇ ગયું. ગઅટેને જર્મન લોકસાહિત્યનો—કથાકાવ્યો ને ગીતોના સંગ્રહનો તેણે રસ લગાડયો અને તેને ગામડે ગામડે તે વીણતો કરી મૂકયો. કાવ્યકળાની બાબતમાં ગઅટેની જાણે ભ્રાંતિ ઊડી ગઇ. ફ્રેંચ કવિતાની બધી રંગરેખા ભુંસાઈ ગઇ. રાસીનની રાજસભાની કૃત્રિમતા મેલીને કવિ હવે ગ્રામજનોમાં

ગઅટે

તે · જર્મનીનો કવિ-પ્રાજ્ઞ · માનવતાનો મહાગાયક



ગઅટે : યુવાન વયે

કવિતાનો અસલ રસ પીવાને રખડતો થયો. અને અંતે હોમર, શેક્સપીઅર, ગોલ્ડરિમથ ને 'ઓસીઅન'ની કાવ્યસૃષ્ટિમાં ખોવાઈ ગયો. સ્ટ્રાસબર્ગના ગોથિક દેવળની ગાઢ છાયામાં ને હર્ડરનાં પ્રજ્ઞાચક્ષુના પ્રકાશમાં આ ઉદયોન્મુખ કવિને કવિતાનો રાજમાર્ગ જડી ગયો.

સાથે સાથે સ્ટ્રાસબર્ગમાં એના ચિરંજીવ પ્રેમને પણ એક અનન્ય પાત્ર મળી ગયું:-ફ્રેડેરાઈક બ્રાઅન. સ્ટ્રાસબર્ગથી અઢાર માઇલ દૂર આવેલા સેસેનહેઈનના એક પાદરીની આ કન્યા સાથે ગઅટેએ અનેક રાતો ઘોડેસવારીમાં ગાળી. અને એમાં હૃદયને ગાળીગાળીને જે પ્રણયરસ છલકાવ્યો એ એના ને જગતના એક સુંદર ઊર્મિકાવ્યમાં ઝીલાયો. એ કાવ્યમાં જ એણે ગાયું છે: "My heart beat high! To horse, to horse !" અને એ રીતે જ, એકાએક, આ કૈં કૈં કોડભરી કન્યાના મુગ્ધ પ્રેમનો પરાજય કરીને પોતે દુનિયાનો દિગ્વિજય કરવાને ચાલ્યો ગયો! એની પાછળ ફ્રેડેરાઈક આજીવન અપરિણીત રહીને ૧૮૧૪માં બાડનમાં મૃત્યુ પામી. "જે હૃદય ગઅટેને વરી ચૂકયું છે એ હૃદય હું અન્ય કોઇને ચરણે ધરી શકીશ નહિ." આ શબ્દોમાં એનો અપૂર્વ ભક્તિભાવ એણે વ્યક્ત કર્યો છે. 'ફાઉસ્ટ'ના પ્રારંભમાં જેમ ગ્રેટ્શેનનાં, તેમ અંતભાગમાં આ ફ્રેડેરાઇકનાં દર્શન થાય છે. ગઅટેના હવે પછીના જીવનના અનેક પ્રેમપ્રસંગો જાણે કે આ બંનેના પ્રેમને અને એની વેદનાને વિસરવાના પ્રયત્નરૂપ જ જોવા મળે છે.

સ્ટ્રાસબર્ગથી ઓચિંતા જ ફ્રાંકફોર્ટ આવીને અનેક નાટ્યકૃતિઓની કલ્પનાથી પ્રેરાઇને એણે લખવા માંડયું; પણ સર્વને એક પછી એક પડતી મેલી અંતે 'ગોત્ઝ'ની રચના હાથ ધરીને સંપૂર્ણ કરી. એ કૃતિએ ગઅટેને જર્મની આખામાં રાષ્ટ્રખ્યાતિ અપાવી. આ નાટ્યકૃતિથી જર્મન રંગભૂમિ પર શેક્સપીઅર શૈલીનાં નાટકોને પ્રથમ વાર પ્રવેશ મળ્યો ને જર્મન સાહિત્યના 'સ્ટર્મ ઍન્ડ ડ્રન્ગ' યુગનો પ્રારંભ થયો.

પછી વેટ્ઝલારમાં એ વકીલાત ચલાવવા ગયો; પણ પિતાનું

વિશ્વમાનવી ગઅટે

સારા યે જગતે ગયે મહિને એક મહાન જર્મન અને મહાન માનવની દ્વિશતાબ્દી ઊજવી. ઈ. સ. ૧૭૪૯ની ૨૮મી ઑગસ્ટે જન્મેલા એ મહામાનવની પ્રતિભાથી ચકિત થઇ નેપોલિયન જેવો પણ બોલી ઊઠેલો કે 'શો આ માનવ છે!' એવો એ માનવી બસો વર્ષ પછી પણ એટલો જ જીવંત છે, કારણ કે એણે માનવજાતને અર્પેલાં જીવનમૂલ્યો જીવંત રહ્યાં છે. એમને નષ્ટ કરવાનો પ્રયાસ એના જ દેશના એક માનવીએ —હિટલરે કરેલો. પ્રેમને સ્થાને ધિક્કાર અને આત્મવિલોપનને સ્થાને આત્માભિમાનની પ્રતિષ્ઠા કરવા હિટલર ઘણું મથ્યો, પણ છેવટે એમાં એ હાર્યો અને ગઅટે જેવો ને તેવો વિજયી રહ્યો. એને એની દ્વિશતાબ્દી પ્રસંગે એક મહાન જર્મન કવિ તરીકે જ અંજલિ અપાશે, જોકે તેની પોતાની મરજી તો જગન્નાગરિક ગણાવાની હતી. કંઈ નહિ તો યે એના પ્રેમ અને શાંતિના સંદેશને આજનું છિન્નવિચ્છિન્ન જગત આત્મસાત કરી શકે તો યે તેને યોગ્ય અંજલિ આપી ગણાશે.

ઈ. સ. ૧૮૩૨ના માર્ચની ૨૨મીની સવાર હતી. સંપૂર્ણ શાંતિ પથરાએલી હતી. બગીચામાં પડતી બારી નજીક એક આરામખુરશીમાં બેઠેબેઠે ગઅટે તેની જિંદગીની અંતિમ યાત્રાની સમાપ્તિ અનુભવી રહ્યો હતો. ધીમેધીમે તેનું ભાન ઘટતું જતું હતું.

એવામાં મેજ પર રખડતો એક કાગળ જોઇને એ બોલી ઊઠયો,' અરે, શિલરના કાગળો આમ જ રખડતા રહ્યા છે શું ?'

શિલર એ ગઅટેનો સમકાલીન મહાન જર્મન કવિ હતો. ગઅટેનો એ પરમ મિત્ર. બંને કવિમિત્રો માનવમુક્તિના જ્યોતિર્ધરો હતા. બંને એકબીજાના પ્રેરક અને પૂરક હતા. શિલર ગઅટે કરતાં ૨૭ વર્ષ પહેલાં અવસાન પામેલો. એ અવસાન વખતે ગઅટેને એટલું બધું લાગી આવેલું કે પોતાનો ઓરડો વાસી દઇને બાળકની જેમ એ રડી ઊઠેલો. શિલરનાં નાટકો વાઈમારની રંગભૂમિ પર એ જ લાવેલો. બંને વચ્ચેની મૈત્રીમાં ભંગાણ પડાવવાના અનેક પ્રયાસો નિષ્ફળ નીવડેલા.

ઉપર્યુક્ત પ્રભાતે એ પાછો બેભાન બની ગયા બાદ નમતી સાંજે કંઈક ભાનમાં આવેલો. પોતાના પુત્રની વિધવા ઑટિલીને બોલાવી પોતાને ટેકો આપવા તેણે કહ્યું અને એ વખતે બરાબર સંધ્યાટાણું થએલું હોઇને બારી પરનો પરદો દૂર કરવાનું કહેતાં એ ગણગણ્યો: 'પ્રકાશ! વધુ પ્રકાશ!' આ એના છેલ્લા શબ્દો.

અને, પ્રકાશ ને વધુ પ્રકાશની શોધમાં જ આ મહાન માનવીનું જીવન વીત્યું હતું. માનવ અસ્તિત્વની આસપાસ જે ગૂઢ અંધકાર પથરાએલો તેમાં પ્રકાશની શોધને એણે પોતાનું જીવનકર્તવ્ય બનાવ્યું હતું. નાનપણથી માંડીને ૮૩ વર્ષની ઉમરે અવસાન થતાં સુધી ગઅટેએ એ શોધ ચાલુ રાખેલી. આ નજરે જોતાં, કાર્લાઈલે તથા ગઅટેના બીજા બ્રિટિશ પ્રશંસકોએ તેના ૮૦મા જન્મદિન નિમિત્તે તેને મોકલેલી ભેટ પર અંકિત કરેલા આ શબ્દો યથાર્થ બની રહે છે :

'Without Haste, Without Rest'

જિંદગીની લાંબી મજલમાં કડવા-મીઠા અનેક ઘૂંટડા ગળતા રહેલા ગઅટેએ કાવ્ય, મહાકાવ્ય, નાટક, નવલિકા, નવલકથા, નિબંધ આદિ અનેક પ્રકાર ખેડીને સાઠેક જેટલી કૃતિઓ લખેલી છે; પણ એમાં સૌથી વધુ પ્રસિદ્ધ (બેચાર અઠવાડિયાંમાં જ પૂરી કરેલી) તે 'તરુણ વેર્ટરની વ્યથા', તથા પચાસ ઉપરાંત વરસે પૂરી કરેલી 'ફાઉસ્ટ'.

અઢારમી સદીનો જમાનો એ પશ્ચિમમાં

સ્વપ્ન સિદ્ધ નહિ થવાનું હોય તે નિષ્ફળ વકીલ પુરવાર થઈ પાછો આવ્યો; પરંતુ સાથે જગતની એક અદ્ભુત નવલકથા લઈ આવ્યો. ત્યાં શારલોટ બુફ નામની એક પરિણીત સ્ત્રીના પ્રેમમાં એ પડચો હતો, પણ પાછળથી એના લગ્નની જાણ થતાં એની સાથેના સંબંધનો એણે અંત આણ્યો. આ પ્રસંગની સંવેદનાથી પ્રેરાઇને એણે ફ્રાન્કફોર્ટ આવીને 'વેર્ટર'ની નવલકથા લખવાનો પ્રારંભ કર્યો; ને એની સાથેસાથે એલીઝાબેથ (લીલી) શોનમાન સાથેના પ્રેમનો પણ પ્રારંભ કર્યો! દરમ્યાન ર્હાઇન-પ્રદેશમાં ખૂબ રખડચો ને ચિત્રકળાના નિષ્ફળ માર્ગે પણ ચડચો. એવામાં ૧૭૭૩ના નવેમ્બરમાં એક ધારાશાસ્ત્રીએ બેકારી અને નિષ્ફળ પ્રણયજીવનથી કંટાળીને આત્મહત્યા કર્યાના સમાચાર એણે સાંભળ્યા. આ બધા પ્રસંગોની અસર એની રચાતી નવલકથા પર પડી ને 'વેર્ટરની વેદના' નામે ૧૭૭૪માં તે પ્રગટ થઇ.

અને—એકલા જર્મનીનાં જ નહિ પણ આખા યુરોપનાં હૃદયો પર જાણે એક ઉલ્કાપાત થયો! એ નવલકથાએ યુરોપભરમાં એક અદ્ભુત જાદુ પાથરી દીધું. રોમિયો પછી પ્રણયની રંગભૂમિ પર એવો જ નટ આ વેર્ટર જન્મ્યો. હેર્ડરે પ્રેરેલા શેકસપીઅરના વાચનની અસર એમાં સ્પષ્ટ છે કથાના પૂર્વભાગનો વેર્ટર રોમિયોનો, અને ઉત્તર ભાગનો વેર્ટર હૅમ્લેટનો જ જાણે કે બીજો અવતાર છે. જર્મનીમાં તો એ વેર્ટરની જેમ વસ્ત્રપરિધાન કરવાનો, પ્રેમ કરવાનો ને અંતે નિષ્ફળ થઇને આપઘાત કરવાનો વા વાયો! વેર્ટર એક 'ફૅશન' બની ગયો! દેશદેશની ભાષાઓમાં એનો અનુવાદ થયો અને સૌ ગઅટેને વેર્ટરના સર્જક રૂપે પિછાનતું થયું. સારા યે યુરોપ પર એણે એવી તો ભુરકી નાખી કે નેપોલિયન જેવો કઠોર પુરુષ પણ આ પાણીપોચા 'વેર્ટરની



ગઅટે : વૃદ્ધ ઉમરે

વેદનાઓ' સાતસાત વાર વાંચ્યા વિના ન રહી શકયો!

વેર્ટરમાં એવો તે શો જાદુ હતો? એનો ઉત્તર ગઅટેના 'હું જ્યારે અઢાર વર્ષનો હતો ત્યારે મારો સારો યે દેશ અઢારની ઉંમરનો હતો' આ એક વાકયમાંથી મળી રહે છે. જર્મનીની પ્રકૃતિનું

લેખક · અશોક હર્ષ

ક્રાન્તિનો જમાનો હતો. ફ્રાન્સ અને અમેરિકામાં એ ક્રાન્તિએ રાજકીય પલટો લીધો, પરંતુ બીજા દેશોમાં—ખાસ કરીને જર્મનીમાં એ ક્રાન્તિ કેવળ બૌદ્ધિક ક્ષેત્રમાં જ મર્યાદિત રહી. એ ક્રાન્તિ કલમની હતી, તલવારની નહિ; વિચાર-સ્વાતંત્ર્યની હતી, ક્રિયા-સ્વાતંત્ર્યની નહિ. ને એ ક્રાન્તિનો પુરોધા હતો ગઅટે.

પ્રશિષ્ટ સાહિત્યના શોખીન અને સખ્ત શિસ્તવાદી ગઅટેના પિતાની મરજી હતી તેને કાયદાનો પ્રોફેસર બનાવવાની, પરંતુ ગઅટેને નહોતો કાયદામાં રસ કે નહતો પ્રોફેસરીમાં. પિતાને રાજી રાખવા એ લાઈપત્સિશની યુનિવર્સિટીમાં પ્રવેશ્યો, પરંતુ એનો અભ્યાસ તો પુસ્તકોને બદલે ખુદ જીવનનો જ રહ્યો.

કવિતા અને ચિત્રકલા જેમ વિજ્ઞાનનો પણ એ શોખીન હતો. જોકે નાનપણથી એણે વિજ્ઞાનની કશી તાલીમ લીધેલી નહિ, છતાં વનસ્પતિશાસ્ત્ર તેમજ શરીરશાસ્ત્રમાં એણે કેટલીક શોધો કરેલી છે. એક માત્ર યુદ્ધ સિવાય માનવજાતને સ્પર્શતી તમામ વસ્તુઓમાં તેને રસ હતો એમ કહી શકાય.

નેપોલિયને જર્મની પર ચઢાઈ કરી ત્યારે યુદ્ધગીતો ન લખવાને કારણે તે સાચો દેશપ્રેમી ન હોવાનાં વાગ્બાણો એના પર વરસવા લાગેલાં. આવા વાક્પ્રહારો કરનારાઓ અંગે એણે લખેલું : 'એક વાર તેઓ મને મગરૂબ કહે છે, તો બીજી વાર અહંભાવી. કોઇ વાર ઊગતી પ્રતિભાની ઈર્ષા કરનારો, તો કોઈ વાર ઇન્દ્રિયસુખભોગી, અને કદીક ધર્મરહિત. ને હવે તેઓ મને મારા દેશ પ્રત્યેના પ્રેમથી વિરહિત ગણાવે છે. જર્મન લેખક, જર્મન શહીદ, તમને આવો બીજો નહિ મળે.'


વિવેચકોએ ભલે આરામખુરશીમાં બેઠે બેઠે ગઅટે જર્મનીને પાનો ચડાવે એવાં યુદ્ધગીતો લખી કાઢે એવી અપેક્ષા રાખી હોય, પરંતુ ગઅટે માટે એ અશક્ય હતું. એણે લખ્યું છે તેમ, 'મેં મારી કવિતામાં કદિ દંભ નથી કર્યો. જે કંઈ હું જાતે જીવેલો નથી, જે કંઈ મને ખરેખર સ્પર્શ્યું નથી, એ મેં મારાં પદ્ય કે ગદ્યમાં કદી ઉચ્ચાર્યું નથી. હું જ્યારે પ્રેમમાં હતો ત્યારે મેં પ્રેમગીતો લખ્યાં, પરંતુ તિરસ્કારમાં પડચા વિના હું તિરસ્કારનાં ગીતો કેમ લખી શકું? અને સાચું કહું તો, હું ફ્રેન્ચોને તિરસ્કારતો નહોતો—જોકે એમનાથી મુક્ત થતાં મેં પ્રભુનો પાડ માનેલો.'

ગઅટેએ પ્રેમનું નિરૂપણ કર્યું છે : શેકસપીઅર પછી બીજા કોઇએ નથી કરેલું તેવું. એ અનેક વાર અનેક સ્ત્રીઓના પ્રેમમાં પડેલો. આશાનિરાશાનાં અનેક ઝોલાં અનુભવેલાં. એના આ પ્રેમાવેશને એના વિરોધીઓ માનસિક બીમારી ગણાવતા અને એનો ઈલાજ પ્રસંગોપાત્ત સ્ત્રીસમાગમમાં દર્શાવતા. પરંતુ ગઅટે એવી પશુસામાન્ય ભૂમિકા પર ઊતરે એવો નહોતો. એનું આત્મદમન બેનમૂન હતું અને એની કવિતાનો ગૂઢ પ્રેરણાસ્રોત એ આત્મદમનનું જ કદાચ પરિણામ હતું.

જિંદગીના ઝંઝાવાતો એ ઝીલતો ને એ વીતી ગયે તે ભૂલી જતો. એણે પોતે જ કહ્યું છે કે, 'હું સાપ જેવો છું. વખત આવ્યે કાંચળી ઉતારી નાખીને નવેસરથી શરૂઆત કરું છું.'

આધ્યાત્મિક શાન્તિની શોધમાં નીકળેલા માનવી પરનું એનું મહાકાવ્ય 'ફાઉસ્ટ' તો જગતની એક અમર સાહિત્યકૃતિ છે જ, પરંતુ એની બીજી કૃતિઓ પણ ઓછી રસાસ્વાદ્ય નથી. હાઇને લખેલું છે તેમ, 'એના શબ્દો આલિંગન આપે છે, એના વિચારો ચુંબન.'

'ફાઉસ્ટ'માંનો ગઅટેનો જીવનસંદેશ માત્ર બે જ શબ્દોનો છે: 'માનવ બનો.' આજની આપણી મોટી જરૂરિયાત પણ એ જ નથી?



વનસ્પતિશાસ્ત્ર, શરીરશાસ્ત્ર વગેરે વિજ્ઞાનશાખાઓમાં કરેલી શોધો-માં ગઅટેએ દર્શાવેલી મેધાના સ્મરણતરીકે ફ્રાન્કફુર્ટ-આન-માઇનની યુનિવર્સિટીમાં 'પ્રકૃતિ-વિજ્ઞાન' માટે અપાતો 'ગઅટે-ચન્દ્રક'

વર્ણન અને વેર્ટરની માણસાઇનું દર્શન એ આ નવલકથાનું પ્રધાન આકર્ષણ છે. એના અગાઉના નાટકનો નાયક ગટ્ઝ જેમ 'મુક્તિ! મુક્તિ! રટતો મૃત્યુ પામે છે, તેમ આ નવલકથાનો નાયક વેર્ટર 'માનવતા! માનવતા'નું રટન કરતો મૃત્યુ પામે છે. આ બન્ને રચનામાં ગઅટેની રંગદર્શી કલાશૈલીએ અપૂર્વ લીલા ખેલી છે ને રૂસો-ની ફિલસૂફીની અસર પણ એવી જ અપૂર્વ ઝીલી છે. કાર્લાઇલ જેને 'અનિર્વચનીય ચંચલતા' કહે છે તે વેર્ટરમાં છે. એની પ્રાણહત્યા આલેખીને ગઅટેએ આશાવાદ પર પ્રબલ આઘાત કર્યો છે. આથી જ નિકોલાઈ લેસિંગે વેર્ટરને કરડી નજરે જોયો છે. (આપણે ત્યાં સ્વ. મેઘાણીભાઈની પણ કંઈક એવી જ નજર છે,—જોકે સહેજ જુદા કારણે.) પણ વેર્ટરનું આમ મૃત્યુ લાવવું એ જ ગઅટેના જીવન માટે જરૂરી હતું—અનિવાર્ય હતું. વેર્ટરને મારીને તો ગઅટે જીવી ગયો!

ગઅટેને-

· પૃથ્વી ·

ગટે! જગત આ નથી કવિસૂનું કદી યે રહ્યું,
અને નવ રહી મહાકવિજનો તણી યે મણા;
પરંતુ તલખી રહી ધરતીકૂખ જે કાજ એ
મહાકવિ થકી ય તું મનુકુલે મહામાનવી.
ન જર્મન રહ્યો, ન કેવલ વળી યુરોપીય તું,
અમોલું જગદાત્મઐક્ય ખુલવી જગન્નાગર!
સુદીર્ઘ તુજ જિંદગી અલખની રહી આરતી.
'પ્રકાશ, હજુ યે પ્રકાશ'તુજ ઝંખના શાશ્વતી.

પરાજય સહ્યા, સહ્યા વ્રણ અનેક કારી, છતાં
જયી વિરલ નીવડ્યો તું મનુષ્યત્વ દીપાવતો.
કશો વિજય એ! અનેક અરિસૈન્યને રોળતો
નિહાળી તુજને વિચક્ષણ વદેલ નેપોલિયઁ
બની ગલિતગર્વ કે:'નિરખ આ રહ્યો માનવી!'
સ્મરું હું ય કવિ મહાકવિ ન વા, મહામાનવી.

અશોક હર્ષ

ગઅટેના અને એના સાહિત્યના જીવનનો પૂર્વકાળ આ બે રચના-માં પરિણત થઇ પૂર્ણવિરામ પામે છે. ગઅટેના જીવન પૂરતો 'સ્ટર્મ એન્ડ ડ્રન્ગ'નો યુગ અહીં પૂરો થયો. એના જ શબ્દો (હું તો સાપ જેવો છું; કાંચળી ઉતારી નાખીને નવો દેહ ધારણ કરું છું) પ્રમાણે ગઅટેએ વેર્ટરમાં એક કાંચળી ઉતારી નાખીને નવું પ્રસ્થાન કર્યું.


ફ્રાંકફુર્ટથી એ ડયુસ્સેલડોર્ફ ગયો. ત્યાં ફ્રિટ્ઝ યાકોબીની સાથે સ્પિનોઝા વિષે ચર્ચાઓ ચાલી. કવિજન ને પ્રેમીજન હોવા ઉપરાંત ગઅટે જ્ઞાનવિજ્ઞાનમાં પણ અભ્યાસી પ્રજ્ઞાપુરુષ હતો. એટલે સ્પિનોઝાની ફિલસૂફીથી એ અત્યંત મુગ્ધ થયો. એકાએક એની આંખ આગળથી પડળનો પડદો જાણે ખસી ગયો. પ્રકૃતિ સાથે એણે હૃદયનું રસાયન કરી દીધું. સ્ત્રી ને સમષ્ટિ બધું એકાકાર થતું ગયું. જીવન ને ભાવનાઓનાં સર્વ મૂલ્યોમાં સમૂળી ક્રાંતિ આવતી ગઇ. સ્પીનોઝાની આંખે એ વિશ્વને જોતો થયો. એનો પ્રથમ ઉદ્ગાર 'ફાઉસ્ટ—એક ખંડકાવ્ય' રૂપે પ્રગટ થયો.

એ જ સમયે, ૧૭૭૪ના ડીસેમ્બરમાં, વાઇમારના ગ્રાંડ ડ્યૂક કાર્લ ઑગસ્ટે એને આમંત્રણ આપ્યું. ફરી '૭૫ ના ઑક્ટોબરમાં આગ્રહપૂર્વકનું આમંત્રણ આપ્યું. આમ બબ્બે વારના નિમંત્રણને માન આપી, લીલી રૅાનમાનની સ્મૃતિથી સભર એવા ફ્રાન્કફુર્ટનો ત્યાગ કરીને ૧૭૭૫ની ૭મી નવેમ્બરે એ સદાને માટે વાઇમારમાં જઇ વસ્યો. સૂક્ષ્મ જગતમાં જેમ સ્પિનોઝાને કારણે એ ઊગરી ગયો, એમ સ્થૂલ જગતમાં આ ડયૂકને કારણે એ ઊગરી ગયો. ડયૂકના નિમંત્રણના તેના આ સ્વીકારથી સારા યે જર્મનીને આશ્ચર્ય થયું. એક નાના ઠાકોર સાથેના આ રજવાડી સ્નેહસંબંધ સામે ઘણાએ સટીક રોષ પ્રગટ કર્યો. પણ જે બહુમાનથી અઢાર વર્ષના ડ્યૂકે ગઅટેને આ-વકાર્યો એ પરથી ગઅટેએ પોતાનું સ્વમાન સાચવ્યાની પ્રતીતિ થાય છે. વાઇમાર આવીને ગઅટેએ દસ વર્ષ કવિતાને વિસારી દીધી અને રાજકારભારને વધાવી લીધો. યુદ્ધમંત્રી, નાણાંમંત્રી, ઉદ્યોગમંત્રી, ન્યાયમંત્રી અને મુખ્ય મંત્રી, એમ અનેકવિધ સ્વરૂપે એણે સ્હેજમાં ત્યાં રાજગુરુનું પદ પ્રાપ્ત કરી લીધું. વળી અનેકવિધ સંસ્કારપ્રવૃત્તિઓ પણ ત્યાં જન્માવી ને જમાવી. જ્યાંથી નજીકના ભવિષ્યમાં જગતને બીજા એક પ્રતિભાશાળી નાટ્યકારની કૃતિઓ ભેટ થવાની હતી એ વાઇમારનું નાટક-ઘર સ્થાપીને એનું સંચાલન પણ તેણે હાથમાં લીધું. 'ગઅટે ગેસેલશાફ્ટ' નામની ગઅટે-સાહિત્યનો સ્વાધ્યાય કરતી સંસ્થાની પણ ત્યાં સ્થાપના કરી. આમ, વાઇમાર યુરોપની સંસ્કાર-યાત્રાનું તીર્થસ્થાન બની ગયું. પણ સૌથી વધુ લાભ તો (એને અને 'ફાઉસ્ટ'ના અંતને) ગ્રામજનોની સાથે ત્યાં એણે જે તદ્રુપતા સાધી એથી થયો. અન્ય કોઈ કવિએ કદી સામાન્ય માનવીના જીવનમાં આટલો રસ કદાચ નહિ લીધો હોય! ઉઘાડા આકાશ હેઠળ અને મુક્ત ધરતી પર ગ્રામજનો સાથે અહીં એણે અનેકવાર જે નૃત્ય કર્યું એનો તાલ એના જીવનમાં અને કાવ્યના ઉત્તરભાગમાં પુરાતો ગયો. આ સ્વચ્છંદી ભ્રમણમાં એને સંયમ અને નિયમનનો બોધપાઠ સમ-જાયો, જેને એ 'કઠોર આનન્દ' કહીને ઓળખાવતો.

'સંયમ નિયમથી જ માત્ર પ્રાપ્ત થાય છે.'
'સ્વયં સર્જનહાર પણ સંયમમાં પ્રગટ થાય છે.'
'સંયમમાંથી જ સાચા કવિ, કળાકાર ને માનવીનો જન્મ થાય છે.'

એ એનું રટન થઈ પડ્યું. આ સામાન્ય માનવીઓ પાસેથી એ મરીને જીવવાનો મંત્ર પામ્યો: 'મરી અને તરી જવું!'

સાહિત્યસૃષ્ટિમાં જેવો હેર્ડરના મિલનનો પ્રસંગ, એવો જ પ્રણય-સૃષ્ટિમાં અહીં શાર્લોટના મિલનનો પ્રસંગ ઉપસ્થિત થયો. શાર્લોટ



ગટેના અભ્યાસનો—લેખનવાચનનો ઓરડો

ફૉન સ્ટાઈન નામની તેત્રીસ વર્ષની રમણીના એ પ્રેમમાં પડ્યો, અને જીવનમાં કદી જડ્યો ન હતો એવો પ્રેમનો અર્થ એને જડી આવ્યો. 'Reinheit'(પવિત્રતા)અને Friende(શાંતિ)–આ કાળમાં વારંવાર એણે ઉચ્ચારેલા આ બે શબ્દો એના મનની પરિસ્થિતિનાં તથા એની અનુભૂતિનાં અત્યંત સૂચક પ્રતીકો છે. પવિત્રતાની આ પ્રેરણાને અંતે શાંતિની જે ઝંખના જાગી એ ૧૭૮૩માં જીકેલહેનની ટેકરી પર એક બારી પાસે પેન્સિલથી લખેલા એના આ નાના કાવ્યમાં અંકિત થઈ છે. એનાં સર્વશ્રેષ્ઠ બાર ગીતોમાં એની ગણના થાય છે:


Wanderer's Night-Song : રખડૂનું રાત્રિગાન

On the hill	આ શૃંગનો પ્રાન્ત
All is still.	કરો પ્રશાન્ત!
In the trees	ને વૃક્ષને પલ્લવ પુંજપુંજે
Scarce a breeze.	ન હવા ય ગુંજે!
The birds in the woods have ceased their song	વિહંગનાં ગાન શમી ગયાં રે
And sought their nest.	ને નીડમાં સૌ વિરમી ગયાં રે!
Patience a little;—ere long	હે ચિત્ત, તું ક્ષણ રહે ધૃતિને અધીન,
Thou too shalt rest.	તું યે થશે પરમ શાંતિ મહીં જ લીન!

'ઇશ્વર પર સાચો પ્રેમ રાખનારે બદલામાં ઈશ્વરના પ્રેમની અપેક્ષા હરગીઝ રાખવી ન ઘટે', એ સ્પિનોઝાના સૂત્રની સાચી પ્રતીતિ એને શાર્લોટના પ્રીતિયોગે કરાવી. આમ, શાંત પ્રેમના પવિત્ર સૌંદર્યથી એનું વિશ્વ રંગાઇ ગયું.

આ ભક્તિયોગની સાથેસાથે જ એણે જ્ઞાનયોગ પણ પ્રગટાવ્યો હતો. કાવ્યના બ્રહ્માનંદ જેવો જ વિજ્ઞાનનો એનો આનંદ પણ અનહદ હતો. અને કષ્ટસાધ્ય સંશોધનને અંતે એણે જ્યારે વનસ્પતિ અને મનુષ્યની ઉત્ક્રાંતિનાં મૌલિક પ્રતિપાદન સિદ્ધ કર્યાં ત્યારે એક કવિ પાસેથી મળતી આવી વિજ્ઞાનસિદ્ધિ જોઇને તો ઘડીભર જર્મની આશ્ચર્યમુગ્ધ થઇ ગયું. પ્રથમ લાઇપત્સિશમાં ને પછી ફ્રાન્કફોર્ટમાં અંકુરિત થએલો ને વિજ્ઞાનની મૌલિક શોધમાં પરિણમતો એવો એનો આ વિકાસ પણ એને પ્રકૃતિનાં અંતરતમ રહસ્યોનો રસ પ્રેરનાર સ્પિનોઝાની ફિલસૂફીને જ આભારી છે.

વાઈમારમાં વસ્યા પછી આસપાસના પર્વતોમાં એણે બે પ્રવાસો કર્યા. ૧૭૭૭માં 'હાર્ઝ' પર્વતોમાં, અને ૧૭૭૯માં સ્વિટ્ઝરલૅન્ડના આલ્પ્સ પર્વતોમાં. પણ ગટેના હૃદયપલટાની પ્રક્રિયાને સ્થાયી ને અંતિમ રૂપ આપનાર ઈટાલીના પ્રવાસનો તો છેક ૧૭૮૬માં આરંભ થયો. શાર્લોટની આત્મીયતાથી અંકિત 'ઇફીજીની ઑફ ટૌરિસ' અને 'તોર્કાતો તાસ્સો'ની અપૂર્ણ નાટ્યકૃતિઓ તથા ફાઉસ્ટનું અપૂર્ણ ખંડકાવ્ય, એ ત્રણે કૃતિ પ્રવાસમાં સાથે હતી. અચાનક જ અલોપ થવાનો ગટેનો સ્વભાવ હતો. એ પ્રમાણે એ ક્યારે આલ્પસની પેલી પાર પહોંચી ગયો એ વિષે વાઇમાર અજાણ જ રહ્યું. એક દસકાના અવિરત કર્મજીવનમાંથી અને કીર્તિના વળગાડમાંથી જાણે એ ભાગી છૂટ્યો; ત્યાં લગી કે ભૂતકાળથી બચવા 'મોલેર'નું બનાવટી નામ ધારણ કર્યું. આ કલાન્ત કવિને ઈટાલીની કાંતિએ મુગ્ધ કર્યો. અંતે એણે અકર્મને પ્રસન્ન મને અંજલિ અર્પી—જાણે કે કર્મની કાંચળી ઉતારી નાખી! ઈટાલીના એ તેજોજ્જ્વલ આકાશ હેઠળ, પ્રાચીન અવશેષોના સાન્નિધ્યમાં, આલ્પ્સની નીરવતાનું પાન કરતો ગટેનો



ગઅટેએ આલેખેલું સ્વિટ્ઝર્લૅાંડના એક દશ્યનું ચિત્ર

આત્મા શું શું અનુભવી રહ્યો હશે એની તો વાઈમારની ધૂંધળી શેરીઓમાં વસતી શાર્લોટને કલ્પના યે ક્યાંથી હોય? ફ્લૉરેન્સ, વેનીસ, નેપલ્સ, રોમ, એમ ઠેરઠેર પ્રાચીન સંસ્કૃતિના પુરસ્કર્તા વિન્કલમાનની ભાવનાઓથી સભર એવું હૃદય લઇને ભમતા ગઅટેના પ્રફુલ્લ મનની પરિતૃપ્તિના જ આ ઉદ્‌ગાર છે: 'અહીં સૂર્ય ઉષ્માભર્યો છે, અને ફરી એક વાર ઇશ્વરના અસ્તિત્વની શ્રદ્ધા અહીં દૃઢ થાય છે.' ઇટાલીના આ પ્રસન્નોજ્જ્વલ પ્રકાશમાં એવું તો કોઇ અદ્‌ભુત રસાયન રહેલું હતું કે જેથી ધરતી ને આભ બધુંય એક સમરસ થઇ ગયું. અહીં જ એણે હેલનને પૃથ્વી પરથી વિદાય થતી અને અંતે ઓગળી જતી જોઈ હશે. અહીં રંગદર્શી કવિની કળા હવે પછી દર્શનરંગી થવાની આગાહી આપી રહે છે. ઇટાલીના આકાશનું અજવાળું અને મીલાનની કાળી કીકીઓવાળી ફૅાસ્ટીનાના પ્રણયની સ્મૃતિ હૃદયમાં સંઘરીને એ બે વર્ષને અંતે વાઇમાર પાછો આવ્યો.


હવે વાઈમાર એને નિષ્પ્રાણ, ઉષ્માહીન ને ધૂંધળું લાગ્યું અને પોતે ખોવાએલા જેવો લાગ્યો. શાર્લોટ તો એનો આ નવો અવતાર જોઇને આભી જ બની ગઇ. લાવા ફુત્કારતો એની લાગણીનો જ્વાળામુખી ઠરીને હિમાલયમાં પલટાઈ ગએલો એને લાગ્યો. ને ત્યાં તો આખા યે વાઈમાર પર જાણે કે વીજળી પડી! એ વીજળી ગઅટે અને ક્રિસ્ટીઆની વુલ્પીઅસના મિલનમાંથી પ્રગટી.

ઇટાલીથી આવ્યે એકાદ મહિનો થયો હતો, અને એના જીવનમાં કે કાવ્યમાં કોઇને રસ રહ્યો ન હતો ત્યારે, ઉદાસ મને એ એક જાહેર બગીચામાં બેઠો હતો ત્યાં, વાઇમારના એક સમયના આ પ્રજાપાલક પાસે એક ગભરુ બાળા રક્ષણાર્થે આવી. લોક જેને ડાઓનીસના લાડીલા નામે સંબોધતું તે જ આ ક્રિસ્ટીઆની. એના પરના પ્રથમ દૃષ્ટિપાતે જ ગઅટેને મિલાનની ફૅાસ્ટીનાની યાદ આવી ગઈ. એની આંખોમાં એણે ઇટાલીનું પ્રકાશ પાથરતું આકાશ જોયું. શેલીના શબ્દોમાં ગઅટે એની આંખોને 'Twin mirrors of Italian heaven' કહી શક્યો હોત! એકાએક, વીસ વર્ષની આ માલણકન્યા સાથે પોતાના ઘરમાં જ એણે સહજીવન શરુ કર્યું. એની સાથે જ શાર્લોટની ચૌદ વર્ષની મૈત્રી વિરામ પામી ને વાઈમારની પ્રજાનો રોષ ઉદય પામ્યો. ગમે તે ભોગે પણ એ ઇટાલીને ભૂલવા માગતો નહોતો,–ત્યાં લગી કે ઇટલીના રંગસૌંદર્યની સ્મૃતિ જીવંત રાખવા એ રસાયણશાસ્ત્રની મીમાંસા કરતો થયો. જેમ પૂર્વકાળની રંગદર્શી કળા ગટ્ઝ ને વેર્ટરમાં પરિણત થઇ તેમ આ 'મધ્યાહ્નકાળની દર્શનરંગી કળા 'ઇફીજીની ઑફ ટૌરીસ', 'એગમોન્ટ' અને 'તોર્કાતો તાસ્સો'-માં પરિણત થઈ. ૧૭૯૦માં 'ફાઉસ્ટ–આયન ફ્રાગમેન્ટ' (ફાઉસ્ટ–એક ખંડક) પ્રગટ થયું. ૧૭૯૨માં ડ્યૂકના આદેશથી યુદ્ધમાં સૈનિકપદ સ્વીકાર્યું અને તત્કાલ કાવ્યને વિસાર્યું.

આમ હેર્ડર, શાર્લોટ અને ડ્યૂક સૌની હૂંફ ખોઇ બેઠેલા અને ક્રિસ્ટીઆનીના સાથેના સહજીવનથી સમાજનો રોષ વહોરી બેઠેલા ગઅટેના જીવનમાં ફરી એક પરિવર્તનકારી બનાવ બન્યો. ૧૭૯૪માં Die Horen (દી હૉરેન) પત્ર માટે લખવાનું એના તંત્રી શિલરનું એને આમંત્રણ મળ્યું. એના નીરસ પ્રાણમાં જાણે નવી ચેતનાનો સંચાર થયો. જર્મનીના એ ખ્યાતનામા કવિ શિલર સાથેની ગઅટેની આ મૈત્રી સાહિત્યસૃષ્ટિની અતિવિરલ મૈત્રી બની ગઇ. શરૂમાં શંકાશીલ મનની સ્પર્ધાઓથી જન્મેલી આ મૈત્રી અંતે તો એટલી ઉત્કટ બની ગઈ કે બેમાંથી એક મિત્ર માંદો હોય તો સામાને દુઃખકર ન થાય એ હેતુથી તેના ખબર જ ન આપવાની નાજુકાઇ સુધી તે પહોંચી. જોકે બન્નેના રુચિતંત્રમાં બહુ ફરક હતો. ગઅટે સ્વાનુભવથી સમાજની નાડ પારખી ગયો હતો. એથી એ પ્રજાકારણમાં નિરુત્સાહી ને ઉદાસ બની ગયો હતો. જ્યારે શિલર તો 'Ode to Joy' લખીને બેઠો હતો! ગઅટેને યુદ્ધશાસ્ત્રથી યે વધુ રસ રસાયણશાસ્ત્રમાં હતો. પોતે ફાઇસ્ટ અને લ્યૂથરને માર્ગે છે એમ એ માનતો. પ્રજાના કૃત્રિમ ઉન્માદમાં એને ઉત્સાહ ન હતો. જ્યારે શિલર પ્રજાકારણ પ્રત્યે અતિ ઉત્સાહી, યુવાનોમાં અતિપ્રિય ને આદર્શઘેલો હતો. વાસ્તવ સાથે શિલરની આ સમાધાનવૃત્તિ ને ગઅટેની સંઘર્ષવૃત્તિ, પ્રથમ મિલનમાં જ એ બંને મિત્રો પરસ્પર પામી ગયા. છતાંએ વિરોધી તટોની વચમાં સ્નેહસરિતા તો વહેતી જ ચાલી. વાઇમારના નાટકઘરમાં શિલરની કરુણ રસ વહાવતી અમર નાટ્યકૃતિઓ ને ગઅટેની વિપુલ મહાસાગરની ઊર્મિઓ જેવી કવિતા દિનપ્રતિદિન ઊભરાતી ચાલી. શિલરની પ્રેરણાથી ગઅટેની કૃતકૃત્યતાએ ઓગણપચાસની વયે કાઢેલો આ ઉદ્‌ગાર છે: 'તેં મને બીજી જુવાની આપી અને મારામાં મૃતપ્રાયઃ થએલા કવિને તેં સજીવન કર્યો.'

પણ વચમાં મનોમન પોતાનું એક નિરાળું જગત સર્જી રહેલા આ બન્ને કવિ-મિત્રોને જગતે જાકારો દીધાની એક દુઃખદ ઘટના બની ગઈ. દી હૉરેનની પડતીના દિવસમાં એને જીવાડવાને ગઅટેએ એ પત્રમાં મિલાનની ફૅાસ્ટીનાની ઉન્માદક સ્મૃતિમાંથી પ્રાચીન છંદશૈલીમાં રચેલી Roman Elegies (જે પરથી ગઅટે The Pagan ને નામે ઓળખાયો તે) પ્રસિદ્ધ કરી. એમાં એણે પાગલની જેમ પ્રેમને પુરસ્કારતું જયગાન કરી સમાજનું સગર્વ અપમાન કર્યું. પરિણામે પ્રજાએ ગઅટેની 'સાહિત્યકૃતિઓ'ની નકલો સળગાવી દીધી અને દી હૉરેનનો અંત વહેલો આવ્યો. આથી શિલર ને ગઅટેનો પુણ્યકોપ પણ સળગી ઊઠ્યો. બંનેએ મળીને Xenien (ત્સેનિયેન)નું સહલેખન કર્યું અને તેનાં મુક્તકોમાં સમાજની ક્રૂરમાં ક્રૂર હાંસી કરી. ૧૭૯૭માં ગઅટેએ કટાક્ષમય હાસ્યરેલાવતું બાયરનના 'ડૉન યુઆન' જેવું 'હેરમાન ઉન્ડ ડોરોથીઆ' નામનું સર્વાંગસુન્દર સળંગ કાવ્ય પ્રગટ કર્યું. શિલરે એને જર્મનીનું મહાકાવ્ય કહ્યું. આ જ પુણ્યકોપથી પ્રેરાઇને આ બન્ને કવિબંધુઓએ અનેક 'બૅલેડ' રચી. એમાં શિલર વધુ સફળ થયો.

પણ દસ વર્ષના આ મૈત્રીકાળમાં એમનો (અનુ૦ પૃ. ૨૯૦મે)



ગટેએ આલેખેલું સ્વિટ્ઝર્લૅંડના એક દૃશ્યનું ચિત્ર

આત્મા શું શું અનુભવી રહ્યો હશે એની તો વાઈમારની ધૂંધળી શેરીઓમાં વસતી શાર્લોટને કલ્પના યે ક્યાંથી હોય? ફ્લૉરેન્સ, વેનીસ, નેપલ્સ, રોમ, એમ ઠેરઠેર પ્રાચીન સંસ્કૃતિના પુરસ્કર્તા વિન્કલમાનની ભાવનાઓથી સભર એવું હૃદય લઇને ભમતા ગટેના પ્રફુલ્લ મનની પરિતૃપ્તિના જ આ ઉદ્ગાર છે: 'અહીં સૂર્ય ઉષ્માભર્યો છે, અને ફરી એક વાર ઇશ્વરના અસ્તિત્વની શ્રદ્ધા અહીં દૃઢ થાય છે.' ઇટાલીના આ પ્રસન્નોજ્જ્વલ પ્રકાશમાં એવું તો કોઇ અદ્ભુત રસાયન રહેલું હતું કે જેથી ધરતી ને આભ બધું ય એક સમરસ થઇ ગયું. અહીં જ એણે હેલનને પૃથ્વી પરથી વિદાય થતી અને અંતે ઓગળી જતી જોઈ હશે. અહીં રંગદર્શી કવિની કળા હવે પછી દર્શનરંગી થવાની આગાહી આપી રહે છે. ઇટાલીના આકાશનું અજવાળું અને મીલાનની કાળી કીકીઓવાળી ફૅસ્ટીનાના પ્રણયની સ્મૃતિ હૃદયમાં સંઘરીને એ બે વર્ષને અંતે વાઇમાર પાછો આવ્યો.

હવે વાઈમાર એને નિષ્પ્રાણ, ઉષ્માહીન ને ધૂંધળું લાગ્યું અને પોતે ખોવાએલા જેવો લાગ્યો. શાર્લોટ તો એનો આ નવો અવતાર જોઇને આભી જ બની ગઇ. લાવા ફુત્કારતો એની લાગણીનો જ્વાળામુખી ઠરીને હિમાલયમાં પલટાઈ ગએલો એને લાગ્યો. ને ત્યાં તો આખા યે વાઈમાર પર જાણે કે વીજળી પડી! એ વીજળી ગટે અને ક્રિસ્ટીઆની વુલ્પીઅસના મિલનમાંથી પ્રગટી.

ઇટાલીથી આવ્યે એકાદ મહિનો થયો હતો, અને એના જીવનમાં કે કાવ્યમાં કોઇને રસ રહ્યો ન હતો ત્યારે, ઉદાસ મને એ એક જાહેર બગીચામાં બેઠો હતો ત્યાં, વાઇમારના એક સમયના આ પ્રજાપાલક પાસે એક ગભરૂ બાળા રક્ષણાર્થે આવી. લોક જેને ડાઓનીસના લાડીલા નામે સંબોધતું તે જ આ ક્રિસ્ટીઆની. એના પરના પ્રથમ દૃષ્ટિપાતે જ ગટેને મિલાનની ફૅસ્ટીનાની યાદ આવી ગઈ. એની આંખોમાં એણે ઇટાલીનું પ્રકાશ પાથરતું આકાશ જોયું. શેલીના શબ્દોમાં ગટે એની આંખોને 'Twin mirrors of Italian heaven' કહી શક્યો હોત! એકાએક, વીસ વર્ષની આ માલણકન્યા સાથે પોતાના ઘરમાં જ એણે સહજીવન શરૂ કર્યું. એની સાથે જ શાર્લોટની ચૌદ વર્ષની મૈત્રી વિરામ પામી ને વાઈમારની પ્રજાનો રોષ ઉદય પામ્યો. ગમે તે ભોગે પણ એ ઇટાલીને ભૂલવા માગતો નહોતો,–ત્યાં લગી કે ઇટલીના રંગસૌંદર્યની સ્મૃતિ જીવંત રાખવા એ રસાયણશાસ્ત્રની મીમાંસા કરતો થયો. જેમ પૂર્વકાળની રંગદર્શી કળા ગટ્ઝ ને વેર્ટરમાં પરિણત થઇ તેમ આ 'મધ્યાહ્નકાળની દર્શનરંગી કળા ઇફીજીની ઑફ ટૌરીસ', 'એગમોન્ટ' અને 'તોર્કાતો તાસ્સો'માં પરિણત થઈ. ૧૭૯૦માં 'ફાઉસ્ટ–આયન ફ્રાગમેન્ટ' (ફાઉસ્ટ–એક ખંડક) પ્રગટ થયું. ૧૭૯૨માં ડ્યૂકના આદેશથી યુદ્ધમાં સૈનિકપદ સ્વીકાર્યું અને તત્કાલ કાવ્યને વિસાર્યું.

આમ હેર્ડર, શાર્લોટ અને ડ્યૂક સૌની હૂંફ ખોઇ બેઠેલા અને ક્રિસ્ટીઆનીના સાથેના સહજીવનથી સમાજનો રોષ વહોરી બેઠેલા ગટેના જીવનમાં ફરી એક પરિવર્તનકારી બનાવ બન્યો. ૧૭૯૪માં Die Horen (દી હૉરેન) પત્ર માટે લખવાનું એના તંત્રી શિલરનું એને આમંત્રણ મળ્યું. એના નીરસ પ્રાણમાં જાણે નવી ચેતનાનો સંચાર થયો. જર્મનીના એ ખ્યાતનામા કવિ શિલર સાથેની ગટેની આ મૈત્રી સાહિત્યસૃષ્ટિની અતિવિરલ મૈત્રી બની ગઇ. શરૂમાં શંકાશીલ મનની સ્પર્ધાઓથી જન્મેલી આ મૈત્રી અંતે તો એટલી ઉત્કટ બની ગઈ કે બેમાંથી એક મિત્ર માંદો હોય તો સામાને દુઃખકર ન થાય એ હેતુથી તેના ખબર જ ન આપવાની નાજુકાઇ સુધી તે પહોંચી. જોકે બન્નેના રુચિતંત્રમાં બહુ ફરક હતો. ગટે સ્વાનુભવથી સમાજની નાડ પારખી ગયો હતો. એથી એ પ્રજાકારણમાં નિરુત્સાહી ને ઉદાસ બની ગયો હતો. જ્યારે શિલર તો 'Ode to Joy' લખીને બેઠો હતો! ગટેને યુદ્ધશાસ્ત્રથી યે વધુ રસ રસાયણશાસ્ત્રમાં હતો. પોતે ફાઇસ્ટ અને લ્યૂથરને માર્ગે છે એમ એ માનતો. પ્રજાના કૃત્રિમ ઉન્માદમાં એને ઉત્સાહ ન હતો. જ્યારે શિલર પ્રજાકારણ પ્રત્યે અતિ ઉત્સાહી, યુવાનોમાં અતિપ્રિય ને આદર્શઘેલો હતો. વાસ્તવ સાથે શિલરની આ સમાધાનવૃત્તિ ને ગટેની સંઘર્ષવૃત્તિ, પ્રથમ મિલનમાં જ એ બંને મિત્રો પરસ્પર પામી ગયા. છતાંએ વિરોધી તટોની વચમાં સ્નેહસરિતા તો વહેતી જ ચાલી. વાઇમારના નાટકઘરમાં શિલરની કરુણ રસ વહાવતી અમર નાટ્યકૃતિઓ ને ગટેની વિપુલ મહાસાગરની ઊર્મિઓ જેવી કવિતા દિનપ્રતિદિન ઊભરાતી ચાલી. શિલરની પ્રેરણાથી ગટેની કૃતકૃત્યતાએ ઓગણપચાસની વયે કાઢેલો આ ઉદ્ગાર છે: 'તેં મને બીજી જુવાની આપી અને મારામાં મૃતપ્રાય: થએલા કવિને તેં સજીવન કર્યો.'

પણ વચમાં મનોમન પોતાનું એક નિરાળું જગત સર્જી રહેલા આ બન્ને કવિ-મિત્રોને જગતે જાકારો દીધાની એક દુઃખદ ઘટના બની ગઈ. દી હૉરેનની પડતીના દિવસમાં એને જીવાડવાને ગટેએ એ પત્રમાં મિલાનની ફૅસ્ટીનાની ઉન્માદક સ્મૃતિમાંથી પ્રાચીન છંદશૈલીમાં રચેલી Roman Elegies (જે પરથી ગટે The Pagan ને નામે ઓળખાયો તે) પ્રસિદ્ધ કરી. એમાં એણે પાગલની જેમ પ્રેમને પુરસ્કારતું જયગાન કરી સમાજનું સગર્વ અપમાન કર્યું. પરિણામે પ્રજાએ ગટેની 'સાહિત્યકૃતિઓ'ની નકલો સળગાવી દીધી અને દી હૉરેનનો અંત વહેલો આવ્યો. આથી શિલર ને ગટેનો પુણ્યપ્રકોપ પણ સળગી ઊઠ્યો. બંનેએ મળીને Xenien (ત્સેનિયેન)નું સહલેખન કર્યું અને તેનાં મુક્તકોમાં સમાજની ક્રૂરમાં ક્રૂર હાંસી કરી. ૧૭૯૭માં ગટેએ કટાક્ષમય હાસ્ય રેલાવતું બાયરનના 'ડૉન યુઆન' જેવું 'હેરમાન ઉન્ડ ડોરોથીઆ' નામનું સર્વાંગસુન્દર સળંગ કાવ્ય પ્રગટ કર્યું. શિલરે એને જર્મનીનું મહાકાવ્ય કહ્યું. આ જ પુણ્યપ્રકોપથી પ્રેરાઇને આ બન્ને કવિબંધુઓએ અનેક 'બૅલડ' રચી. એમાં શિલર વધુ સફળ થયો.

પણ દસ વર્ષના આ મૈત્રીકાળમાં એમનો (અનુ૦ પૃ. ૨૮૦મે)

લાલ પોતે પણ એમ માનતો. શા માટે ન માને? માધવજી પટેલ જેવા અડીખમ બાપ જ્યાં સુધી જીવતા જાગતા બેઠા હોય ત્યાં સુધી તેમનો એકનો એક દીકરો શા માટે સ્વપ્નાં ન સેવે? તેનું ભણવાનું ભવિષ્ય ઊજળું હતું; તેના બાપ પૈસાદાર ગણાતા હતા; ઉપરાંત...ઉપરાંત...રામલાલની આંખો સામે તેના મનમાં જીવની પેઠે જડાઈ ગએલો એક પ્રસંગ તરવરી રહ્યો.

ત્યારે પોતાની ઉમર બહુ મોટી નહોતી. હજી તો ગુજરાતી નિશાળમાં જ ભણતો હતો. એક દિવસ ચારપાંચ ગોઠિયાઓ સાથે રખડવા નીકળી પડયો હતો. રસ્તામાં એક જાંબુડો જોયો. તેના ઉપર ખાસ્સાં લીંબુ જેવડાં કાળાંકાળાં જાંબુ હીલોળા લઇ રહ્યાં હતાં. વળી તે ખાસ ઊંચે પણ નહોતાં. પથરા મારીને સહેલાઈથી પાડી શકાય. કોઈનું પણ મન લોભાઈ જાય એવી વાત હતી. અને બધા પાછા રખડવા નીકળેલા. જે થાય તે ખરી. પકડાઇ જશું તો બે ધોલ ખાઈ લેશું, એવો વિચાર કરી બધા વાડ કુદાવીને અંદર ગયા.

હજી તો પથરા મારવાની શરૂઆત જ કરી હતી ને દસ બાર જાંબુ જ આરોગ્યાં હતાં ત્યાં તો કશેકથી એક નાનકડી છોકરી દોડતી આવી. દસેક વર્ષની એની ઉમર હશે. ચોળી-ચણિયો પહેરેલાં. હજી ઓઢણી પહેરવા જેટલી ઉંમર નહોતી. તેણે આવીને માલિકના રૂઆબથી બધાને ધમકાવવા માંડયા.

છોકરાઓ પહેલાં તો આ નાનકડી છોકરીની હિંમતથી સ્તબ્ધ થઈ ગયા. પણ પછી ખિજાઈ ગયા. તેમણે છોકરીને મારવા માંડી. છોકરીએ ચીસાચીસ કરી મૂકી. આ નમણી ને નાનકડી છોકરી ઉપર થતો જુલમ પોતાથી ન જોવાયો. પોતે વચ્ચે જઇને છોકરીની આગળ ઊભો રહ્યો.

'ખસી જા રામુ!' એક ભાઇબંધે કહ્યું.

'નહિ ખસું.' પોતે બોલ્યો.

'તે તારી કોક સગલી થતી હશે, નહિ?' ભાઇબંધે ટાણો માર્યો: 'ખસે છે કે નહિ? નહિ તો તને પણ સ્વાદ ચખાડવો પડશે.'

'મોઢું સંભાળ!' પોતે પોતાની પાછળ ભરાતી છોકરીના હાથને સહેજ દબાવી તેને હિંમત આપતાં કહ્યું, 'મારી સગી નહિ હોય તેમાં શું? આનો શો વાંક છે? 'હું તો આ ઊભો; થાય તે કરી લે.'

'એમ? તો લેતો જા' કરીને તેના ભાઇબંધોએ તેના પર હુમલો કર્યો. છોકરીએ વળી ચીસાચીસ કરી મૂકી. થોડી વાર ધમસાણ ચાલ્યું, એટલામાં છોકરીનો બાપ ચડી આવ્યો. બીજા બધા છોકરા વાડ ઠેકીને ભાગી ગયા. પોતે લડતાં લડતાં એટલો બધો થાકી ગયો હતો કે દોડી શકાય એમ નહોતું. જ્યાં હતો ત્યાં ને ત્યાં ઊભો જ રહ્યો. 'હરામખોર! જાંબુ ચોરવા આવ્યો છે? ક્યાં ગયા બીજા બધા?' છોકરીના બાપે તેને મારવા લીધો. પણ છોકરીએ તેને અટકાવ્યા: 'બાપા એને નૈ મારતા. એ તો મારી તરફથી લડતો'તો' કહી પોતાના અને રામલાલના શરીર પર પડેલા ઊઝરડા બતાવ્યા.

'એમ! શાબાશ.' છોકરીના બાપે કહ્યું. અને થોડી વાર તેની સામે તાકી રહ્યા પછી પૂછ્યું, 'અલ્યા, કોનો છોકરો છે?'

'માધવજી પટેલનો.' પોતે કહ્યું.

અને વીજળી પડી હોય તેમ છોકરી અને તેનો બાપ સ્તબ્ધ થઇ ગયાં. છોકરી તરત બે હાથમાં મોં છુપાવી દોડી ગઈ. પછી એના બાપે કહ્યું, 'ઓહો, ચાલો ચાલો ઘરમાં આવશો?'

'કેમ?'

'કાંઈ નહિ, ચાલો તો ખરા ને જરા ચા બા પીને જજો. માધવજી પટેલને અને મારે સારી દોસ્તી છે.' કહી પોતાને ઘરમાં લઇ જઇ ચાનાસ્તો કરાવીને થોડાંક પાકાં જાંબુ બંધાવીને ઘેર મોકલ્યો.

ઘેર આવીને ભાઈબંધોને પોતે આ વાત કરી તો બધા હસી પડયા. કલાક અગાઉ પોતે જેની સામે થયો હતો તેણે પોતાનો વાંસો થાબડયો અને કહ્યું, 'શાબાશ, ખરો વરરાજો!'

'એટલે?' પોતાને કશી સમજ પડી નહિ.

'એટલે શું?' પેલાએ હસતાંહસતાં કહ્યું 'તું તારે ભવિષ્યને સાસરે ચા પી આવ્યો. પેલી છોકરી તે તારી...'

વધારે સ્પષ્ટતા કરવાની જરૂર નહોતી. પોતે શરમાઇને દોડી ગયો.

આ પ્રસંગ યાદ આવતાં રામલાલનો ચહેરો અત્યારે આઠ વર્ષ પછી પણ હસી ઊઠયો. તેને યાદ આવ્યું. પછી કેટલાં વરસ સુધી અવારનવાર તેને સાસરેથી જાંબુની ટોપલીઓ આવ્યા કરતી. જાંબુ મીઠાં લાગતાં, પણ તે દિવસની યાદ તો એથી પણ મીઠી લાગતી. કેટલી સુંદર હતી પોતાની વહુ? નામ પણ કેટલું સુંદર હતું? ગૌરી...

ટ્રિંગ ટ્રિંગ...કૅબિનમાંના ટેલીફોનની ઘંટડી વાગી અને રામલાલ પોતાની વિચારતંદ્રામાંથી ઝબકી ઊઠયો.

ટ્રિંગ ટ્રિંગ...ટ્રિંગ ટ્રિંગ...ફરીથી ઘંટડી વાગી. તેણે રીસીવર ઉપાડયું. સંતરોડના સ્ટેશન માસ્તરનો ફોન હતો.

'એલાવ, એલાવ...વૉટ? ફોર અપ લેફ્ટ? ફ્રન્ટિયર લેફ્ટ?.... ઑલ રાઈટ, ઑલ રાઈટ...યસ, ઑલ કલીઅર, ઑલ ઓ. કે.' તેણે રીસીવર મૂકી દીધું.

ફ્રન્ટિયર મેલ સંતરોડથી નીકળી ચૂકયો હતો. હવે પાંચેક મિનિટમાં જ આવી પહોંચવો જોઇએ. ફ્રન્ટિયર મેલ..તે વિચારી રહ્યો...

એમ તો રોજ અહીંથી ફ્રન્ટિયર મેલ પસાર થતો હતો પણ આજે ...આજે એમાં ગૌરીના વરની જાન પસાર થવાની હતી...

ગૌરીનો વર! તેનું મગજ કામ નહોતું કરતું...માધવજી પટેલ અચાનક મૃત્યુ પામ્યા ત્યારે જ બધાને ખબર પડી કે એમનો ભપકો નામનો જ હતો. રામલાલ માટે એ એકેય પૈસો નહોતા મૂકી ગયા. ઉલટાનું સારીપેઠે દેવું કરતા ગયા હતા. રામલાલને શાળા છોડી દેવી પડી અને નાની ઉંમરે આવી નીરસ નોકરી લઇ લેવી પડી. પણ એનું તેને એટલું બધું દુ:ખ નહોતું. એને ખરું તો સાલતું હતું ગૌરીના બાપે પોતાનું કરેલું અપમાન.

ગૌરીનો બાપ કંજૂસ હતો. સારું ઘર અને પૈસો જોઇને એણે પોતાની છોકરીની સગાઈ રામલાલ સાથે કરી હતી. પણ માધવજી પટેલ મૃત્યુ પામ્યા અને કંઈ પૈસો ન મૂકી ગયા એટલે એણે સગાઈ તોડવાના પ્રયત્નો કરવા માંડયા. પોતાની ન્યાતમાં ખાસ કારણ વિના સગાઇ તોડવાનો રિવાજ નહોતો, પણ લાગવગ અને પૈસા આગળ એનું શું ચાલે? એના અને બીજા થોડાક જૂનવાણિયાઓના પ્રબળ વિરોધ છતાં સગાઈ તૂટી. એક વાર સગાઇ તૂટયા પછી ગૌરીના બાપે ઢીલ ન કરી. તેણે તરત એક બહારગામનો પણ પૈસાદાર મૂરતીઓ શોધી કાઢયો ને પંદર દિવસમાં જ લગ્ન લીધાં. હજી કાલે જ તેના એક દોસ્તનો કાગળ આવ્યો હતો કે ગૌરીનાં લગ્ન બે દિવસ પછી નક્કી થયાં હતાં અને જાન આજે ફ્રન્ટિયર મેલમાં ગોધરા જવાની હતી.

ફ્રન્ટિયર મેલ અને ગૌરીનો વર...! રામલાલ ક્યાંય સુધી એના એ જ વિચારો કરતો બેસી રહ્યો. જો માધવજી પટેલ મૃત્યુ ન પામ્યા હોત તો આજે ગૌરી તેની પત્ની હોત. ગૌરી!...કેટલી સુંદર અને મીઠી તેની ગૌરી હતી? પણ હવે તેનો તેના પર શો હક્ક રહ્યો? આવતી કાલે તો એ બીજાની પત્ની બની જશે. કોણ જાણે એનો વર કેવો હશે! હતો પણ કો'ક બહારગામનો એટલે શી ખબર કેવા સ્વભાવનો અને કેવી ચાલચલગતનો હશે. ગૌરીને પરણીને પછી એને દુ:ખ

તો નહિ દે? એવું થશે તો પોતાની ગૌરી...

રામલાલને પોતાના મન પર ચીડ ચડી. એક વસ્તુ બની ગયા પછી એને સંભાર્યા કરવાથી શો ફાયદો? ગૌરી હવે પોતાની મટી ગઇ હતી, છતાં શા માટે તેને સંભાર્યા કરવી? નકામી પારકી પંચાત! તેણે પોતાના મન સાથે દલીલ કરી.

પણ ના; તેને લાગ્યું. એ પારકી પંચાત નહોતી; પોતાની પંચાત હતી. ગૌરી સાથે તેની સગાઈ બાર વર્ષ સુધી ટકી હતી. બાર બાર વર્ષો સુધી જેને પત્ની રૂપ માની તેના પર શું તેનો જરાપણ હક્ક નહોતો? બાર બાર વર્ષો સુધી જેને પોતાની માની તેને કાલે એક અજાણ્યો માણસ ઉપાડી જાય એ કેમ સહન થાય? તેને ગૌરીના બાપ પર ચીડ ચડી, ગૌરીને પરણવા આવનાર મુરતિયા પર ચીડ ચડી. તેને જગત આખા પર ચીડ ચડી. જાન લઇને આવતા ફ્રન્ટિયર મેલ પર પણ ચીડ ચડી. તેનું રોમરોમ ગરમીથી ધખી રહ્યું, અને કોઈપણ ઉપાયે લગ્ન અટકાવી વેર લેવાને તલસી રહ્યું.

આકાશમાં ભયંકર ગડગડાટ થયો. હમણાં જરા શાંત પડેલો વરસાદ ફરી પાછો જોરમાં શરૂ થયો. એક વીજળી ચમકી અને ગગનને ચીરતી ધરતીમાં સમાઈ ગઈ. બારી પાસે બેઠેલા રામલાલની સામે આવી રહેલો પાટા બદલવાનો લોખંડનો હાથો વીજળીના પ્રકાશમાં ઝબકી ઊઠ્યો.

સાથોસાથ રામલાલના મગજમાં વિચાર ઝબકી ઊઠ્યો: જાનને ગોધરા પહોંચવા જ ન દઉં તો?

તેની સામે જ લોખંડનો હાથો આવી રહ્યો હતો. પૂરું એક હાથનું પણ અંતર નહોતું. એને જરાક જોર કરીને પોતાની પાસે ખેંચી લે તો પૂર્વ બાજુથી આવતો ફ્રન્ટિયર સીધો જવાને બદલે લૂપ લાઇન પર ચાલ્યો જાય. ફ્રન્ટિયરનો વેગ આવી જગ્યાએ સાઠ માઇલથી ઓછો તો ન જ હોય. ડ્રાઇવર ટ્રેનને રોકી શકે એ તો અસંભવિત જ હતું. પછી તો સામે 'ડેડ એન્ડ' હતો....જાન શી રીતે ગોધરા પહોંચવાની હતી? ગોધરા પહોંચતાં પહેલાં તો ઇશ્વરના દરબારમાં...

પૂર્વ બાજુનાં ક્ષિતિજ પર એક દીવો દેખાયો: ફ્રન્ટિયર મેલ...

રામલાલે પોતાના કપાળ ઉપર હાથ મૂક્યો. તપાવેલી ભઠ્ઠીની જેમ એ ધીકી રહ્યું હતું. આવા વિચારો શાથી આવતા હશે? પણ શા માટે ન આવે? જગતે તેના પર વેર લીધું તો પોતે શા માટે જગત પર ન લે? તેણે ઊઠીને લોખંડના હાથા પર પોતાનો હાથ મૂક્યો.

પૂર્વ બાજૂએ દેખાએલો દીવો નજીક ને નજીક આવી રહ્યો હતો. રામલાલનો હાથ અચકાઈ રહ્યો હતો...દીવો મોટો ને મોટો થતો જતો હતો. પણ જરાક ફિક્કો અને ધીમો હતો. રામલાલ વિચારી રહ્યો હતો: એમાં ગૌરીનો વર હશે, એનાં સગાં હશે, લગ્નના ઉમંગમાં બધાં મસ્ત હશે...હવે તો એ દીવાની પાસે એક નાનકડો બીજો દીવો પણ આમથી તેમ હાલી રહ્યો હતો. ક્રોધથી સળગી ઊઠેલા મનને શું એકના બે દીવા દેખાતા હતા? રામલાલનું મન 'વેર, વેર'નો પોકાર પાડી રહ્યું...આખરે એ દીવો જ્યાંથી લૂપ લાઈન છૂટી પડતી હતી ત્યાં આગળ આવી પહોંચ્યો. રામલાલે દાંત પીસી લોહી કાઢ્યું. પોતાનામાં હતું તેટલું જોર કરી તેણે હાથાને પોતાના તરફ ખેંચ્યો. દીવો લૂપ લાઇન પર વળી ગયો! રામલાલ પરસેવો લૂછતો પાસે પડેલી ખુરશી પર બેસી પડ્યો.

આકાશમાં એક વીજળીનો ચમકારો થયો અને એક ભીષણ ગડગડાટ તેના હૈયા સોંસરો નીકળી ગયો. તેને હવે જ પોતે શું કર્યું હતું તેનો ખ્યાલ આવ્યો. ફ્રન્ટિયર લૂપ લાઇન પર વળી ગયો હતો. તેને થયું, હમણાં ધડાકો થશે અને આખી ટ્રેનના ભૂક્કા બોલી જશે, પોતાનું તો જે થવાનું હશે તે થશે! પણ ફ્રન્ટિયરમાં ગોધરા જઇ રહેલી પેલી જાનમાંથી તો એકે માણસ જીવતો નહિ રહે. તેના મગજને જરા શાંતિ વળી. પણ તરત એને ખ્યાલ આવ્યો: જાન તો મરશે, પણ સાથે બીજાં કેટલાં માણસો મરી જશે? કેટલાય માણસો ઊંઘમાં પડ્યા હશે અને પોતાની, માતા, પત્ની, બહેન કે પુત્રને મળવાનાં સ્વપ્નો સેવી રહ્યા હશે. એક ક્ષણમાં તે બધાંની લાશ થઇને પડશે અને હજારો માતા, ભગિનીઓ, પત્નીઓ અને પુત્રપુત્રીઓનાં રુદનથી દુનિયા આખી કાલે ગાજી ઊઠશે. રામલાલનો આત્મા 'ખૂન, ખૂન' પોકારી ઊઠ્યો. સાચે જ તે ખૂની હતો–એથી ય વધારે હતો. એક માનવીને ગોધરા જતો રોકવા એણે હજારોને રડાવ્યાં હતાં. અને એય શા કામનું? એક મુરતિયો મૃત્યુ પામે તોય ગૌરીનો બાપ ગૌરીને એની સાથે થોડો જ પરણાવવાનો હતો? એ તો બીજા કોઈ પૈસાદારને શોધી કાઢશે. તો પછી આટલા બધા માનવીનો સંહાર શા કામનો? રામલાલને લાગ્યું, પોતે માનવી મટીને દૈત્ય બની ગયો છે;—કશા પણ કારણ વિના હજારોને સંહારનાર દૈત્ય...તેને પોતાની જાત પર તિરસ્કાર આવ્યો. 'ખૂન, ખૂન' તેનો આત્મા પોકારી રહ્યો. 'નીચ! હીચકારા! રાક્ષસ...' તેનું મન પોકારી રહ્યું.

એટલામાં એક ટ્રેનની વ્હીસલથી આખું વાતાવરણ કંપી ઊઠ્યું. રામલાલ ઝડપથી ઊઠ્યો. તેણે જોયું તો એક બીજો દીવો મેઇન લાઈન પરથી આ તરફ આવી રહ્યો હતો. એક પંચાવનની ગુડ્ઝ? આટલી બધી વહેલી? તેને વિચાર આવ્યો. પણ બીજું કશું વિચારવાનો સમય નહોતો. દીવો લૂપ લાઇન આગળના જોડાણની છેક પાસે આવી લાગ્યો હતો. તેણે હાથો પકડી દૂર ધકેલી દીધો. મેઈન લાઈન કલીઅર થઈ ગઇ. દીવો મોટો ને મોટો બનતો ગયો. ટ્રેનનો ખડખડાટ પણ વધારે ને વધારે મોટો બનતો ગયો. ફ્રન્ટિયરના અકસ્માતનો અવાજ હજી કેમ ન સંભળાયો એવો વિચાર રામલાલના મગજમાં ઝબકી ગયો. પણ તે પૂરો થાય તે પહેલાં તો ટ્રેનના દીવાથી તેની આંખ અંજાઇ ગઇ. આંખ સ્હેજ ટેવાતાં તેણે જોયું કે ટ્રેન ગુડ્ઝ નહોતી પણ પૅસેન્જર હતી. એની આંખે રૉયલ મેઈલનો લાલ ડબ્બો દેખાયો, ઍર કન્ડીશન્ડનું સફેદ સલૂન દેખાયું, તેની આંખ છેલ્લા ડબ્બાની ઉપર ચોડેલા પાટિયા પર ફરી રહી: FRONTIER MAIL...


ટ્રેઇન થોડી જ વારમાં પસાર થઇ ગઈ. તેનો પ્રકાશ દૂર ને દૂર થતો ગયો. તેનો ગગડાટ ઓછો થતો થતો પશ્ચિમના ક્ષિતિજ પર શમી ગયો. ફરી પાછી નીરવ શાંતિ પથરાઇ રહી. રામલાલને આ બધું શું બની ગયું તેની સમજ ન પડી.

એટલામાં કૅબિનનું બારણું ઠોકાયું. તે ગુંચવાયલા મગજે હાથમાં ફાનસ લઇને બહાર આવ્યો. તેના ફાનસનો પ્રકાશ સામે ઊભેલા પીપળોદના ડેપ્યુટી સ્ટેશન માસ્તરના ચહેરા પર પડી રહ્યો. વરસાદ અટકી ગયો હતો.

'વેલડન્ યન્ગ મૅન!' ડેપ્યુટી સ્ટેશન માસ્તરની પાસે ઊભેલા એક યુરોપિયન અમલદાર જેવા લાગતા માણસે તેની સામે હાથ ધર્યો. રામલાલે યંત્રવત્ હાથ લાંબો કરી શેઇક હૅન્ડ કર્યાં.

'ઑનરેબલ મિસ્ટર બ્રાઉન, ડી. ટી. એસ., એમને અને રેલવે-બસને બચાવવા માટે તારો આભાર માને છે, રામલાલ!' પીપળોદના ડેપ્યુટી સ્ટેશન માસ્તરે કહ્યું.

રામલાલને થોડીથોડી સમજ પડવા માંડી. ડી. ટી. એસ. ની સ્પેશિયલ રેલવે-બસ સાતેક વાગ્યે પીપળોદથી ગોધરા જવા નીકળી હશે. ત્યારે વરસાદ નહોતો. સંતરોડ છોડ્યા પછી અચાનક વરસાદ પડવાને લીધે એન્જિન ખોટકાયું હશે. (અનુ૦ પૃ૦ ૨૭૮મે)



કિરાતકન્યા હાથમતી


‘સંગમશોભના સાબરમતી’ નામના આ જ લેખકના વિખ્યાત નદી-પરિચયનો અનુગામી અને વિવિધ અવલોકનો, તથા વિદ્વત્તાભર્યાં વિધાનોથી સભર પ્રવાસ-લેખનો છેલ્લો હપતો

લેખક · પ્રો. રામપ્રસાદ શુક્લ એમ. એ.

જાંબુડી છોડયા પછી બે મોટા વળાંક લઇને હાથમતી ઘઉંવાવ નદીનું પાણી ઝીલવા આગળ વધે છે. સંગમ પર આવતાં પહેલાં એ ઉત્તર-વાહિની બને છે અને દોઢેક માઈલ સુધી દક્ષિણ-થી ઉત્તર તરફ વહે છે, ત્યાં ઉત્તર-દક્ષિણ દોડી આવતી ઘઉંવાવ, પશ્ચિમ દિશાનો એક વળાંક લઇને એને મળી જાય છે. બંને નદીનાં જળ એક થયા પછી આ સંયુક્ત પ્રવાહ પશ્ચિમ તરફ ત્રણેક માઈલ વહી, ફરીથી રાજપુર પાસે નૈઋત્યગામી બને છે. હાથમતી-ઘઉંવાવના સંગમ પર એક ઊંચી ભેખડની ભેડ ઉપર કુંડલેશ્વર મહાદેવનું મંદિર છે અને એના પ્રાંતભાગમાં સતીના હાથ તથા પાળિયા છે. હાથમતીતટના આ પાંચેક માઈલના ગાળામાં ઘણા પાળિયા મળે છે. એમાં સંગમ ઉપરના પાળિયા તો છેક ૧૬-૧૭મી સદીના હોય એમ લાગે છે, કેમકે તેમાંના એકની નીચે જે નાનો લેખ છે એમાં જૂની ગુજરાતી તથા પશ્ચિમ રાજસ્થાની ભાષાનો ઉપયોગ થએલો છે. કમભાગ્યે લેખ સારીરીતે ઉકેલી શકાય તેવો રહ્યો નથી.

રાજપુર પછીના ચારેક માઈલના વહેણ બાદ હિંમતનગર પાસે બાંધેલા બંધને કારણે હાથમતીનાં પાણી ભરપૂર રહે છે અને એ આખો ગાળો અતિશય રમણીય દેખાય છે. એ બંધને મથાળે કે આગગાડીના પૂલ ઉપર ઊભા રહી જોતાં આખું દૃશ્ય હૃદયંગમ બને છે.


પાણીનો વિસ્તૃત પથરાટ, ક્ષિતિજ ઉપર ઝઝૂમી રહેલી ડુંગરાની હારો અને બંને તટ પરની લીલી વનસ્પતિથી જળમાં ઊપડી આવતી મરકત મણિ સરખી ઝાંય આંખને આનંદ આપે છે. આ સ્થળે જ 'કાંસ'ના વધુ પ્રચલિત નામે ઓળખાતી હાથમતીની નહેર કાઢવામાં આવી છે. નહેર ખાસ્સી એટલી ઊંડી અને મોટી છે કે એક નદી ગણી શકાય એવો વિપુલ વારિપ્રવાહ એમાં વહે છે. એને બંને કાંઠે ઝાડોની હાર છે અને છેક સોનાસણ તથા પ્રાંતીજના પાદર સુધી તો આંબાનાં અનેક વૃક્ષો છે. નદી માત્ર લોકમાતા છે, પણ જ્યારે એ નહેર રૂપે વહે છે ત્યારે હજાર હાથે ફળે છે. તુષ્યમાન થએલી માતાની મહેરનો પાર હોય નહિ. હાથમતીની આ લોકોપકારકતાની ખાત્રી કરવી હોય તેણે પ્રાંતીજના પાદરથી સોનાસણ સુધી નહેરને કાંઠે ફરવા જવું ને બંને તટ પરનાં ક્ષેત્રોની ફલદ્રુપતા તેમજ અહીંતહીં ઉપસી આવતી આંમ્રકુંજો જોવી. અરધી સદીથી યે ઝાઝેરા સમયથી એકલે હાથે હાથમતીએ ઉત્તર ગુજરાતને લીલો રાખવાની પહેલ કરી છે. વનકન્યાની ઋજુતાથી એણે પોતાનું સર્વસ્વ જનસેવાર્થે ધરી દીધું છે. નિખાલસતા અને સરળતા એ ભીલ કોમનો ભારે મોટો ગુણ છે. પોતાનું સર્વસ્વ અર્પતાં કેવળ એક કિરાતકન્યાને છાજે એવી સરળતા હાથમતીએ દર્શાવી છે. લેનારને ઓછામાં ઓછી તકલિફ પડે એ રીતે પોતાનું દિલ એણે વહાવ્યું છે. કિરાતકન્યાને વળી હૃદયચોરી શી? ગુજરાતની મહાનદીઓમાંથી ભારે ખર્ચે જ્યારે નહેરો નીકળશે ત્યારે પણ હાથમતીની આ સરળ ઋજુતાનું ઋણ શેં વિસરાશે?



અમદાવાદની ઉત્તરે, સાબરમતી અને હાથમતીના સંગમ આગળ કુદરતે અજબ ભવ્યતા પાથરી છે. બંને નદીઓએ પોતાના કિનારાની બંને બાજુ પોચી માટીની ઊંચી ભેખડોમાં અનેક વાંઘાં અને કોતરો પાડીને જાણે વિશાળ નાટકશાળા રચી હોય એવું લાગે છે. એકાદ એવી ભેખડની ટોચેથી ત્યાંનું દૃશ્ય માણસ જુએ છે ત્યારે ગુજરાતની અનુપમતાનું કાવ્ય તેના હૃદયમાં આપોઆપ સ્ફુરે છે. એ સ્થળે, સાબરમતી-કિનારાની એક અતિ ઊંચી ભેખડ ઉપર, સાબરમતી–હાથમતીના સંગમપટના એ વિશાળ દૃશ્યના જાણે અધિષ્ઠાતા હોય તેમ, ખડાયતા વણિકોના ઇષ્ટદેવતા ભગવાન કોટચર્કનું આ પ્રાચીન મંદિર ઊભેલું છે. જોકે એ જ્ઞાતિએ આજે તો તેમાંની મૂર્તિ ખસેડીને નીચેના ભાગમાં નવું મંદિર બંધાવી ત્યાં પ્રતિષ્ઠા કરી છે. આપણા હાલના ઘુમટોથી જુદા પડતા, ચોખંડા ઘાટના તથા ખૂણે નાના કાંગરાવાળા તેના શિખર ઉપરથી લાગે છે કે આ મંદિર ઘણું પ્રાચીન હશે; અને તેનું નામ 'કોટચર્ક' શાખ પૂરે છે તેમ તેનો સમય, ગુજરાતમાં જે કાળે સૂર્યપૂજા પ્રચલિત હતી તે કાળનો (પાંચમીથી બારમી સદી સુધીના ગાળાનો) હશે. આજે તો ખડાયતાઓના ઇષ્ટદેવ કોટચર્ક વિષ્ણુ રૂપે પૂજાય છે, પણ તેના નામ પરથી સ્પષ્ટ થાય છે તેમ મૂળ તે સૂર્યપૂજા હશે. કોટિ=કાટખૂણો+અર્ક=સૂર્ય એ રીતે વ્યુત્પન્ન થતા એ શબ્દના અર્થનો પ્રમાણભૂત ખુલાસો આ લેખમાં એના વિદ્વાન લેખકે આપ્યો છે તે ઘણો રસમય ને વિચારપ્રેરક છે.

દ્વિપથગા હાથમતી બંધ પરથી જ્યાં નીચે ઊતરે છે ત્યાંથી થોડા જ અંતરે તટ પરની એક ટેકરી પર મહીકાંઠાજિલ્લાના મુખ્ય કેન્દ્ર હિંમતનગર(અહમદનગર)ની સરકારી કચેરીઓ અને રાજમહેલ છે. આ સ્થળે અમદાવાદ વસાવનાર બાદશાહ અહમદશાહે ઈડરના રાવ પુંજા સાથેનાં યુદ્ધો દરમ્યાન (ઈ.સ.૧૪૨૬—૧૪૨૮)એક કિલ્લો બંધાવેલો, જે અમદાવાદના કિલ્લાની માફક ભદ્રનો કિલ્લો કહેવાતો. આ કિલ્લાની નિશાની આજે તો માત્ર એક જ સ્થળે સચવાઈ રહી છે: નદીના કિનારા પર કાલિમાતાના કુંડની બાજુમાં આશરે ૪૦૦ ફૂટ લાંબો એનો ખંડિત ભાગ અવશેષરૂપે દેખાય છે. કિલ્લાનો હાથમતી પરનો ઈડર દરવાજો તો કારીગરીથી ભરેલો હતો એમ નોંધાએલું છે, પરંતુ એ કાળના જળવાઈ રહેલા અવશેષોમાં આજે તો કાઝીવાવ, જુમ્મા મસ્જિદ અને નવલખકુંડ, એ ત્રણ જ છે. કાઝીવાવમાં ઊતરતાં જ બંને બાજુએ બે શિલાલેખો છે: એક ઈ. સ. ૧૪૧૭નો અરબી ભાષામાં છે અને બીજો વિ. સં. ૧૫૭૮માં (ઈ. સ. ૧૫૨૧)નો દેવનાગરીમાં. અમદાવાદમાંની અસારવા અને અડાલજની વાવની બાંધણી કરતાં આ વાવની બાંધણી જુદા પ્રકારની છે. દેવનાગરી લેખ પરથી જણાય છે કે સુલતાન મુજફ્ફરશાહના વખતમાં ઇડરના સુબા મુબરિઝ–ઉલ–મુલ્કે આ વાવ બંધાવેલી. (એટલે કે સમારકામ કરેલું.) નવલખકુંડ એ ૧૦૦ ફૂટ પહોળું અને ૫૦૦ ફૂટ લાંબું ભૂગર્ભીય ચણતર છે. મધ્યભાગમાં એક જળાશય જેવું છે જેની ચોમેર ફરતું બાંધકામ છે. ઉનાળામાં ઠંડકને માટે આ સ્થળનો ઉપયોગ થતો હશે એમ લાગે છે. જોકે આજે એની સ્થિતિ સાચવણ વિનાની છે. એમ કહેવાય છે કે બાદશાહી સલ્તનતના સમય દરમિયાન જનાની સ્ત્રીઓના અવરજવર માટે કિલ્લાથી અહીં સુધી ભોંયરું હતું. કિનારાને અડીને જ જુમ્મા મસ્જિદ નામની નાની સુંદર મસ્જિદ છે અને એમાં અમદાવાદની મસ્જિદોની જાળીઓને મળતું પલ્લવિત વૃક્ષોની આકૃતિઓનું કોતરકામ છે.

હિંમતનગરથી દોઢેક માઈલ દૂર હાપ્પા (હસ્તિ+પ્રપાત)ગામની નજીકમાં આખી નદી ધોધ બનીને ભેખડ પરથી નીચે પડે છે. ધોધની ઊંચાઈ આશરે પંદરેક ફૂટ છે અને ઉપરનું નદીતલ પણ દર્શનીય છે. ધોધની નીચે મોટા ધરાઓ ભરાઇ જાય છે, જેમાં મોટી માછલીઓ અને કવચિત મગર પણ ભરાઇ રહે છે. હિંમતનગરના બંધ ઉપર અને અહીં પણ પાંચસાત શેરની મોટી માછલીઓ પણ હોય છે. ઉત્તર ગુજરાતની નદીઓની નામીચી માછલીઓમાં હાથમતીની માછલીનું પણ સ્થાન છે. ધોધનો કર્ણપ્રિય નિનાદ, ભેખડ પર ચઢીને ધસતાં પાણી અને ધોધમાંથી રચાતાં ઇન્દ્રધનુઓની મજા માણતાં અહીં અનેક રમ્ય પ્રદોષો વિતાવ્યાની યાદ આજે પણ મનમાં તાજી છે. ઊગતા સૂર્યનાં કિરણોને ધોધ પર પડતાં જોવાની લેહમાં વહેલી



કાશ્મીરનું પુરાતન માર્તંડ(સૂર્ય)નું મંદિર

આ લેખની છેલ્લી પાદટીપ(ફુટનોટ)માં સૂર્યપૂજાને અંગે જેનો ઉલ્લેખ માત્ર આવે છે તે, કાશ્મીરના વિખ્યાત પ્રાચીન માર્તંડ-મંદિરનું આ ચિત્ર અહીં એટલા માટે આપ્યું છે કે Architectural Lion of Kashmir તે કાશ્મીરના સ્થાપત્યમાં સિંહ સમાન ગણાય છે; અને તેનું શિખર જોકે નાશ પામ્યું છે, પરંતુ તેના પ્રવેશદ્વારની ત્રિકોણ કમાન ઉપરથી તેનું સ્થાપત્ય-વિધાન હિંદી સ્થાપત્યના ઈતિહાસમાં એક વિશિષ્ટ અંકોડા રૂપ ગનાય છે. પ્રાચીન કાશ્મીરી સ્થાપત્યશૈલીના નમૂના રૂપ આ મંદિર કાશ્મીરનું મોટામાં મોટું પ્રાચીન મંદિર હોવા ઉપરાંત તેની ભવ્યતા તેના સ્થાનને પણ ઘણી આભારી છે. કાશ્મીરની જૂની રાજધાની ઇસ્લામાબાદની પૂર્વે પાંચ માઇલ ઉપર આવેલા એક સપાટ ટેકરા—ઉચ્ચ પ્રદેશ પર તે એવે સ્થાને આવેલું છે કે જ્યાંથી કાશ્મીરની એ સમસ્ત રમણીય ખીણનું ચોમેરથી આહ્લાદક દર્શન મળે છે; અને એની જાહોજલાલીના કાળમાં એ મંદિરના અધિષ્ઠાતા દેવ ભગવાન માર્તંડ (સૂર્યનારાયણ) પોતાનાં કૃપાકિરણ વર્ષાવતા સમગ્ર પ્રદેશ પર આશિષ વિતરી રહ્યા હશે એવો ભાવ જાગ્રત થાય છે. કવિ રાજશેખર કૃત કાશ્મીરના વિખ્યાત ઇતિહાસગ્રંથ રાજતરંગિણી અનુસાર આ મંદિર કાશ્મીરના પ્રતાપી રાજા લલિતાદિત્યે પોતાના રાજ્યકાળ (ઈ. સ. ૭૨૪-૬૦) દરમ્યાન એ બંધાવેલું. કદમાં તે બહુ મોટું નથી. ૬૦ ફૂટ લંબાઇ ને ૩૮ ફૂટ પહોળાઇના એ મંદિરની બંને પાંખ પરના મંડપો સાથે કુલ પહોળાઈ પણ ૬૦ ફૂટ થતી હશે. ઉપરાંત તેની આસપાસ ૮૪ થાંભલાઓવાળી દીવાલથી તેનું પટાંગણ કુલ ૨૨૦×૧૪૨ ફૂટનું થતું હશે. ૧૪મી સદીમાં કાશ્મીરના મુસ્લિમ શાસક સિકંદરે તેનો નાશ કરેલો. આજે તો એ આ ઉપરના પ્રાચીન ચિત્રમાં જણાય છે તે કરતાં પણ ખંડિયેર દશામાં છે.

પરોઢે હિંમતનગરથી નીકળીને અર્ધું દોડતાં ત્યાં પહોંચી જવાનાં સ્મરણો પણ ઓછાં નથી. પણ એક માઘ માસની પૂર્ણિમાની રાતે સાડા દસ વાગતાં સુધી અહીં રહીને જે હર્ષપ્રકર્ષ અનુભવેલો એ તો વર્ણનાતીત જ રહેશે. ધોધ પર આવતાં પહેલાં પથરાએલી પાણીની રૂપેરી બિછાત, મુખ્ય પ્રવાહ ભેખડ પર ચઢે એ પહેલાં જ બાજુમાંથી નીચે સરી પડતા નાના પ્રવાહના ચમકારા, ચાંદની રાતે શ્વેતાભિસારિકા બનીને નીકળેલી કોઇ રમણીય નાગકન્યા જીભના લબકારા કરીને ફુત્કાર કરતી હોય એવો જલપ્રપાત,—એમ આખું દૃશ્ય રસરૂપ હતું. જાણે કોઈ વિશાળકાય શ્વેત મયૂર ભેખડ ઉપર ચઢીને, ધોધરૂપી ડોક હલાવી ગહેકતો હોય અને એનાં પીછાંને સ્થાને પાછળનો જલપટ પથરાયો હોય, એવો દેખાવ હતો.

ઉપાથી નીકળેલાં હવે નૈઋત્યનાં વહેણ છેક સંગમ સુધી પહોંચે છે અને શાંત રીતે સાબરને મળે છે. અહીં નજીકમાં જ, આ સંગમને લીધે ઓળખાતાં જૂનાં અને નવાં 'સંગમપુર' નામનાં બે ગામ છે. પદ્મપુરાણમાં 'સંગમપુરના ડુંગર ઉપર સંગમેશ્વર તીર્થ' હોવાનો ઉલ્લેખ છે. બંને નદીનાં જળ એકઠાં થઇને જ્યાં વિશાળ વર્તુલાકાર ચકાવો લે છે ત્યાં ઊંચી ભેખડ ઉપર એક શિવમંદિર છે, એને અનુલક્ષીને તો કદાચ આ ઉલ્લેખ ન હોય ? આ વળાંકથી ઉપરવાસ ઝાડી ને ઝાંખરાંવાળું નાનું જંગલ છે, જેમાં એક તૂટેલા કુંડને સૂર્યકુંડ તરીકે ઓળખાવવામાં આવે છે. હાથમતીના કિનારા પર સૂર્યમંદિર હોવાના દસ્તાવેજી પુરાવાઓના પ્રકાશમાં આ સ્થળ પર કોઈ જૂનું મંદિર હોય તો જરા યે નવાઇ નહિ.* કારણકે પ્રાચીન સૂર્ય-

*ઈસવીસનના આરંભે સૂર્યની પૂજાનો પ્રચાર પાશ્ચાત્ય દેશોમાં ગ્રીસ અને રોમમાં પણ વિપુલ પ્રમાણમાં હતો. ઓરીલિયસે રોમમાં એક ભવ્ય સૂર્યમંદિર બંધાવ્યું હતું. હિંદમાં તો ઈસ્વી સનના ચોથા-પાંચમા શતકથી તે છેક બારમા શતક સુધી સૂર્યપૂજાનો ઘણો

પૂજાના દેદિપ્યમાન પુરાવા જેવું કોટ્યર્કનું મશહૂર મંદિર અહીંથી બરોબર સામે જ કાળના ઘસારા ખમતું, સૂર્યપૂજા વિષ્ણુપૂજામાં કેવી રીતે સંક્રાંત થઈ એની કથા પણ કહી જાય છે. સૈકાઓથી વૈષ્ણવ ખડાયતા વણિક કોમનું આ યાત્રા-ધામ છે, તથા ઉત્તર અને પશ્ચિમ હિંદમાં ચાલતી વ્યાપક સૂર્યપૂજાનું એ પુરાતન પ્રતીક છે.

સાબરમતીતીરે પ્રચલિત સૂર્યપૂજાના અનેક ઉલ્લેખો પુરાણોમાં આવે છે. એનું સમર્થન કરતા શિલાલેખો અને શિલ્પ-સ્થાપત્યના પુરાવાઓ આપણે તપાસ્યા, પણ આ 'કોટ્યર્ક' શબ્દમાં એથી વિશેષ ઐતિહાસિક સત્ય સચવાઈ રહ્યું છે. કોટ્યર્કનો ખરો અર્થ (કોટિ+અર્ક) સૂર્ય જ્યાં કોટિએ—એટલેકે કાટખૂણે છે, એવો થાય છે. આ મંદિર બરાબર કર્કવૃત્ત ઉપર છે. કર્કવૃત્ત (Tropic of Cancer)-ની ૨૩½ અંશની લીટી પૃથ્વીની એની પ્રદક્ષિણામાં આ મંદિરને સ્પર્શીને જાય છે. આપણી પૃથ્વી ૨૩½ અંશની વક્રતાએ પોતાની ધરી ઉપર સતત સૂર્યની આસપાસ ફર્યા કરે છે, એથી કર્કવૃત્ત ઉપર સૂર્યનાં કિરણો સ્વાભાવિકરીતે જ કોટિ=કાટખૂણો=Right Angle બનાવે. વળી જૂન માસની ૨૧મી તારીખે જ્યારે દિવસ નાનામાં નાનો બને છેત્યારેસૂર્ય આસ્થળે શૂન્ય અંશ બતાવે. એટલે કોટ્યર્ક=કોટિ+અર્ક. આ હકીકતને અનુલક્ષીને જ આ સ્થળનું નામ 'કોટ્યર્ક' રાખેલું છે એવો મારો અધીન મત છે. હિંદુસ્તાની ગાણિતિક વિદ્યા પ્રાચીન છે. આર્યભટ્ટ, બ્રહ્મગુપ્ત અને વરાહમિહિર જેવા ત્રણ મહાન જ્યોતિષીઓ આપણે ત્યાં ઈ. સ. ૩૦૦ થી ૬૫૦ વચ્ચે થઈગયા છે. આમાંથી સાતમા શતકના જ્યોતિર્વિદ બ્રહ્મગુપ્ત પોતાને भिल्लमालकाचार्य એટલેકે ભિન્નમાલ યા શ્રીમાલના ગણાવે છે. આથી જ્યોતિષવિદ્યાનો સારો પ્રચાર તત્કાલીન ગુજરાતમાં પણ હશે. પૃથ્વી સૂર્યની આસપાસ નેપોતાની ધરી ઉપર ૨૩½ અંશ બનાવીને ફરે છે એ જ્ઞાન પણ તે કાળે વ્યાપક હોવું જોઇએ. ૧૧મી સદીની બાંધણી અને શિલ્પશૈલીવાળા આ કોટ્યર્ક મંદિરના નામાભિધાનમાં એની દૃઢ પૂર્તિ મળી રહે છે ને આપણા પૂર્વજોના ભૌગોલિક જ્ઞાનની શાસ્ત્રીયતા વિષે આદરઉત્પન્ન કરાવે છે. જ્યોતિષવિદ્યાનું જ્ઞાન આપણી પાસે સારા પ્રમાણમાં હતું એમ સ્વીકારનાર આપણા કેટલાક વિદ્વાનો પણ આપણા ભૌગોલિક જ્ઞાન વિષે તો સાશંક છે. આપણી પાસે જૂના નકશાઓ નથી, અને આપણાં ભુવનકોષ વર્ણનો પણ પ્રાચીન સ્થળોની પ્રશસ્તિપૂર્ણ યાદીઓ જેવાં છે, એમાં ક્રમબદ્ધ શાસ્ત્રીયતા છે જ ક્યાં,-આવીઆવી વિચારસરણી ધરાવનારા એ વિદ્વાનોને અત્રે માત્ર એટલું જ નિવેદન કરવાનું કે પૃથ્વી પર સૂર્ય કઈ જગ્યાએ (પરા) કોટિને પામે છે અને શૂન્ય અંશ દર્શાવે છે એ આજના ભૂગોળશાસ્ત્રના નિષ્ણાતો જેટલી જ શાસ્ત્રીયતાથી આ મંદિરનું નામ દર્શાવનારનું ભૂગોળનું માપણી કરવાનું જ્ઞાન પરિમિત તોનહિ જ હોય. અહીં સ્પષ્ટ રીતે પૃથ્વીનું કર્કવૃત્ત છે જ એ ભૌગોલિક હકીકત, અને મંદિરનું 'કોટ્યર્ક' એવું ચોખ્ખું નામ, એ બે હકીકતનો મેળ મને આકસ્મિક લાગતો નથી.

હાથમતીએ માત્ર ચ્યવન ભાર્ગવની યૌવનકથા જ જાણી છે એમ નથી. સંસ્કૃતિના અનેક થરો એણે દર્શાવ્યા છે-સંશોધકની આંખને આમંત્રણ આપતા અહીં એ સર્વ અવશેષો પડેલા છે. એણે ચીની મુસાફર બૌદ્ધ સાધુ યુવાનસુવાંગનાં પગલાં પડતાં અહીં જોયાં છે; ખેડ જેવી મહાન મંદિરોની નગરીઓ એણે સર્જી અને સંકેલી પણ લીધી છે; ને ખેટકાહારના આ મધ્યસ્થ કેન્દ્રમાં આવતા-જતા અનેક મહાપુરુષોના મનસૂબાઓની એ સાક્ષી છે. કેટકેટલી સુંદરીઓ, કેટકેટલા શૂરાઓ અને સતીજતીઓની એણે સેવા કરી છે એ સર્વ હકીકત તો કદાચ કાળના ગર્ભમાં જ રહેશે. ઇતિહાસના અંધકાર પરથી માત્ર આટલો પડદો ઉચકી શકાયો છે એ પણ મહેકમહેક થતી સંસ્કૃતિની સુગંધને ચોમેર પમરાવી રહે છે. હાથમતીની આ કથામાં સૌન્દર્ય, સંસ્કૃતિ અને સેવાના ઉત્તરોત્તર ચડિયાતા અંશો એકીસાથે ભળી જઇ રસાયન રૂપ બની ગયા છે. આ પ્રાચીન अस्थिमती એ જાણે કે પોતાનાં હાડ ગાળીને ગુજરાતને ગૌરવ આપ્યું છે ને પુરાણોએ વર્ણવેલી મહર્ષિ દધીચિની જીવનકથા સૈકાઓ સુધી જીવી બતાવી છે. ઇતિહાસને નવું અજવાળું આપવાનું કામ પણ શું હાથમતી જ આજે કરી જશે કે?

પ્રચાર હતો. દશપુર (માળવા), કાશ્મીર, મુલ્તાન, કંથકોટ (કચ્છ), ઓસિયાર (જોધપુર પાસે), પ્રભાસ, ભિન્નમાલ, થાન ઇત્યાદિ સ્થળોએ આજે પણ સૂર્યમંદિરો અને સૂર્યમૂર્તિઓના અવશેષો મળી આવે છે. કાશ્મીરના માર્તંડ મંદિરનો ઉલ્લેખ સુપ્રસિદ્ધ કવિ રાજશેખરે રાજતરંગિણીમાં કર્યો છે. એની બાંધણી નમૂનેદાર ગણાય છે.

ગ્લીસરીન (અનુ૦ પૃષ્ઠ ૨૬૧ થી ચાલુ) ખોરાકમાં, પીણાંઓમાં ને અન્ય ખાદ્ય પદાર્થોમાં તે ઉપયોગી પદાર્થ છે. શરીરમાં સાકર જે કાર્યશક્તિ આપે છે લગભગ તેટલી જ શક્તિ ગ્લીસરીનમાંથી મળે છે. આપણી પાચનક્રિયામાં ગ્લીસરીન પેદા થાય છે ને આંતરડાંમાં તે છૂટું પડે છે. આ બધા ગુણો ગ્લીસરીનને તૈયાર ખોરાકની બનાવટમાં તેમજ દવાઔષધોની બનાવટમાં વિશિષ્ટ સ્થાન આપે છે.

તેના આવા બહુવિધ ઉપયોગ માટે ઘણાં કારણો રજૂ કરી શકાય. ખાસ કરીને આ બધા ઉપયોગોની ભૂમિકામાં ગ્લીસરીનના ભૌતિક તથા રાસાયનિક ગુણોનું અસાધારણ સંયોજન જ રહેલું છે. તેના ભૌતિક ગુણોમાંથી જો તેના સૌથી વિશેષ ઉપયોગો ઉદ્ભવે છે, તો તેની ઔદ્યોગિક ઉપયોગિતા તેના રાસાયનિક ગુણોને આભારી છે. ગ્લીસરીન આલ્કોહોલના વર્ગનો પદાર્થ છે. તેમાં આલ્કોહોલના ત્રણ વિશિષ્ટ અણુસમૂહ છે એટલે તેને ત્રિગુણિત આલ્કોહોલ (ટ્રાયહાઈડ્રિક આલ્કોહોલ)ના વર્ગમાં મૂકવામાં આવે છે. આને લીધે તેનામાં પ્રક્રિયતા ખૂબ રહેલી છે. પરિણામે જુદીજુદી રાસાયનિક ક્રિયાઓની મદદ વડે તેમાંથી અનેક પદાર્થો બનાવી શકાય છે.

છેલ્લાં થોડાં વર્ષોમાં ગ્લીસરીનના એસ્ટરો (esters)* ખોરાકને વાસી થતો અટકાવવા માટે ઉપયોગી નીવડ્યા છે. દાખલા તરીકે ગ્લીસરીન-મોનોસ્ટીએરેઇટ (ગ્લિસરીન તથા સ્ટીઅરિક ઍસિડના સંયોજનથી થતો એસ્ટર) કેઈક ને એવા બીજા ખાદ્યપદાર્થોમાં ઉમેરવાથી તેમનો સ્વાદ ફરતો નથી ને પદાર્થો વધારે વખત સાચવી શકાય છે.

આમ, ગ્લીસરીન આપણા રોજીંદા જીવનમાં ખૂબ મહત્ત્વનો તથા ઉપયોગી પદાર્થ છે અને હજી તેની મહત્તા રોજ-બ-રોજ વધતી જ જાય છે. આપણા દેશમાં તો અનેક તેલીબિયાં પેદા થાય છે અને સાબુનો ઉપયોગ વધતો જ જાય છે, એટલે સાબુનો ઉદ્યોગ સારી રીતે ચાલે છે. પરિણામે કરોડો મણ ગ્લીસરીન ગૌણ પદાર્થ તરીકે ઉત્પન્ન થાય છે. પણ અત્યારે તેમાંનો માત્ર જૂજ ભાગ ગ્લીસરીનની બનાવટમાં વપરાય છે અને બાકીનો ભાગ, અગાઉ કહ્યું તેમ, ફેંકી દેવામાં આવે છે! આ પરિસ્થિતિ બદલવા અને દેશને આ ઉપયોગી રસાયન પરત્વે સ્વાવલંબી બનાવવા આ ઉદ્યોગને સરકારે ખાસ ઉત્તેજન આપવાની જરૂર છે. રસાયનોત્પાદક ઉદ્યોગમાં ગ્લીસરીનની બનાવટને ઘણું જ અગત્યનું સ્થાન આપવું જોઇએ.

* આલ્કોહોલ અને ઍસિડને સંયોજવાથી જે પદાર્થ બને તે ઍસ્ટર કહેવાય છે. આ ઍસ્ટરો સુગંધિત પદાર્થો હોવાથી તેલ-અત્તરો તથા એવાં બીજા સુગંધિત દ્રવ્યોમાં ખાસ વપરાય છે.

ગ્લીસરીન

૧૫૮૩!

હા; આજના આપણા વિવિધ ઉદ્યોગોમાં એના એક હજાર પાંચસો ને ત્યાશી ઉપયોગો થાય છે એની ગણત્રી થઈ છે!

પેલો મધ જેવો મીઠો પદાર્થ જેનો વપરાશ આજે ઉદ્યોગોમાં પહેલે નંબરે આવે છે

લેખક

ડૉ. નરસિંહ મૂ. શાહ, એમએસ.સી., પીએચ.ડી.

સામાન્ય ઉદ્યોગોમાં ઉપયોગિતાના દૃષ્ટિબિન્દુથી અનિવાર્ય ને કિંમતી રસાયનો કયાંકયાં તેની એક યાદી કરવા માટે એક વાર બારેક રાષ્ટ્રોના અગ્રગણ્ય રાસાયનિકોને આમંત્રણ મોકલવામાં આવ્યું હતું. એ દરેક યાદીમાં સૌથી પ્રથમ સ્થાન ગ્લીસરીનનું હતું! આજે ગ્લીસરીને ઉદ્યોગોમાંઆવું મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

લગભગ ૧૭૦ વર્ષ પૂર્વે સ્વીડનમાં એક નાના ગામડાના ઔષધ બનાવનારા કાર્લ વિલ્હેમ શીલેએ આ પદાર્થ શોધી કાઢ્યો હતો. સીસાની ભસ્મને ઑલિવ તેલ સાથે ભેળવીને શીલેએ સીસાનું પ્લાસ્ટર તૈયાર કર્યું હતું. તેને પાણી સાથે ધોતાં તેમાંથી કાઢેલું ધોવણ જુદું પાડ્યું, અને ગરમી વડે તેમાંથી પાણી ઉડાડી નાખતાં પાછળ એક સ્વાદિષ્ટ ઘટ્ટ ભારે પ્રવાહી રહ્યો. આ ઉપરથી એ વખતે તેનું નામ 'તેલી સાકર' યા તો 'શીલેનું સ્વાદિષ્ટ સત્ત્વ' પાડવામાં આવ્યું.

૧૮૧૧માં ફ્રેન્ચ રાસાયનિક શેવરૂલેએ તેની રચનાનો અભ્યાસ કરી સ્વાદિષ્ટ માટે વપરાતા ગ્રીક શબ્દ 'ગ્લીસેરોસ' ઉપરથી તેનું નામ ગ્લીસરીન પાડ્યું. પછી બરઝીલિયસ, લીબીગ ને બીજા સુપ્રસિદ્ધ રાસાયનિકોએ તેના પર અગત્યનું સંશોધન કરી તેની રાસાયનિક રચના તથા સંયોજન પર વેધક પ્રકાશ પાડ્યો. પછી ૧૮૫૮માં તો ફ્રેન્ચ વિજ્ઞાની પાશ્ચરે એ પણ પુરવાર કરી બતાવ્યું કે સાકરને દારૂ-બનાવટ માટે આથવાની ક્રિયામાં ગ્લીસરીન પણ પેદા થાય છે.

પણ આજે તૈયાર થતો ગ્લીસરીનનો મોટો ભાગ તો સાબુના ઉદ્યોગમાં ગૌણ પદાર્થ તરીકે મળી આવે છે. પેટ્રોલિયમમાંથી મોટા પાયા પર ગ્લીસરીન બનાવવાની શરૂઆત તો હજી છેલ્લાં બે ત્રણ વર્ષ પૂર્વે જ થઇ છે. ખાવામાં વપરાતાં તેમજ બીજાં સ્થિર વનસ્પતિ તેલોમાં ગ્લીસરીન સંયુક્ત અવસ્થામાં ગ્લીસેરાઇડ રૂપે હોય છે. એ ગ્લીસરીન છૂટું પાડવા માટે તેલને સોડાના દ્રાવણ સાથે ગરમ કરવામાં આવે છે. આ પ્રક્રિયા વડે એક બાજુ સાબુ તૈયાર થાય છે ને બીજી બાજુ ગ્લીસરીન છૂટું પડે છે. આ મિશ્રણમાં મીઠું નાખવાથી સાબુ ઉપર તરી આવે છે ને મીઠાવાળા પાણીમાં ગ્લીસરીન રહી જાય છે.

આ પાણીને પછી ગરમ કરવાથી મીઠું જુદું પડે છે અને પાણી ઊડી જતાં ગ્લીસરીનનું પ્રમાણ વધતું જાય છે. હવાના સામાન્ય દબાણમાં ગ્લીસરીનને ગરમ કરવાથી તેનું થોડું વિઘટન થઈ જાય છે. એટલે તેને નિર્વાતક વાસણોમાં યા તપ્ત વરાળ વડે ગરમ કરવાથી ગ્લીસરીન તૈયાર થાય છે. આને શુદ્ધ કરવા માટે ફરીને હવા કાઢી લઇને ઓછા દબાણવાળાં બંધ વાસણોમાં ઉકાળવામાં આવે છે.

ગ્લીસરીન એ ચીકણો જાડા સીરપ જેવો પ્રવાહી છે. આપણા દેશમાં ગ્લીસરીનની બનાવટ મોટા પ્રમાણમાં થતી નથી; કેમકે મોટે ભાગે સાબુનાં કારખાનાંવાળાઓ ગ્લીસરીનવાળું પાણી ફેંકી દે છે! આ તો દેશને મોટું નુકસાન છે, કારણકે આધુનિક યુદ્ધોમાં ગ્લીસરીન તો ચાવી રૂપ રસાયન લેખાય છે. દેશના રક્ષણ માટે ઉપયોગી દારૂગોળાની બનાવટમાં ગ્લીસરીન તો અતિ મહત્ત્વનું છે. આથી સરકારે આવા કિંમતી પદાર્થનો બરાબર ઉપયોગ થાય તે પ્રત્યે ખાસ ધ્યાન આપવું જોઈએ અને તેના ઉદ્યોગને વિકસાવવો જોઇએ. દેશની આવી ઉપયોગી સંપત્તિને વેડફાઇ જતી અટકાવવા માટે સરકારે સાબુના પાણીમાંથી ગ્લીસરીન કઢાવી લેવાની કાયદાથી ફરજ નાખવી જોઇએ અથવા તો સરકાર તરફથી જ એવું બનાવનારાં મોટાં કેન્દ્રો અથવા મધ્યસ્થ ડિસ્ટીલરીઓ કાઢવી જોઇએ.

રાસાયનિક સાહિત્ય તપાસતાં ગ્લીસરીનના ૧૫૮૩ ઉપયોગો જડી આવે છે! આ યાદી ૧૯૪૫માં પ્રગટ થઈ હતી. ત્યાર બાદ ઘણા નવા ઉપયોગો અસ્તિત્વમાં આવ્યા છે ને આવતા જાય છે. સરકારી આંકડાઓ બતાવે છે કે આલ્કીડ નામના રેસીન (resin) અને એસ્ટરગમ(એક જાતના ગુંદર)ની બનાવટમાં ગ્લીસરીનનો ઉપયોગ મબલખ થાયછે. પછી આવે છે તેનો ઉપયોગ તંબાકુની બનાવટમાં: અને ત્રીજે નંબરે આવે છે ઉપર નિર્દેશેલ ડાયનેમાઈટ અને નાઇટ્રોગ્લીસરીન જેવા દારૂગોળામાં વપરાતા પદાર્થોની બનાવટ.

આ ત્રણ મુખ્ય ઉપરાંત ગ્લીસરીનનો ઉપયોગ બીજાં જે અનેકવિધ કામોમાં થાય છે તે જુદાજુદા ઉદ્યોગોમાંના તેના ઉપયોગો ગણાવવા બેસીએ તો તો પાનાંનાં પાનાં ભરી શકાય. પરંતુ ટૂંકામાં, સેલ્યુલોઝ ફિલ્મો માટે, માંસને લપેટવા માટે, દંતમંજનો ટૂથ-પેસ્ટો ને ટાપટીપની ચીજોની બનાવટ માટે, અનેક દવા-ઔષધોની બનાવટમાં, છાપવાના સંચાના રોલરોની બનાવટમાં, ગાસ્કેટો ને કૉર્ક પૅકિંગમાં, મારગેરીન (બનાવટી માખણ) અને એવી બીજી ખાવાની ચીજોની બનાવટમાં, ગુંદરની બનાવટમાં, કાપડ ઉદ્યોગમાં (પ્રોસેસિંગમાં), સોડાની જાતનાં અન્ય મીઠાં પીણાંઓમાં, કાચ જેવા પારદર્શક કાગળ તથા ચિકાશ-પ્રૂફ કાગળ બનાવવા માટે, કૅન્ડી ને ગમ જેવા ચૂસવાના મીઠા પદાર્થોની બનાવટમાં,—આમ અનેક નાના-મોટા પદાર્થોની બનાવટમાં ગ્લીસરીન ખૂબ ઉપયોગમાં આવે છે.

વળી ઠંડીમાં ઠરી ન જાય એવા પ્રવાહીઓની બનાવટમાં, રેવણમાં ઉપયોગી પ્રવાહીઓ અને ખાસ સીમેન્ટની બનાવટમાં, વિધવિધ ઊંઝણાં અને જીવાતની ઉત્પત્તિનો કાબૂ લેવા માટે વપરાતા અનેક પદાર્થોની બનાવટમાં ગ્લીસરીન સીધી યા આડકતરીરીતે ઉપયોગમાં લેવાય છે. આ ઉપરાંત પ્રયોગશાળાઓમાં સંશોધન માટે પણ ગ્લીસરીન વપરાય છે. ગ્લીસરીનમાંથી બનાવેલાં પ્લાસ્ટિકોની વપરાશ વધતી જાય છે. સ્ફોટક પદાર્થો તેમજ કૃત્રિમ રેસીન બનાવનારને તો ગ્લીસરીન અમૂલ્ય રસાયન છે. તંબાકુ કેળવનાર તેને જલશોષક તરીકે વાપરે છે. સેલ્યુલોઝ ફિલ્મ બનાવનારને તે ઉપયોગી પ્લાસ્ટીસાઇઝર છે. ભઠિયારો પોતાની કેઈકનો સ્વાદ સાચવનાર તેમજ તેને તાજી રાખનાર પદાર્થ તરીકે ગ્લીસરીનની કિંમત આંકે છે.

વળી ગ્લીસરીન તદ્દન સલામત પદાર્થ છે. તે ખોરાકમાં લેવાથી વિષમય પદાર્થો પેદા થતા નથી. શરીરને કોઇ પણ ઈજા કે નુકસાન પહોંચાડ્યા વિના તે ખાઈ શકાય છે. (અનુસંધાન પૃષ્ઠ ૨૭૦મે)

નાયક-નાયિકા-વ્યવહાર

લેખક
યોગેન્દ્ર પ્રિયદર્શી

નાટ્યશાસ્ત્રમાં નાયક તથા નાયિકા વચ્ચેના વિવિધ વ્યવહારોનું પણ વિવરણ કરેલું છે. એટલેકે જુદીજુદી અવસ્થાઓમાં તેઓએ પરસ્પર કેવા પ્રકારનો અભિનય દાખવવો તે દર્શાવેલું છે. જેમકે અપરાધી નાયક સાથે નાયિકાએ કેવી રીતે વર્તવું, રીસાએલી નાયિકાને નાયકે કેવી રીતે મનાવવી, વગેરે. જોકે પ્રાચીન જીવનરીતિથી અત્યારનું જીવન ઘણું બદલાઇ ગયું હોવાથી નાયક-નાયિકા-વ્યવહારનું આ પ્રાચીન ચિત્ર અત્યારના જીવનમાં સંપૂર્ણ રીતે બંધબેસતું થાય તેવું નથી, પરંતુ સ્ત્રી ને પુરુષ વચ્ચે અમુક વ્યવહારો તો કોઇ પણ કાળમાં એક જ પ્રકારના રહેવા સર્જાએલા છે. અને તે કેવળ નાયક-નાયિકા વચ્ચેના જ નહિ, પરંતુ સ્ત્રીપુરુષ વચ્ચેના સનાતન વ્યવહારો છે. વળી તેમાં મનુષ્યસ્વભાવનું પણ ઊંડું દર્શન રહેલું હોવાથી અભ્યાસની દૃષ્ટિએ પણ તે રસિક થઇ પડે તેમ છે.

નાયકની વાટ જોતી નાયિકા અથવા પ્રિયની પ્રતીક્ષા કરતી સ્ત્રીનો અભિનય નાટ્યશાસ્ત્રમાં આ પ્રમાણે દર્શાવ્યો છે: પ્રિય આવ્યા કે નહિ એમ વારે વારે જોયા કરે; કંઈ શબ્દ સાંભળતાં જ 'એ આવ્યા' એવી ભ્રમણામાં પડીને ઉતાવળે દ્વાર પાસે આવી (જમણા હાથે કમાડ તથા ડાબા હાથે તોરણ પકડીને) ઊભી રહે તથા નાયકને ન જોતાં ચિંતાતુર બની શંકા, ભય, કંપ વગેરે દર્શાવે, અને ખેદયુક્ત બની દીર્ઘ નિશ્વાસ નાખી આંખમાં અશ્રુ લાવે તથા જમીન પર બેસી પડી નાયકના ન આવવા સબંધે અનેક શુભાશુભ વિચારો કરે. જેમકે: એ કંઇ કામ માટે રોકાયા કે એમને કોઈ સ્ત્રીએ રોકી રાખ્યા? વગેરે. વળી તે જુદાંજુદાં ચિહ્નો વડે પોતાને થતાં શુકન કે અપશુકન પણ જણાવે. તેમાં ડાબા અંગનાં સ્ફૂરણથી શુકન તથા જમણા અંગનાં સ્ફૂરણથી અપશુકન જણાવે. ડાબી તરફનાં નેત્ર, લલાટ, ભૃકુટિ, અધરોષ્ટ, ઉરુ (સાથળ), બાહુ (હાથ) કે સ્તનના સ્ફૂરણથી પ્રિય-મિલનની સંભાવના દર્શાવવી, તથા જમણા અંગના સ્ફૂરણથી તેની અસંભાવના દર્શાવવી. અપશુકનવાળાં લક્ષણો જણાય તો મૂર્છા, રુદન, આભૂષણો પ્રત્યેનો અનાદર, ગાલે હાથ દઈ શોકમગ્ન થઇ બેસવું વગેરે ખેદજનક ચેષ્ટાઓ કરવી; તથા શુકનવાળાં લક્ષણોમાં હર્ષોન્માદ વગેરે ભાવો દર્શાવવા તથા પ્રિય આવતાં શીઘ્રગતિથી તેની સામે જઇ તેનો ઉષ્મ સત્કાર કરવો.

પરસ્પર અનુરાગવાળાં નાયક-નાયિકા (સ્ત્રી-પુરુષ)ના એકબીજા પ્રત્યેના સર્વ વ્યવહારોમાં મધુર ભાવોનું આયોજન કરવું. અર્થાત્ તેમના મિલન સમયે બન્નેમાં મધુર ચિત્તવૃત્તિ, મધુર વચન, મધુર ચેષ્ટા (ઓષ્ટ, નેત્ર, ભ્રમર વગેરે અંગોનાં મધુર ચલનો) વગેરે મધુર વિલાસિત ભંગોની યોજના કરવી.

નાયિકાશૃંગાર: પ્રાચીન સમયની નાયિકાઓ નાયકના આવતાં પહેલાં સુંદર વસ્ત્રાલંકારોથી આભૂષિત થઇ સુગંધ પુષ્પાદિ પદાર્થોથી આત્મપ્રસાધિત બનતી તથા નાયક માટે પણ તેવા પદાર્થો તૈયાર રાખતી. અલંકાર-પ્રસાધનોનો પણ વિવેક કહ્યો છે. વધુપડતા અલંકરણથી વ્યક્તિનું નૈસર્ગિક રૂપ ઢંકાઇ જાય છે. આથી નાયિકા માટે નૂપુર, કંકણ, કટિમેખલા વગેરે મધુર ધ્વનિ કરતાં આભરણો કે અલંકારો યોગ્ય ગણ્યા નથી. આથી મુખ્ય નાયિકા કે ઉત્તમ સ્ત્રી-પાત્રો માટે ચંદન વગેરેનું અનુલેપન, નેત્રાંજન, કસ્તૂરી તથા અંબર વગેરેનો અંગરાગ, ઓષ્ટરાગ, કેશકલાપસંગ્રહ તેમજ વસ્ત્રાભૂષણ વગેરેનો અતિરેક નિષિદ્ધ ગણ્યાં છે. અર્થાત્ આજની દૃષ્ટિએ કહીએ તો, ઉત્તમ સ્ત્રીપાત્રોમાં પફ-પાઉડરના લપેડા, લિપસ્ટિક તથા કાજળનો અતિ પ્રયોગ, વાળની ચાપચીપ તથા કપડાં-ઘરેણાં વગેરેના ઠઠેરા અનુચિત કહ્યા છે, કારણકે ઉત્તમ સ્ત્રીઓનો તે સ્વભાવ નથી. પરંતુ અધમ સ્ત્રીઓનો તે સ્વભાવ હોવાથી તેવાં પાત્રો માટે તેનો બાધ નથી.

નાયક-નાયિકા-યોગ (મિલન): નાયક-નાયિકાનું મિલન ઉત્સવમાં, રાત્રી-અંધકારમાં, ઉદ્યાનમાં, સખીના ઘરમાં, કોઈ શૂન્યાગારમાં કે એવા કોઈ અનુકૂળ સ્થળમાં યોજવાનું કહ્યું છે. મિલન બાદ નાયકે પ્રથમ તો નાયિકા પોતાના પર અનુરક્ત છે કે વિરક્ત તે, ઉપર જણાવેલાં લક્ષણો પરથી નક્કી કરી લેવું અને તે અનુસાર વ્યવહાર કરવો એમ કહ્યું છે.

દૂતિકાર્ય: નાયક-નાયિકાના મિલનમાં દૂત કે દૂતિ મહત્ત્વનો ભાગ ભજવે છે, કેમકે એ જ તેમના મિલનના યોજક હોય છે. તેઓ ખૂબ જ ચાલાક હોવાં જોઇએ, કારણ કે નાયક-નાયિકા વચ્ચેનો અનુરાગ વધારી તેમનું મિલન કરાવી આપવાનું કાર્ય ખૂબ ચતુરાઈભર્યું તથા કઠિન છે. તેમણે આ કાર્ય કેવી રીતે કરવું તેનું પણ વિવરણ પ્રાચીન ગ્રંથોમાં ખૂબ રસપૂર્વક કરેલું છે. જેમકે દૂતિએ નાયક-નાયિકાને પરસ્પર અનુરાગ ઉત્પન્ન થાય તેવી ચતુરાઈભરી, પ્રેરક, મધુર, સમયાનુકૂલ તથા ગુપ્ત આશયવાળી સૂચક ભાષાનો પ્રયોગ



ખંડિતા નાયિકા (પતિથી ખિન્ન થઈ રીસાએલી સ્ત્રી)ના પ્રાચીન ચિત્રમાં 'પ્રણય-કલહ' (જુઓ લેખમાં)ના અભિનયનું આલેખન

કરવો; પરસ્પરના ભાવ તેમજ એકબીજાનાં ધન, કુલ, ગુણ વગેરેની અધિકતા જણાવી તેમનો અનુરાગ વધારવો, વગેરે.

પ્રણયકલહ: નાયક-નાયિકા (પતિ-પત્ની) વચ્ચેનાં રિસામણાં મનામણાં (શાસ્ત્રીય ભાષામાં પ્રણયકલહ) પણ સાંસારિક જીવનનું એક મહત્ત્વનું પાસું તથા રસિક ભાગ છે. તેનો અભિનય વર્ણવવાનું તો નાટ્યશાસ્ત્ર કેમ જ ભૂલે? એ અભિનય તેમાં આ પ્રમાણે આપેલો છે: પતિ જ્યારે અપરાધી થઈને આવ્યો હોય ત્યારે સ્ત્રીએ તેના અપરાધની કક્ષા અનુસાર તેને અનુક્રમે માન, અપમાન, સંમોહ તથા તિરસ્કારયુક્ત વચનોથી ઠપકો આપવો, તથા આંખમાં આંસુ લાવી, પોતાના આત્મા પ્રત્યે ધિક્કાર દર્શાવતાં ખેદયુક્ત વચનો કહેવાં. જેમકે: 'મેં કયા જનમનાં પાપ કર્યાં'તાં કે તમને પરણી;' 'હાય, હાય! આ શું થવા બેઠું છે! આના કરતાં તો મોત સારું!' વગેરે.

અથવા છાતી પાસે રાખેલા એક હાથની વચલી આંગળી હોઠ પાસે રાખી નાયકની સામે આશ્ચર્યભાવે એકીટશે જોયા કરવું; કે એક હાથ કમર પર રાખી મોં અવળું કરી ઊભા રહેવું; અથવા ત્રિછિન્ન આંગળીઓના લલિત મરોડ વડે તિરસ્કાર કે ફિટકાર દર્શાવવો.

વળી 'રૂડા દીસો છો (બહુ સારા લાગો છો!)'; 'તેને પ્રિય છો તો જાઓ, વાર શું કામ લગાડો છો?'; 'મને અડયા તો ખબરદાર! તમારા હૃદયમાં બેઠી છે તેની પાસેજ જાઓ;' વગેરે વગેરે વચનપ્રયોગ કરી બીજી તરફ ફરી જવું.

આ વખતે પતિ સ્ત્રીને મનાવવા તેના હાથ કે વસ્ત્ર ધારણ કરે (જુઓ 'ખંડિતા નાયિકા'નું ચિત્ર) તો સ્ત્રી 'હું—હું; છોડો,—છોડો; આઘા જાઓ' વગેરે ક્રોધવાક્યો બોલે. તે વખતે પતિ પણ જો 'જા ત્યારે!' એમ કહી તેને છોડી દે તો સ્ત્રી ક્રોધનો ત્યાગ કરી પતિ પાસે આવી ઊભી રહે, તથા તેના હાથ કે વસ્ત્ર ધારણ કરે. આ વખતે પતિ પણ ખુશ થઈ તેના હાથ કે વસ્ત્ર ગ્રહણ કરે. ત્યાર બાદ સ્ત્રી, પોતાનો પતિ જાણે નહિ તેમ, પોતાનો હાથ, વસ્ત્ર કે જે કંઈ તેણે પકડયું હોય તે, પોતાનું શરીર સંકોચી યુક્તિથી છોડાવી લે.

પુરુષ જ્યારે દોષિત (અન્ય સ્ત્રીમાં આસક્ત) હોય ત્યારે તેના પ્રત્યે સ્ત્રીને ચાર પ્રકારના ભાવો ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે: (૧) વૈમનસ્ય, (૨) વ્યલીક, (૩) વિપ્રિય તથા (૪) મન્યુ.

વૈમનસ્ય: સ્ત્રી જ્યારે પોતાના પતિને નિદ્રાયુક્ત, ખેદયુક્ત કે, આળસ-યુક્ત જુએ, તેમજ રતિચિહ્ન તથા ઓષ્ટ ઉપર વ્રણ વાળો જુએ ત્યારે તેને વૈમનસ્ય (ખટરાગ) થાય છે તે વખતે તે હોઠ ફરકાવી 'બહુ સારું કર્યું; બહુ શોભો છો' વગેરે રોષ વચનો કહે.

વ્યલીક: બહુ વાર વાર્યાં છતાં પોતાનો સ્વામી હમેશાં અન્ય સ્ત્રી પાસે જતો જ હોય તથા પોતાની ઉપર મત્સર રાખતો હોય ત્યારે સ્ત્રીને વ્યલીક (દુઃખ) થાય છે. તે વખતે તે ડાબો હાથ પોતાની છાતી પર મૂકી જમણો હાથ રોષથી ઝુલાવી પોતાના પગ પર મૂકે.

વિપ્રિય: પતિ જ્યારે 'હું તારો દાસ છું, તું મારી પ્રિય છો, તારા જીવવાથી જ હું જીવું છું' વગેરે વચનો કહે, પરંતુ વર્તન તેથી ઊલટું જ કરે, ત્યારે તે સ્ત્રીને વિપ્રિય (અપ્રિય) થાય છે.

મન્યુ: અન્ય સ્ત્રી સાથેના સંભોગચિહ્નવાળો પતિ પોતાની પત્ની પાસે આવી આત્મપ્રશંસા કરે ત્યારે સ્ત્રીને મન્યુ (ક્રોધ) થાય છે. આ ભાવ કટિમેખલા (કંદોરો) શિથિલ કરીને તથા કંકણ (બંગડીઓ) ભમાવીને દર્શાવાય છે.

રિસાયેલી આવી નાયિકા કેવા કેવા ઉપાયોથી ફરી વશ થાય છે, તેનું પણ નાટ્યશાસ્ત્રમાં વિવરણ કરેલું છે અને જણાવ્યું છે કે સ્ત્રીઓનો સ્વભાવ વિવિધ પ્રકારનો હોય છે તથા તેમનું હૃદય પણ ગૂઢ હોય છે. આથી તેમને મનાવવા માટે કામશાસ્ત્રમાં જણાવેલા પાંચ ઉપાયોનો પ્રયોગ કરવો. આ પાંચ ઉપાયો તે–

સામ: મધુર વચનથી વશ કરવું તે. જેમકે સ્ત્રીને 'હું તારો દાસ છું; તું મને અત્યંત પ્રિય છે; મારું જીવન તારે અધીન છે' વગેરે વચનો.

દાન: દ્રવ્ય, કે અન્ય લાલચો દ્વારા વશ કરવું તે. ભેટ.

ભેદ: ફાટફુટ પાડીને વશ કરવું તે. જેમકે સ્ત્રીને અન્ય પુરુષ સાથે પ્રીતિ થઇ હોય તો તે પુરુષ કે સ્ત્રીને કંઇક આપીને કે તેમને એકબીજા વિષે ઊલટુંસુલટું સમજાવીને તેમની પ્રીતિમાં ભેદ પાડવો તે.

દંડ: બંધન, તાડન, ભય કે શિક્ષા દ્વારા વશ કરવું તે.

ઉપેક્ષા: ઉપેક્ષા દ્વારા વશ કરવું તે.

આ ઉપાયો માત્ર સ્ત્રીઓ વિષે જ નહિ, પરંતુ કોઇપણ વ્યક્તિને વશ કરવા માટે સામાન્ય વ્યવહારમાં યોજાય છે એ તો જાણીતું છે. જેમકે પ્રથમ મીઠીમીઠી વાતોથી, પછી લાલચથી, અને તેથી યે ન માને તો ધાકધમકી કે શિક્ષા વગેરેથી આપણે સામી વ્યક્તિને મનાવવાનો કે વશ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. રાજકારણમાં પણ વિરોધીને વશ કરવા કે દબાવી દેવા આનો જ ઉપયોગ થાય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે મધ્યમ પ્રકારની સ્ત્રીઓને સામથી, લુબ્ધા, (લોભી સ્ત્રી)ને દાનથી, અન્ય સાથે પ્રીતિ રાખનાર સ્ત્રીને ભેદથી, તેમજ દુરાચારી સ્ત્રીને દંડથી વશ કરવી; અને આ સર્વ પ્રયોગોની અજમાયશ છતાં યે વશ ન થનારને ઉપેક્ષા દ્વારા વશ કરવી.

સંબોધન-પ્રકાર: પ્રાચીન નાટકોમાં જુદાજુદા ગુણોવાળા નાયકોને જુદાજુદા સંબોધનથી બોલાવવાની પ્રથા હતી. આ સંબોધનો મુખ્યત્વે બે પ્રકારનાં હતાં: પ્રિય તથા અપ્રિય.

પ્રિય! કાન્ત! વિનીત! નાથ! સ્વામી! જીવિત! નંદન! વગેરે નાયિકાની આનંદાવસ્થામાં યોજાતાં સંબોધનો 'પ્રિય' પ્રકારનાં છે.

દુઃશીલ! દુરાચાર! શઠ! વામ! વિરૂપક! નિર્લજ્જ! નિષ્ઠુર! વગેરે સંબોધનો અપ્રિય પ્રકારનાં છે, ને તે સ્ત્રીની ક્રોધાવસ્થામાં યોજાય છે. આ બધાં વિવિધ સંબોધન ને યોગ્ય વિવિધ નાયકનાં લક્ષણો નાટ્યશાસ્ત્રમાં આ પ્રમાણે આપેલાં છે.

પ્રિય: સ્ત્રીનું કંઇ અપ્રિય ન કરનાર કે બોલનાર તથા સરલ મૃદુ આચારવાળા પુરુષને સ્ત્રીએ 'પ્રિય' કહી બોલાવવો.

કાન્ત: જે પુરુષના હોઠ કે શરીર પર અન્ય સ્ત્રી-સમાગમનું ચિહ્ન ન જણાતું હોય તેને સ્ત્રીએ 'કાન્ત' કહેવો.

વિનીત: કઠોર શબ્દ ન બોલનાર તથા ક્રોધ પમાડયા છતાં શાંત રહેનાર પુરુષને સ્ત્રીએ 'વિનીત' કહેવો.

નાથ: સાન્ત્વન, દાન, દ્રવ્ય, સંભોગ તથા લાલનપાલન વડે સ્ત્રીને સેવનાર પુરુષને 'નાથ' કહેવો.

સ્વામી: હિતૈષી, માન કે મત્સર વગરનો, રક્ષક તથા સર્વ કાર્યોમાં ચતુર પુરુષને 'સ્વામી' કહેવો.

જીવિત: સ્ત્રીના મનમાં આવેલા વિચારોને જાણી લઇને તેની ઇચ્છાને અનુકૂળ થનારને 'જીવિત' કહેવો.

નંદન: કુલીન, નીતિમાન, દક્ષ, ચતુર, વાગ્-વિશારદ તથા સખીઓમાં પ્રશંસા કરવા યુક્ત હોય તેને 'નંદન' કહેવો.

દુઃશીલ: અસહિષ્ણુ, માની, ધૃષ્ટ, વિકત્થન (શેખીખોર).

દુરાચાર: સ્ત્રીને મારનાર કે મનફાવતું આચરણ કરનાર.

શઠ: સારીસારી વાતો કરીને તેથી વિરુદ્ધ આચરણ કરનારને—એક કહી અન્ય વસ્તુ કરનારને 'શઠ' કહેવો.

વામ: મના કર્યાં છતાં તેને તે કામ ફરીફરી કરનારને અથવા

(અનુસંધાન પૃષ્ટ ૨૯૫ મે)

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૯ · ભાદરવો ૧૯૮૦(સપ્ટેમ્બર ૧૯૨૪)

આજે પણ ભાદરવા માસનું મહત્ત્વ રેંટિયા બારસ(ગાંધી જન્મ જયંતી)થી મનાય છે, તો ઈ. ૧૯૨૪માં જ્યારે મુક્તિવાંછુ દેશના એકમાત્ર તારણહાર તરીકે ગાંધીજીની પ્રતિભા સોળે કળાએ પ્રકાશવા લાગી હતી તે કાળમાં 'કુમારે' પોતાના ભાદરવા (સપ્ટેમ્બર) અંક—પહેલા ગાંધી જંયતી અંક—માટે વિશિષ્ટ તૈયારી કરી હોય એમાં નવાઈ નથી. શ્રી રવિશંકર રાવળના ખાસ સ્કેચ સાથે ઉઘાડ પામતા એ અંકમાં આ દેશમાં 'કુમારે' જ સૌપ્રથમ ગાંધીજીના બાળપણના, કુમારવયના અને જુવાનીના ફોટોગ્રાફો ખાસ મહેનતથી મેળવીને છાપ્યા હતા, અને ગાંધીજીના અંતેવાસી સ્વ. મહાદેવભાઈને વિનતિ કરીને 'એ પ્રેમળ જ્યોતિ' પર ખાસ લેખ લખાવ્યો હતો. શક્ય હોય તેમને એ અંક મેળવીને એ આખો લેખ વાંચવાની ભલામણ કરીને અહીં તો એની તારવણી જ આપી શકીએ છીએ:

મને કુમાર જ ગણીને મારું ઘડતર ગાંધીજીએ કેવી રીતે શરુ કર્યું તેની એકાદ બે વાત કરું તો તે કુમારોને વધારે રુચશે.

૧૯૧૭ની સાલમાં એક દિવસે બેતીઆમાં તેમણે મારું ઘડતર શરુ કર્યું. એ દિવસ મારો જન્મદિવસ હતો. સવારે મને આજ્ઞા થઈ કે મારે રોટલી વણવી! હું કોઈ દિવસ ચૂલા પાસે બેઠો નહોતો. મેં કહ્યું, 'મને શી રીતે આવડશે?' ગાંધીજી કહે, 'વેલણ, લોટ ને પાણી છે; પછી કેમ ન આવડે?' મેં લોટ બાંધવા માંડ્યો. પાસે એક જણ હતો તેની મદદ લઇ લોટ બાંધ્યો. આમ ચોરીથી લોટ બાંધવાનું કામ ચાલતું હતું ત્યાં ગાંધીજી નાહીને આવ્યા. 'આ શું ચાલે છે? મારે તો લોટ તારી પાસે બંધાવવો હતો; રોટલી તારી પાસે વણાવવી હતી.' ગાંધીજીના શબ્દોમાં ખસુસ કરીને કડકાશ હતી. મારી ધીરજ ન રહી. મેં મારાં આંસુએ લોટને પલાળ્યો. હું વિમાસતો હતો ત્યાં તો ગાંધીજી પોતે બેઠા અને રોટલી વણવાનો પદાર્થપાઠ આપવા લાગ્યા. પછી મારી પાસે વણાવી, ને કાચીપાકી શેકેલી તે રોટલી પોતે ભાવપૂર્વક આનંદથી આરોગી. આનંદથી આરોગીને જ પોતાનાં વચનોની કડકાશ તેમણે કાઢી લીધી.

મીણથી પણ મુલાયમ અને કઠણ વજ્રને પણ ભેદે એવું પોતાનું સ્વરૂપ તેમણે એ પહેલે જ દિવસે મને દાખવી દીધું. મેં ગાંધીજીને કહ્યું, 'આજે મારો જન્મદિવસ છે.' ગાંધીજીએ કહ્યું, 'સાચે જ તારા જન્મની આજે શરૂઆત થાય છે.' તે દિવસથી તેમણે મારી અપંગતાનો નાશ કરવો શરુ કર્યો. મને કપડાં ધોતાં પોતે શીખવ્યું, પાયખાનું સરસ સાફ કરતાં પોતે શીખવ્યું, મગની દાળને ઓરતાં પહેલાં તેનાં છોડાં સાફ કરતાં તેમણે શીખવ્યું, ને નાનામાં નાની વસ્તુ ઉત્તમમાં ઉત્તમ રીતે કરવાનો પાઠ તેમણે જ આપ્યો. એક દિવસ પાકીટ ઉપર ટિકિટ બરાબર ઠેકાણે નહોતી ચોડી તે ઉખેડાવીને બરોબર સ્થાને ચોડી દેખાડી: એક વાર કાગળ ચીરીને ખોટે ઠેકાણે નાખ્યા હતા તે વીણાવીને યોગ્ય સ્થાને નખાવ્યા. 'નાનું કામ સરસરીતે કરવાની દરકાર ન રાખો તો મોટા કામમાં પણ તમે બેદરકાર જ રહેવાના. योगः कर्मसु कौशलम् નો બીજો અર્થ નથી.'

ફ્રેંચ વિચારક પાસ્કલને વિષે કહેવાય છે કે તેણે પોતાના ખાનગી જીવનને એટલું બધું જાહેર કરી મૂક્યું હતું કે જે અષ્ટકોણીઆ ઘરમાં તે રહેતો હતો તેની આસપાસ તેણે આઠ ખૂણે કાચનાં જ બારીબારણાં બનાવડાવ્યાં હતાં કે જેથી તેની કોઇ પણ પ્રવૃત્તિ સૌ કોઈ જોઈ શકે. ગુપ્તતા વિષેનો ગાંધીજીનો અણગમો એથી પણ આગળ જાય છે. અનેકવાર તેમને કહેતા સાંભળ્યા છે કે 'મારી પાસે ગુપ્ત જેવી એકે વસ્તુ નથી. કેટલીક ક્રિયાઓ ખાનગી હોઇ શકે, પરંતુ કોઇ પણ ક્રિયા–મનની કે શરીરની એવી ન હોવી જોઈએ કે જે આપણે બીજાને ન બતાવી શકીએ.' અને એ જ ધોરણે તેઓ અનેકવાર પોતાને લાગતી પોતાની ભૂલો, પોતાના મનમાં ચાલતી અનેક ક્રિયાઓ જાહેરથી અજાણી નથી રાખતા. તમસમાંથી જ્યોતિમાં જવાનો માર્ગ જ એ છે, અને પોતાની ખામીઓ તથા ભૂલો કહીને અનેક જણની પાસે પોતપોતાનાં પાપ કબૂલ કરાવ્યાં છે.

અને પાપ જાણ્યા પછી પાપમોચનનો ઉપાય પ્રાયશ્ચિત્ત જેવો બીજો કશો જ નથી. પોતે પ્રખર પ્રાયશ્ચિત્ત કરે છે–પોતાને માટે ને પોતાનાંઓને માટે. જે વૃત્તિથી ચૌરીચૌરાને માટે તેમણે પાંચ દિવસના ઉપવાસ કરવાનું અને પ્રચંડ સત્યાગ્રહ બંધ કરવાનું પ્રાયશ્ચિત્ત કર્યું, તે જ વૃત્તિથી ખાનગી જીવનમાં પણ તેમણે અનેક પ્રાયશ્ચિત્તો કરેલાં છે ને કરાવેલાં છે. એ જ અસત્‌માંથી સત્‌માં જવાનાં, મૃત્યુમાંથી અમૃતમાં જવાનાં પગથિયાં છે એમ તેઓ વારંવાર જણાવે છે. એમણે કહેલું: 'મારા પિતાશ્રીનો મારા ઉપર પારાવાર પ્રેમ હતો; તેમનું ઋણ તો જન્માંતરમાં યે મારાથી ન ભુલી શકાય. પણ હું તેમની ચોથી વારની પત્નીનો પુત્ર હતો અને તેમનો ક્રોધ બહુ હતો એ બે વાત મારા મનમાંથી કદી નીકળતી જ નથી અને એ જ્ઞાન મને જે દિવસે પહેલવહેલું થયું તે દિવસે મેં એકપત્નીવ્રત પાળવાનું અને ક્રોધને જીતવાનું પણ લીધું.'

ઘણાં વરસની વાત છે. ત્યારે રંકની સાથેના અનુસંધાનના સાધન તરીકે રેંટિયાનો પ્રચાર ગાંધીજીએ શરુ કર્યો ન હતો. અમે પટનાથી દિલ્હી જતા હતા. મોગલસરાઈ સ્ટેશન ઉપર ટિકિટ બદલાવવાની હતી. અતિશય ટાઢના દિવસ, એટલે મેં ગરમ પાટલૂન અને ઓવરકોટ પહેરેલાં હતાં. પાટલૂન પહેરતાં મેં રજા પણ લીધેલી. સ્ટેશન આવ્યું એટલે ઊતરીને હું ટિકિટ બદલાવવા ગયો, ને તરત બદલાવી લઈ આવ્યો. ગાંધીજીએ પૂછ્યું, 'આટલી વારમાં? તમે કોની પાસેથી લઈ આવ્યા?' મેં ખુલાસો કર્યો. જરા વિચારમાં પડીને કહે 'તમે અંગ્રેજીમાં વાત કરેલી કે હિંદીમાં?' મેં કહ્યું, 'અંગ્રેજીમાં.' થઈ રહ્યું. વિષાદયુક્ત વાગ્ધારા ચાલી: 'હું જાણતો જ હતો. ઓવરકોટ ને પાટલૂનનો ભભકો તો ખરો જ, અને તેમાં વળી અંગ્રેજીમાં વાત કરો; એટલે પૂછવું જ શું? પેલો અંજાઇને ટિકિટ આપે એમાં નવાઈ શાની? પણ તમને ખબર નથી કે કોઈ મારા જેવો ગરીબડો ગાય જેવો ટિકિટ લેવા જાય તો તેને અર્ધો અર્ધો કલાક રોકે છે ને ઘણી-

વાર તેમની ગાડી જાય છે, તમારે સમજવું જોઈએ કે આપણે ત્રીજા વર્ગમાં ફરીએ છીએ તે ગરીબનાં દુ:ખો અને હાડમારી જોવા, તેમની હાડમારીના સાથી થવા, અને તેના ઉપાયો શોધવા. આપણે ગરીબની જેમ વર્તીએ, ગરીબની ભાષામાં બોલીએ, તો પેલા આપણી સાથે, ગરીબની જોડે જેવી બે-જવાબ રીતે વર્તે છે તેવી રીતે જ વર્તે અને તેમ થાય એટલે આપણે તેમને ઠેકાણે આણી ભવિષ્યમાં ગરીબોની સાથે સરખી રીતે વર્તતાં શીખવીએ.' સાત વર્ષ ઉપર બનેલા આ પ્રસંગના ભણકારા હજી સુધી મારા કાનમાં વાગે છે.

ગોરખપુરમાં એક જંગી સભા હતી. એવી જંગી સભા મેં કદિ નથી જોઈ. લાખ માણસની મેદની જામી હતી. ગાંધીજી પહેલાં શૌકતઅલી, મહમદઅલી કે કિચલુ, કોનું ભાષણ ચાલતું હતું તે મને યાદ નથી. કોલાહલ ખૂબ મચી રહ્યો હતો. તે વખતે ગાંધીજી 'યંગ ઇન્ડિયા' માટે એક અદ્દ્ભુત લેખ લખી રહ્યા હતા. કોલાહલથી કે પાંચ મિનિટ પછી પોતાને બોલવું પડશે એ વિચારથી એમની તન્મયતામાં જરા પણ ખલેલ પહોંચતી નહોતી. ગાંધીજી કહે છે કે 'તન્મયતા વિના મેં કંઇ કામ કર્યું નથી.' અનેક વાર માણસોને હતાશ થતા જોઇને તેમણે કહ્યું છે, 'મેં મારી અપૂર્ણતાઓને જીતવાનો કેટલો પ્રયત્નો કર્યો છે તેની તમને ખબર નથી. હજી મારામાં અપાર અપૂર્ણતા ભરેલી છે.' એકવાર પોતાના બાળકાળની કથા કહેતાં કહે, 'આજે મારામાં તમે જે નિર્ભયતા જુઓ છો તે નિર્ભયતા લઇને જ હું જન્મ્યો હતો શું? એ નીડરતા હું ૧૭ વર્ષનો થયો ત્યાં સુધી તો મારામાં ક્યાં યે નહોતી. ત્યારે તો હું ભારે ડરકણ હતો. મને તો રાત્રે ઘરમાં દીવા વિના ઊંઘ જ ન આવતી. બહાર જતાં કોઇ સાથે ન હોય તો ઘરમાંથી બહાર પગલું મૂકવાની હિંમત ન ચાલતી. મને ભૂતપ્રેતની બીક લાગતી. વિલાયતમાં તો ચાર વર્ષમાં એકે ઠેકાણે મેં ક્યાંયે ભાષણ કર્યું હોય એમ યાદ નથી.' એ ભીરુતાનો તેમણે કેટલે બધે અંશે નાશ કર્યો છે તે સૌ આજે જાણે છે. એ નાશ તેમણે સતત પ્રયત્નથી જ કર્યો. 'હું કાંઇ નિશાળમાં ભારે હોશિયાર વિદ્યાર્થી હતો એમ ન સમજશો. એકાદ સ્કૉલરશિપ તો મને મળી હતી. પણ હું એવો એકલવાયો બેસી રહેતો, એવો ડરકણ અને શરમાળ હતો કે બધાં મને 'ઢ' જ માનતા. અને તે બરાબર હતું. મેં કાંઈ બહુ વાંચ્યું નથી. મારા કરતાં તમે બહુ વાંચ્યું હશે.'

આ છેલ્લા વચનની સરળતામાં કટાક્ષ નહોતો જ, પણ મારી સ્થિતિ જોઈને એ કટાક્ષરૂપે મેં મને લાગુ પાડયું. અનેક પુસ્તકો વાંચ્યા છતાં તેની કશી અસર જીવન ઉપર પડતી નથી, જ્યારે જીવન ઉપર અસર પાડવાને ખાતર જ ગાંધીજીએ પુસ્તકો વાંચ્યાં છે. રસ્કિનના જે પુસ્તકે ગાંધીજીના જીવનને ફેરવી નાખ્યું તે પુસ્તક ગાંધીજીના હાથમાં પહેલવહેલું મૂકનાર માણસ, જેવા પંદર વર્ષ ઉપર હતા તેવા ને તેવા જ આજે છે. ત્રીસત્રીસ વર્ષ ઉપર વાંચેલાં પુસ્તકો તેમના મનમાં એવાં રહી ગએલાં છે કે તેના ઉલ્લેખ તેઓ અણધાર્યે પ્રસંગે અને અણધારી રીતે કરે છે. એકવાર ગાંધીજી કલકત્તામાં સમાજસુધારા પરિષદના પ્રમુખ તરીકેનું પોતાનું ભાષણ લખાવતા હતા. ભાષણમાં એક વાક્ય આવ્યું: આપણે એવી રીતે સેવા કરીએ કે જમણે હાથે જે કરીએ છીએ તેની ડાબાને ખબર પણ ન પડે. ત્યારે જ તે ઉત્તમ સેવા કહેવાય. સર ગિબીના કાર્યની ભારે અસર થઈ, કારણ તેની કોઈને ખબર નહોતી.' મેં પૂછ્યું, 'એ સર ગિબી કોણ?' ત્રીસ વર્ષ ઉપર વિલાયતમાં એ નામની એક નવલકથા એમના હાથમાં આવેલી. તેમણે એક દિવસમાં એ પૂરી કરીને છોડેલી. એની વાત એમણે ખૂબ આનંદથી કહી સંભળાવી વિલાયતનાં પાયખાના તો અહીંનાં પાયખાનાં કરતાં અનેકગણાં સ્વચ્છ હોય છે. લંડનની કોઇ હૉટેલના પાયખાનામાં પોણો કલાક બેસીને એ પુસ્તક એમણે વાંચેલું. મને કહે: 'મૂગી સેવાનું માહાત્મ્ય ગાનાર એ એક સુંદર નવલકથા છે.'

ભગવદ્ગીતા તો તેમણે સેંકડો વાર વાંચી હશે; પણ બાઈબલ અનેક વર્ષ ઉપર વાંચ્યા પછી પાછું વાંચ્યું હોય કે નહિ તેની ખબર નથી. પણ એકવાર મારે બાઇબલમાંથી કેટલાક ઉત્તમ ફકરા જોઈતા હતા. એ માટે હું ભાઈ ઍંડ્રુઝ પાસે ગયો. તેમણે મને કહ્યું, 'બાપુ એ ફકરા જેટલા જલદીથી બતાવશે તેટલા જલદીથી બીજું કોઈ નહિ બતાવે!' આજે જે જીવનની પવિત્રતા જોઇને ખ્રિસ્તીઓ હેરત પામે છે તેની કૂંચી ગાંધીજીના અપાર સંકલ્પબળમાં તો છે જ, પણ તેમના આદર્શ વિદ્યાર્થીજીવનમાં પણ છે. તેમણે ઉત્તમ એવું કશું જ નથી વાંચ્યું કે જે તેમણે પોતાના જીવનની સાથે વણી ન લીધું હોય. તેમના જીવનમાંથી નીકળતા આશાના અમર સંદેશનો જો ઈનકાર કરીએ તો તો તેમનું જીવન જાણ્યું અને જોયું મિથ્યા થાય. એ જોવાનું ને જાણવાનું જેમને મળતું તે સૌ ધન્ય ભાગ્ય છે. એવા અનેક ધન્ય ભાગ્ય જીવોની સાથે આ દીન લેખકનું શિર પણ એ પ્રેમળ જ્યોતિના સ્મરણમાં નમે છે, ને સહજ ભાવે ઉદ્ગાર નીકળી જાય છે:

ઓ 'અકૂલેર કૂલ, ઓ અગતિર ગતિ
ઓ અનાથેર નાથ, ઓ પતિતેર પતિ;
ઓ નયનેર આલો, ઓ રસનાર મધુ;
ઓ રતનેર હાર, ઓ પરાનેર બંધુ.'

(કૂલ=કિનારો; આલો=પ્રકાશ; રસના=જીભ; પરાનેર=પ્રાણના)

આ ઉપરાંત 'રાષ્ટ્રદેવ' અને 'રાષ્ટ્રધ્વજ' ઉપરના ખાસ લેખો, 'કાળા માથાનો માનવી શું ન કરે?' શીર્ષક લેખમાં માનવીએ વિજ્ઞાનક્ષેત્રમાં સાધેલી અદ્દ્ભુત સિદ્ધિઓનું નિરૂપણ, તથા 'કિરીટ' અને 'ઈતિહાસદર્શન'ના ચાલુ હપતા હતા.

'પૂછો તંત્રીને' એ મથાળા નીચે વાચકો તરફથી આવેલા પ્રશ્નોના જે જવાબો એ વેળા અપાતા તેમાં જ્ઞાન-વિજ્ઞાનની રસમય વાનગીઓનો સમાવેશ થતો. તે પૈકી એક:

'પાણીનું ટીપું શાથી ગોળ હોય છે?' પાણીનું ટીપું ગોળ હોવાનું કારણ ગુરુત્વમધ્યબિન્દુનો નિયમ છે સૃષ્ટિના એ નિયમને અનુસારે બધી વસ્તુઓ મધ્યબિંદુ તરફ આકર્ષાય છે. એક દાખલો લઇએ. કોઈ મદારીનો ખેલ થતો હોય કે કાંઈ નવાઈ જેવી વસ્તુ જોવાની હોય ત્યારે લોકો ટોળે મળે છે, એ ટોળું કેવા આકારનું હોય છે? ગોળ જ. કારણ કે જોવાની વસ્તુ જોનારને ચારે તરફથી ખેંચે છે. એ ટોળું ચોરસ, ત્રિકોણ કે લંબગોળ નથી હોતું તેનું એ જ કારણ છે. ટોળામાં દરેક માણસ એ જોવાની વસ્તુ (મધ્યબિંદુ) તરફ આકર્ષાય છે, ને તેથી ટોળું સ્વાભાવીકરીતે જ ગોળ બની જાય છે. એ જ પ્રમાણે પાણીના ટીપાનું પણ સમજવું. પાણીનું ટીપું પાણીના અસંખ્ય નાનાં નાનાં અણુઓનું બનેલું છે. એ અણુઓ ગુરુત્વમધ્યબિંદુના નિયમ અનુસાર એકબીજાને વળગીને જોડાએલાં છે, તેથી તેનો આકાર ગોળ છે.


નાટ્યશાસ્ત્ર (અનુ૦ પૃ૦ ૨૭૩થી ચાલુ)

જણાવ્યું હોય તેથી ઊલટું કરનારને 'વામ' કહેવો.

વિરૂપ: પોતાની સ્ત્રીના રૂપની પ્રશંસા તથા તેનું અભિમાન કરનારને 'વિરૂપ' કહેવો. તેને વિકત્થન (શેખી કરનાર) પણ કહે છે.

નિર્લજ્જ: વાર્યા કે તિરસ્કાર કર્યા છતાં જે સમજે જ નહિ તથા અપરાધી થઈ આવેલો (અન્ય સ્ત્રી પાસે જઇ આવ્યાનાં ચિહ્ન વાળો) હોય તેને 'નિર્લજ્જ' કહેવો.

નિષ્ઠુર: સ્ત્રીને પ્રસન્ન કરવાની આવડત વિનાનો છતાં રતિસુખની માગણી કરનારો તથા અપરાધી હોય તેને 'નિષ્ઠુર' કહેવો.



ફળઝાડ માટે રક્ષણાત્મક રસાયણો [ચિત્રબોધ] અમેરિકાના ખેતીવાડી ખાતાના બુલેટિન પરથી સંપાદક: **ડૉ. નરસિંહ મૂ. શાહ**

જમીનમાં રાસાયનિક ખાતરો ઉમેરવાથી પાક સારો ઊતરે છે. પણ છોડ ઊગ્યા પછી પણ તેને રક્ષણ આપવાની જરૂર કેટલીક વાર ઊભી થાય છે. આ રક્ષણ છોડ-ઝાડને ખાઈ જતા જીવ-જંતુઓ અને પાકને નુકસાન પહોંચાડનાર ફૂગોત્પાદક રોગો સામે આપવાનું હોય છે. આ કામ માટે વપરાતાં રસાયનો છોડના કોઈ પણ ભાગને નુકસાન પહોંચાડયા વિના કામ આવે તેવાં હોવાં જોઇએ.

ખેતીમાં વપરાતાં જંતુ-વિનાશકોના ત્રણ ભાગ કરી શકાય : (૧) છોડનાં ફૂળાં પાંદડાં ખાઇ જતાં ચાવકણાં જંતુઓ સામે વપરાતાં રસાયનો : સીસાનો આર્સેનેઇટ, કૅલ્શ્યમ (ચૂનાનો) આર્સેનેઇટ અને પારીસ ગ્રીન વગેરેનો સમાવેશ આમાં થાય છે. (૨) ઝાડને કોરીખાતાં જીવડાં સામે વપરાતાં રસાયનો: ગંધક-ચૂનો, તંબાકુનો ભૂકો (જેમાં નીકોટીન હોય છે) અને કેરોસીન સાથે બીજી દવાઓ મેળવીને બનાવેલાં મિશ્રણો. (૩) ધનેડાં, ભૂંડ એવા અનાજમાં પડતાં જંતુઓ સામે વપરાતાં રસાયનો: આમાં કાર્બન ડાયસલ્ફાઈડ, હાઇડ્રોસાયેનિક ઍસિડ, ઇથાઈલ ઍસિટેટ-કાર્બન ટેટ્રાક્લોરાઇડનું મિશ્રણ વગેરે આવે. આ વર્ગીકરણ સંપૂર્ણ નથી. એક પદાર્થ બીજા વિભાગમાં પણ વાપરી શકાય. આમાંનાં પહેલા વર્ગનાં રસાયનો પેટમાં ઝેરી અસર પેદા કરે છે; બીજા વર્ગનાં સંસર્ગ-ઝેરો છે.

સફેદ સોમલને સોડિયમ નાઈટ્રેડ સાથે ગરમ કરવાથી સોડિયમ આર્સેનેઈટ બને છે. આમાંથી સીસાનો અને ચૂનાનો આર્સેનેઇટ બનાવાય છે. પારીસ ગ્રીન એટલે આર્સેનિક ઍસિડમાં તાંબાનો એસીટેટ નાખીને બનાવેલો તાંબાનો આર્સેનેઈટ.


ફૂગનાં દર્દો તો જીવડાં કરતાં પણ વધારે ભયંકર છે. એક વાર ફૂગ ઝાડમાં પેઠી એટલે રસાયનો વડે પણ તેને કાઢવી મુશ્કેલ પડે છે. ઘઉંમાં ગેરૂ પડે છે તે એવી જાતનું દર્દ છે.

કેટલીક વાર એક, બે યા ત્રણ રસાયનોનાં મિશ્રણ કરીને વપરાય છે. જંતુવિનાશક અને ફૂગવિનાશક રસાયનોનાં મિશ્રણો સાથે પણ છંટાય છે. ફળના બગીચામાં આ મિશ્રણો ખાસ ઉપયોગી થાય છે. એનું વિગતવાર નિદર્શન આ ઉપરના આલેખમાં કરાવ્યું છે. એમાં બહારના વર્તુલમાં ઝાડનાં નામ આપ્યાં છે; તે પછી જીવડાંનાં નામ આપ્યાં છે અને તેની સામે કયાં કયાં રસાયનો ઉપયોગી થાય તે દર્શાવ્યું છે. મધ્યમાં આપેલા વર્તુલમાંનાં રસાયણો તે પછીના વર્તુલમાંનાં કયાં કયાં રસાયનોની સાથે વાપરી શકાય એ કેન્દ્રમાંથી છુટા પાડીને સ્પષ્ટ કર્યુ છે. 'વધુ અનાજ પેદા કરો'ની આજે ચાલતી ઝુંબેશમાં આ માહિતી ઉપયોગી થશે એમ માની અહીં આપી છે. કેમકે ફળોને પણ આપણા આહારમાં ચોક્કસ સ્થાન છે.

ટિકિટસંગ્રહ : આજનો સંસારવ્યાપી શૉખ



બીજા મહાયુદ્ધમાં સેવા આપી છુટા થએલા એમેરિકન નાગરિકોના માનમાં એ દેશે કાઢેલી ટિકિટ: આજ ડિઝાઈન વાળાં સોનાનાં બટન પણ એ દેશે પ્રત્યેક છુટા થનાર નાગરિકને દેશ તરફના માનચિહ્ન તરીકે ભેટ આપ્યા હતાં.



ગઈ ૧૫મી ઑગસ્ટે, ત્રીજા સ્વાતંત્ર્ય-દિનના સ્મરણમાં હિંદના ટપાલખાતાએ સોળ પ્રકારની નવી ટિકિટોનો જે સમૂહ બહાર પાડ્યો તેનો પરિચય ગયા અંકમાં આપ્યો હતો. એ ટિકિટોની સાથોસાથ, તે દિવસે ચોડી મોકલવા માટે, બીજા દેશોની જેમ હિંદે પણ, તે દિવસના સ્મરણમાં 'ફર્સ્ટ-ડે કવર' કાઢેલાં, તેનો નમૂનો ઉપર આપ્યો છે. (જોકે ટિકિટ શોખીન વાચકોએ તો તે મેળવ્યાં જ હશે.) 'કુમાર'ના આ વિષયના વાચકોના પરિચિત શ્રી હરિલાલ બૅંકરને ટિકિટ-સંગ્રહના શૉખ અંગે દેશપરદેશમાં જે અસંખ્ય મૈત્રી-સંબંધો છે તે સૌને એમણે તે દિવસે સંખ્યાબંધ આવાં કવરો, બની શકે તેટલા વૈવિધ્યવાળી નવી ટિકિટો ચોડીને મોકલેલાં, તેમાં 'કુમાર'ને પણ તેમણે વિસાર્યું ન હતું એ કવર ઉપર પૃથ્વીના પરિપાલક વિષ્ણુની (શંખ-ચક્ર-ગદા-પદ્મધારી) સુંદર પ્રાચીન ધાતુમૂર્તિ આપી છે તેમાં પણ પૂરું ઔચિત્ય છે. મૂર્તિને મથાળે તથા નીચે અંગ્રેજીમાં 'સ્વાતંત્ર્યદિનપાકીટ' અને '૧૫ ઑગસ્ટ ૧૯૪૯', તથા પડખે 'હિંદી ટપાલ અને તાર ખાતા તરફથી પ્રકાશિત' એમ લખેલું છે. આ ઉપરાંત તે દિવસે બહાર પડેલી નવી ટિકિટો રદ કરવા માટે, ટપાલખાતાએ તે દિવસ પૂરતી ખાસ છાપ મારવાના સિક્કા પણ યોજેલા, તેની છાપ પણ ઉપરના કવરમાં દેખાય છે. આ અંકને છેલ્લે પાને એ છાપનું વધુ સ્પષ્ટ ચિત્ર તેની સમજણ સાથે છાપેલું છે.

ટિકિટ-સંગ્રહ વિષેની પ્રાથમિક માહિતી ગયા અંકમાં આપણે મેળવી; જેમાં ટિકિટો કોને કહેવાય, તેના પ્રકાર કયા કયા, તેમાંથી સંગ્રહ કરવા જેવું ખાસ અગત્યનું કેટલું ને આ શૉખનું સાચું રહસ્ય શું તેનો વિચાર કર્યો હતો. હવે ટિકિટોનો સંગ્રહ કેમ શરૂ કરવો તેની વ્યવહારુ બાજુ જાણવી શરૂ કરીએ.

સૌથી પહેલી અગત્યની અને ખાસ કાળજી રાખવાની મુખ્ય બાબત એ કે તમારા સંગ્રહ માટે જે કોઈ ટિકિટ મેળવો તે કોઇ પણ રીતે કોઈ પણ પ્રકારની નુકસાનીવાળી હોવી ન જોઈએ. ટિકિટ-સંગ્રહનું આ પહેલું સૂત્ર છે. એનો જરા જેટલો છેડો કે કિનાર સુદ્ધાં ફાટેલી કે તરડાએલી ન હોવી જોઈએ; પોસ્ટ-માર્ક સિવાય એના ઉપર બીજો કોઈ પણ જાતનો ડાઘ હોવો ન જોઈએ, અને પોસ્ટ-માર્ક પણ બને તેટલી આછી ને સ્પષ્ટ હોવી જોઈએ. (પોસ્ટ-માર્ક વિનાની ટિકિટો મળવી શકય હોય તો તો ઉત્તમ જ); ઉપર ઘસારો કે કરચલી પડેલી ન હોવી જોઈએ; મેલી ન હોવી જોઈએ; તેની ચોમેરના પરફોરેશન (કાકર)નો એક પણ દાંતો ખંડિત ન હોવો જોઈએ; અને તેની છાપ પણ વાંકીચૂંકી પડેલી ન હોવી જોઈએ,—એટલે કે ચોમેર

એકસરખી સફેદ જગ્યા કોરી રહી હોય ને તેની બરોબર વચ્ચોવચ ટિકિટ છપાએલી હોવી જોઈએ. અમુક ટિકિટો મૂળથી જ કાકર વિનાની, એટલે કે કાતરથી કપાઈને આવે છે. તેમાં પણ ચોમેર સફેદ જગ્યા એકસરખી રહેલી હોવી જોઈએ, ને કાતરના કાપ વડે ટિકિટની કોઈ પણ કિનાર ખંડિત થએલી હોવી ન જોઈએ. ઉપર પૈકીની કોઇ પણ ખામી જો ટિકિટમાં રહી ગઇ હોય તો તે 'ડૅમેજ્ડ' એટલે કે ખંડિત ટિકિટ ગણાય અને તે રદબાતલ થવાને પાત્ર લેખાય. ટિકિટ-જગતના વ્યવહાર કે વિક્રય-વિનિમય—અદલાબદલા કે વેચાણ માટે તેનું કશું મૂલ્ય ગણાતું નથી. કોઈ ટિકિટ પર પોસ્ટ-માર્ક પણ એટલી ઘેરી હોય કે ઉપરના ચિત્રવસ્તુને ઢાંકી દઇને દર્શનીય રહેવા ન દેતી હોય તો તે પણ બદલી લેવી સારી. કેટલીક વાર 'સ્ટૅમ્પ-બુકલેટ્સ'–ટપાલ ઑફિસે કાઢેલી ટિકિટની નાની ચોપડીઓમાંથી નીકળતી ટિકિટોની એક તરફની આખી કાકરના દાંતા કપાઇ ગએલા હોય છે. આવી ટિકિટો પણ ખામીવાળી જ ગણાય છે.

સામાન્યરીતે રેવન્યુ સ્ટૅમ્પનો સમાવેશ ટિકિટ-સંગ્રહમાં થતો નથી એ આપણે અગાઉ જોઈ ગયા. પણ કેટલેક સ્થળે રેવન્યુ અને ટપાલ બંને હેતુ માટે એક જ ટિકિટ ચાલતી હોય છે. એવી જગ્યાએથી મળેલી ટિકિટ પર, તે ટપાલના ઉપયોગ માટે વપરાઇ હોવાની ખાતરી તરીકે તેના પર પોસ્ટ-માર્ક પડેલી હોવી જોઈએ. રેવન્યુ તરીકે તે વપરાય ત્યારે તેના પર હાથનું લખાણ કરેલું હોય છે. એવી લખાણવાળી ટિકિટ સંગ્રહ માટે નકામી; કેમકે 'ટિકિટ-સંગ્રહ'-નો ખરો અર્થ અને હેતુ 'ટપાલ-ટિકિટો' પૂરતો જ મનાય છે.

કેટલાક દેશોમાં ટિકિટના વેપાર કરનારી મોટીમોટી પેઢીઓ, જથ્થાબંધ ટિકિટો ટપાલખાતા પાસેથી અગાઉથી જ રદ કરાવીને ખરીદી લે છે. એવી ટિકિટો ઉપર રદ થયાની ખાસ નિશાનીઓ તરીકે કાપા, આંકા વગેરે કરવામાં આવે છે. આવી ટિકિટો 'પ્રિ-કૅન્સલ્સ' કહેવાય છે. એ બીજી બધી રીતે તો સ્વચ્છ ને સંપૂર્ણ હોય છે, છતાં ટિકિટ-સંગ્રહની દૃષ્ટિથી તો, ચાલુ ટપાલમાં છાપ વાગીને રદ થયેલી સામાન્ય ટિકિટો જ બહેતર પસંદગી યોગ્ય ગણાય છે. કેટલીક પેઢીઓ પોતાની આવી ટિકિટોની ચોરી થતી અટકાવવા માટે તેમાં ઝીણાં છિદ્રો વડે પોતાની પેઢીના પ્રથમાક્ષર નિશાની તરીકે વીંધે છે. આ પદ્ધતિ પણ ટિકિટને અમુક અંશે જફા પહોંચાડનારી જ ગણાતી હોઈ, તેવી ટિકિટ સંગ્રહ માટે સંપૂર્ણ યોગ્ય નથી ગણાતી. ટિકિટોનો આમ વેપાર ચાલતો હોવાથી કેટલાક દેશો તો વળી પોતાની ચાલુ જરૂરિયાત ઉપરાંત સેંકડો ગણી વધુ ટિકિટો છાપી કાઢે છે. આની પાછળ ટિકિટ-રસિયાઓના શૉખનો લાભ લઇ કમાણી કરવાનો જ હેતુ હોય છે, બેલ્જીઅમે તો વળી ઈ. ૧૯૪૧માં છ પ્રકારની એવી ટપાલ-ટિકિટો કાઢેલી, જે ટપાલ ઉપર ચોડવા માટે ચાલેલી જ નહિ. આ, અલબત્ત, ટિકિટો નહિ પણ 'લેબલ' જ લેખાય, અને તેની કાંઇ જ કિંમત ન ગણાય.

ટિકિટ-સંગ્રહ માટે કેવી ટિકિટ સર્વથા યોગ્ય અને મૂલ્યવાન ગણાય તેની વિગતવાર માહિતી આપણે ઉપર જોઇ. તે પરથી હવે દરેક ટિકિટ-સંગ્રાહકે એ બધા મુદ્દા ખ્યાલમાં રાખીને, એકેએક મુદ્દાવાર ચકાસી ચકાસીને જ પોતાના સંગ્રહ માટે ટિકિટ પસંદ કરવી. જેઓને જાતે ટિકિટો ઉખેડવાનો પ્રસંગ આવતો હોય તેમણે પણ ઉપર જણાવેલી દૃષ્ટિ રાખીને, ખૂબ કાળજીપૂર્વક, ટિકિટને જરા સરખી જફા તો શું પણ ઘસારો સુદ્ધાં ન પહોંચે એ રીતે તે ઉખેડવી. તેને માટેની સૂચના તથા ટિકિટ-સંગ્રહનાં સાધનો વિષે હવે પછી.

નવાં પ્રકાશનો

શ્રી હિંમતલાલ ગણેશજી અંજારિયા સંપાદિત 'કાવ્ય-માધુર્ય' એ ગુજરાતી કાવ્યોનું કદાચ સૌથી પહેલું સંચયન (ઍન્થૉલૉજી). ત્યાર પછી વિવિધ ઉદ્દેશથી એવા ઘણા સંગ્રહો થયા છે, પણ 'કાવ્ય-માધુર્ય'નું વ્યક્તિત્વ આગવું જ રહ્યું છે. એ જ શ્રી હિ. ગ. અંજારિયાએ ઇ. ૧૯૧૦ થી ૧૯૪૮ સુધીમાંનાં કાવ્યોમાંથી ચયન કરીને 'કાવ્ય-માધુર્ય'નો અનુગામી સંગ્રહ 'કાવ્ય-સૌરભ'ના નામથી બહાર પાડ્યો છે (પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી લિમિટેડ મુંબઇ, ૩૩૬ પાનાં, પાકું પૂઠું, કિંમત રૂપિયા ૩.), જેમાં શ્રી બલવન્તરાય ઠાકોરથી માંડીને શ્રી નિરંજન ભગત સુધીના ૬૩ આધુનિક કવિઓની કૃતિઓમાંથી પસંદ કરેલાં ૧૬૬ કાવ્યોનો સમુચ્ચય ચાળીસેક પાનાંની નોંધો સાથે આપ્યો છે. કવિતારસેચ્છુઓને એ ઉપયોગી નીવડશે.

*

મહાન કલાગુરુ મહર્ષિ નિકોલસ રોરિકના નામથી 'કુમાર'-ના વાચકો અજ્ઞાત નથી. જગતના અગ્રણી કલાકારો પૈકીના એક હોવા ઉપરાંત તે ચિંતનશીલ લેખક, ફિલ્સૂફ, પુરાતત્ત્વવિદ ને શોધસફરી હતા; સંખ્યાતીત ચિત્રોનાં સર્જન ઉપરાંત એમણે અનેક વિદ્વત્તાભર્યાં ગ્રંથો રચ્યા છે અને દુનિયાભરના વિવિધ દેશોમાં કલાસંઘો સ્થાપ્યા છે. એમની આ સર્વતોમુખી પ્રતિભાનાં વિવિધ પાસાંઓનો પરિચય કરાવતી, 'કુમાર'થી લગભગ બમણા મોટા કદની, ૪૮ પાનાંની પુસ્તિકા મુંબાઇના યૂથ્સ આર્ટ ઍન્ડ કલ્ચર સર્કલ (૧૭૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨) તરફથી સ્વચ્છ સુઘડ છપાઈમાં ચાર રૂપિયાની કિંમતે બહાર પડી છે, જેમાં ચાર પૂર્ણરંગી અને ડઝન ઉપરાંત સાદાં ચિત્રો હોવા ઉપરાંત વિદ્વાન લેખકોના વિચારપૂર્ણ લેખો છે. એ કલાગુરુનો પરિચય આપતા મોટા અને મોઘા ગ્રંથો જેમને ઉપલબ્ધ ન હોય તેમને આ પુસ્તિકા સહાયભૂત થાય તેવી છે.

*


આપણા સાહિત્યમાં કોઈ પાસું નબળું રહી જવા પામ્યું હોય તો તે હાસ્યનું. એ દિશામાં પારસીઓએ ઠીકઠીક સાહિત્ય ને સામયિકો આપ્યાં છે. એક ઉત્સાહી વહોરા યુવક મંડળ તરફથી 'ઉમ્મીદ' નામનું એક માસિક નીકળે છે. તેમણે હમણાં તેનો 'હાથથી ગએલો અંક' નામે હાસ્યાંક બહાર પાડ્યો છે, (સંપાદક 'બેખુદ', ૫૨-એ, રહેમત બિલ્ડિંગ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબાઇ-૩) જેમાં વિવિધ રીતે રમૂજી સાહિત્ય આપવાનો નિખાલસ પ્રયત્ન થયો છે.

અંધારી રાતે (અનુસંધાન પૃ૦૨૬૬થી ચાલુ)પણ તે ચાલુ થતાંમાં તો ફ્રન્ટિયરનો સમય થઇ ગયો. ડ્રાઈવરે ફ્રન્ટિયરની પહેલાં બસ ગોધરા પહોંચાડી દેવા બસ મારી મૂકી. પણ કૅબિન આગળ ફ્રન્ટિયર સાવ પાસે આવી લાગ્યો. ડ્રાઈવરે બીજા દીવાથી નિશાની કરી બસને લૂપ લાઈન પર લઇ લેવા સૂચવ્યું. રામલાલે તો એ કશું સમજ્યા વિના એના દીવાને ફ્રન્ટિયર મેલનો દીવો માની લૂપ લાઇન સાથે જોડાણ કરી દીધું અને પાછળ આવતા ફ્રન્ટિયર મેલને ગુડ્ઝ સમજી તેનું મેઇન લાઈન સાથે જોડાણ કરી દીધું. પરિણામે બસ અને ફ્રન્ટિયર, બંને અકસ્માતમાંથી ઊગરી ગયાં હતાં.

'વેરી વેલ ડન યન્ગ મૅન! વેરી વેરી બ્રિલિયન્ટ વર્ક!' ડી. ટી. એસે. ફરીથી રામલાલનાં વખાણ કર્યાં. રામલાલથી એ સહેવાયું નહિ. એણે જમીન પર બેસી જઈ પોતાના બે હાથ વચ્ચે માથું નાખી દીધું.

પંદર દિવસ પછી ખાસ ડી. ટી. એસ.ના ઑર્ડરથી રામલાલને પ્રોમોશન મળ્યું ત્યારે તેણે પોતાના સદ્ભાગ્યથી આનંદ પામવાને બદલે રાજીનામું કેમ આપ્યું એ કોઇ સમજી શક્યું નહિ.

કેતન મુનશી



ધરતી–સંસ્કૃતિનો છેડો

ગ્રીનલૅન્ડની છેક ઉત્તરે આવેલો, બેઠા ઘાટનો, સપાટ શિખરવાળો આ ડુંગર માનવ-વસવાટનું અને આધુનિક સંસ્કૃતિનું ઉત્તર દિશામાં છેક અંતિમ બિંદુ છે. એની પાર બરફ છાએલો માત્ર અફાટ ખાલી અવકાશ છે, જે, ઉત્તર ધ્રુવ પર થઇને પૃથ્વીની પેલી પાર પહોંચે છે. આજની સંસ્કૃતિના પ્રતીકરૂપ, દરિયા પર ફરતી રડીખડી ડેન્માર્કની સ્ટીમર અને કિનારા પર છવાએલાં એસ્કીમો લોકોનાં છુટાંછવાયાં ઝૂંપડાં પર ખડી ચોકી દેતો એ નાનકડો પર્વત 'થ્યૂલ' નામથી ઓળખાય છે. ગ્રીકો અને રોમનો ધરતીના છેક ઉત્તર-છેડાને થ્યૂલ કહેતા; એટલે ડૅનિશ શોધસફરી નુડ રાસ્મુસ્સેને ઈ. ૧૯૧૦માં તેને એ નામ આપ્યું, કારણ કે હાલની સંસ્કૃતિનો ઉત્તર તરફનો એ છેલ્લો સીમાડો છે. એની પાર પછી છેક ઉત્તર ધ્રુવબિંદુ સુધી તો સદાકાળ થીજેલા રહેતા બરફનો ધુમ્મસ છાએલો ખાલી કરાળ અવકાશ જ માત્ર પથરાએલો પડ્યો છે.

આજથી ૫૭ વરસ પહેલાં, ઈ. ૧૮૯૨માં આ નાનકડા અખાતમાં પહેલો સુ-સંસ્કૃત માનવી આવી નાંગર્યો. એ હતો અમેરિકન શોધસફરી રૉબર્ટ પીઅરી. પોતાની ઉત્તર ધ્રુવની સફરની છેલ્લી તૈયારીઓ તેણે અહીં કરી લીધેલી. ત્યારથી–એટલે માત્ર ૫૭ વરસથી અહીંના એસ્કિમો લોકો ઘડિયાળ ને બંદુક જેવાં આધુનિક સંસ્કૃતિનાં પ્રતીકોના સંપર્કમાં આવ્યા. પીઅરી પછી ૧૯૧૦માં રાસ્મુસ્સેને આ પર્વતનું નામ પાડયું; ૧૯૩૭માં ડૅનિશ સરકારે તેને પોતાના ગ્રીનલૅન્ડ પ્રદેશની હકુમતમાં સામેલ કર્યું; ને ગયા મહાયુદ્ધમાં અમેરિકન સરકારે ત્યાં હવાઈ મથક તથા હવામાન-નોંધણીનું સ્ટેશન સ્થાપેલું.

એમ કેમ?

જોડા ચૂં ચૂં અવાજ કેમ કરે છે?

ઘણા એમ માને છે કે જોડા નવા હોવાથી આમ થાય છે. પણ તે ખોટું છે, કેમકે બધા જ નવા જોડા કે ચંપલ અવાજ કરતા નથી હોતા. ખરું કારણ તો એ છે કે તે અવાજ ચામડાનાં જુદાંજુદાં પડો એકબીજા સાથે ઘસાવાને કારણે જ થાય છે. ચામડાના દરેક બે પડ વચ્ચે યોગ્ય ભરાણ ન મૂકવામાં આવ્યું હોય તો આમ બને છે. આ અવાજ કામચલાઉ બંધ કરવાનો એક ઉપાય એ છે કે જોડા કે ચંપલનો ¾ ભાગ પાણીમાં સારી પેઠે ડુબાડીને પછી તે વાપરવા. કાયમ માટે તે અવાજ દૂર કરવા માટે મોચી પાસે ખીલા ઠોકાવી લેવા અથવા બહારનું સોલ કાઢી નાખી તેની વચ્ચે પાઉડર કે ગરમ કાપડનો કકડો મુકાવી ફરી સીવડાવી લેવા.

*

કેળાં લીલાં હોય છે ત્યારે જ કેમ ઉતારી લેવાય છે?

કેળાં ઝાડ પર જ જો પાકવા દેવામાં આવે તો તેમની કુદરતી વાસ ચાલી જાય છે, છાલ ફાટી જાય છે, જીવજંતુ તેમાં પ્રવેશે છે ને પછી સડવા માંડે છે, અને એવાં ખરાબ થઇ જાય છે કે ખાવા માટે યોગ્ય રહેતાં નથી. તેવાં કેળાં ખાવાં આરોગ્યને હાનિકારક છે. માટે જ કેળાં લીલા રંગનાં હોય ત્યારે તેને ઝાડ પરથી ઉતારી લેવામાં આવે છે, જેથી તેમાંના સ્ટાર્ચનું ખાંડમાં પરિવર્તન થાય છે.

અથાણું

ભૂલકણા પ્રોફેસરે કેમિસ્ટની દુકાને જઇ કહ્યું: 'મોનાસેટિક ઍસીડસ્ટર ઓવ સીલીસીલિક ઍસિડની ટીકડીઓનું પૅકેટ આપો.'

ગુંચવાએલા દુકાનદારે થોડી વાર વિચાર કરી પૂછ્યું, 'સાહેબ! આપને ઍસ્પિરિન જોઇએ છે?'

'હા, એજ! સાળું એ ઍસ્પીરીન નામ જ યાદ રહેતું નથી!'

એક લેખકે લાંબો લેખ લખી તે પર 'લોહીનો વરસાદ' મથાળું કરી એક તંત્રી પર રવાના કર્યો. જવાબમાં તંત્રીએ લખ્યું, તમારો લેખ બિલકુલ યોગ્ય છે, પરંતુ મથાળામાં એક શબ્દની ભૂલ જણાય છે––'શાહીનો વરસાદ' એ મથાળું વધુ યોગ્ય બનશે.

પહેલો ગાંડો—મારો એક પૈસો એક હજાર રૂપિયા બરાબર છે.
બીજો ગાંડો—અને મારી એક મિનિટ એક હજાર વર્ષ બરાબર છે.
થોડી વાર બાદ બીજો—ત્યારે મને એક પૈસો આપ તો.
પહેલો—એક મિનિટ થોભ.

મોટરમાં બેઠેલા ઉતારુએ પોતાની છત્રી દૂર ઊભેલા કંડક્ટરના પેટને અડાડી પૂછ્યું, 'શું આ રતનપોળ છે?'

કંડક્ટરે જવાબ આપ્યો, 'ના ભાઈ આ તો મારું પેટ છે.'


ગअટે (અનુ૦ પૃ. ૨૬૩થી) પ્રધાન રસ તો રંગભૂમિમાં જ રહ્યો. જોકે અંતકાળની એમની કૃતિઓ ઉત્કૃષ્ટ હોવા છતાં પ્રચલિત ન થઈ, કારણ કે એમાં શિલરનો કરુણ રસ ઘેરો થતો ગયો અને નાટકોમાં ગअટેની કલમ કથળતી ગઈ. ઈ. ૧૮૦૦ના વર્ષમાં બંનેને અલ્પ કાળની માંદગી આવી, ને નવી સદીના ઉષઃકાળમાં તો જગતની રંગભૂમિ પરથી રૂસો, લેસિંગ, ક્લૉપ્સ્ટૉક ને હેર્ડર ચાલ્યા ગયા. આમ જીવનમાં આળા ઊતરતા જતા હતા ત્યાં, ૧૮૦૫ની ૯મી મેએ, ગअટેના જીવન પર જાણે એક શીહા અંધકાર ઊતર્યો. એ દિવસે સાંજે અચાનક શિલરનું મૃત્યુ થયું. પણ એના સમાચાર ગअટેને આપવાની કોઇની છાતી ચાલી નહિ. સૌને સ્તબ્ધ જોઇ ગअટે બોલી ઊઠ્યો: 'શિલર વધુ માંદો છે?' તો ય કોઈને વાચા ફૂટી નહિ. ગअટે ફરી બોલી ઊઠ્યો: 'એમ લાગે છે કે શિલરની છેલ્લી ઘડીઓ છે.' પણ પોતાના જ શબ્દો પડઘા રૂપે પાછા મળતાં આખી રાત એણે રડી રડીને કાઢી. સવારે એને સમજાઇ ગયું કે '–તો શીલર ગયો?' ગअટેની જાણે એક પાંખ કપાઈ ગઇ. શિલરમાં એણે શું શું ખોયું એનો અંદાજ એક વાક્યમાં એણે આપ્યો: 'મેં મારો મિત્ર ખોયો; પણ એમાં હું મારો અરધો પ્રાણ ખોઇ બેઠો.' પણ અંતે તો શિલરના શબ્દો 'મૃત્યુ અમંગલ હોય જ નહિ, કારણકે એ સાર્વભૌમ છે' એમાં જ એણે આશ્વાસન શોધવાનું હતું.

ઘડીક તો એ શિલરનું અપૂર્ણ નાટક પૂર્ણ કરવા મથ્યો. પણ આઘાત એટલો તો પ્રબલ હતો કે કંઇ ચેન ન પડ્યું તે ન જ પડ્યું. ગअટેને પોતાનો ગણનાર એકમાત્ર માનવી શિલર ચાલી જતાં એનું સારું યે બહિર્જગત ચાલી ગયું. જીવનમાં ક્યારે ય નહોતો બન્યો એવો નિરાધાર એ બની ગયો. પણ નિરાધારીમાં નમી પડે તો એ ગअટે નહિ! હવે પછી એ જીવનભર અંતર્મુખ બની ગયો. એણે કઠોર કર્મયજ્ઞ પ્રગટાવી તપસ્વીનું જીવન આરંભ્યું ને ૧૮૦૮માં એનું મહા કાવ્યનાટક 'ફાઉસ્ટ' જગતને અર્પણ થયું ને તેના બીજા ભાગ રૂપે પ્રાપ્ત થનારું વિશ્વમાંગલ્યનું ગાન આલાપવા ઋષિવર જેમ ગअટે ચેતનાપ્રવૃત્ત થયો.

ઈ. ૧૮૦૬માં વાઇમાર પર ફ્રેન્ચ સૈન્યે ઘેરો ઘાલ્યો અને અંતે એ શહેરનું પતન થયું. એ વેળા ફ્રેન્ચ સૈનિકોના હાકોટા સામે પોતાના ઘરમાં રહેલા ગअટેનું ક્રિસ્ટીઆનીએ રાતભર રક્ષણ કર્યું. એની આ શહૂર અને નારીશક્તિ આગળ ગअટેનું હૃદય નમી પડ્યું, ને જેની સાથે કેવળ ગાંધર્વવિવાહ જેમ સોળ વર્ષ લગી જીવન ગાળ્યું હતું તેની સાથે, એ આત્મલગ્નના છેક સોળમે વર્ષે, આ પ્રસંગ પછી પાંચમે જ દિવસે તેણે વિધિસરનું લગ્ન કરી લીધું.

આ સમયે યુરોપનો વિજેતા વીર નેપોલિયન વાઈમાર પાસેથી પસાર થઈ રહ્યો હતો. ગअટેનો એ એક રસિક ભક્તજન હતો. યુરફુર્ટમાં આવીને દર્શન આપવાનું એણે ગअટેને આમંત્રણ આપ્યું. નેપોલિયનને તે સ્લાવની સામે યુરોપી સંસ્કૃતિનો સંરક્ષક માનતો. તેણે સહર્ષ એના આમંત્રણનો સ્વીકાર કર્યો. ૧૮૦૮ના ઑક્ટોબરની બીજીએ સવારે અગિયાર વાગ્યે આ બે મહાપુરુષોનું મિલન થયું. ગअટેને જોતાંવેંત જ નેપોલિયનના આશ્ચર્યમુગ્ધ હૃદયમાંથી 'આ રહ્યો માનવી!' એવા શબ્દો નીકળી પડ્યા. ગअટેના સ્વાસ્થ્ય ને સાહિત્યની એણે મુક્ત કંઠે પ્રશંસા કરી અને પારીસને પાવન કરવાનું આમંત્રણ આપ્યું.

આ વર્ષમાં જ એની માતાનું મૃત્યુ થયું. આ સમયે, યૂનાના એક પ્રકાશકની પુત્રી મિન્ના હેર્ઝલીની પ્રણયછાયામાં રહીને એણે 'Die Wahlverwandtschaften' (દી વાહ્લ્વેરવાંડશાફ્ટેન)



ગअટે જ્યાં અવસાન પામ્યો તે ઓરડો

નામની નવલકથા રચી. ચાર પાત્રોનાં મનોવિશ્લેષણ પર રચાએલી આ નવલકથાથી 'વિલ્હેમ માઈસ્ટર'ની જેમ જર્મન સાહિત્યમાં એક વધુ સાહિત્યપ્રકારનો પ્રારંભ થયો. વેર્ટર વાંચીને જર્મનીમાં જેમ આત્મહત્યાનો વા વાયો, તેમ આ નવલ વાંચીને છુટાછેડાનો વા વાયો!

૧૮૧૨ના જુલાઈમાં જગવિખ્યાત સંગીતસ્વામી બેથોવેન સાથે બેથોવેનની સહચરીની પ્રેરણાથી ગअટેનું મિલન થયું. પરસ્પરની પ્રતિભાથી અંજાવા છતાં બેમાંથી એકેને સંપૂર્ણ સુખદ અનુભવ ન થયો. બેથોવેને ગअટેમાં કવિને અયોગ્ય એવો ચાટુતાપ્રેમ અનુભવ્યો; જ્યારે ગअટેએ બેથોવેનમાં કળાકારને અયોગ્ય એવો અહંકાર અનુભવ્યો. આમ છતાં યે બે મહાપુરુષને શોભે એવો જ એમનો પરિચયપ્રસંગ નીવડ્યો. બેથોવેને ગअટેનાં અનેક ગીતોની અને 'એગમોન્ટ' નાટકની સ્વરરચનાઓ આલેખી.

૧૮૧૦માં 'પૅન્ડોરા' રચીને એણે પોતાની 'ક્લાસિકલ' અને રૂપક-શૈલીનું અંતિમસીમાચિહ્ન આંકી દીધું. અહીં એના સાહિત્યનો બીજો (સ્વાસ્થ્યપૂર્ણ શૈલીનો) યુગ વિરામ પામ્યો. ૧૮૧૧માં પોતાના મનોગતની અમૂલ્ય વિગતો નોંધતી આત્મકથાનો પ્રથમ ભાગ અને ૧૮૧૨-૧૪માં બીજો અને ત્રીજો ભાગ એણે પ્રગટ કર્યાં, અને ત્યાર પછી ત્રણ વર્ષ લગી અંતર્મુખ રહેલી એની દૃષ્ટિ યુરોપની સીમાઓ ઓળંગીને દૂરદૂરના પૂર્વના પ્રદેશો પર જઈને ઠરી ગઈ. બહારનું બધું જ પોતાનું કરી લેવાની એની પિપાસાનું જ આ લક્ષણ હતું. પ્રથમ એણે કાલિદાસ વાંચ્યો. પણ 'શાકુન્તલ'નો પ્રેમ એને પાનો ચડાવી શકે એમ નહોતો. એની પ્રકૃતિને કાલિદાસ છેક પ્રતિકૂળ તો ન નીવડ્યો; પણ આ બુઝર્ગ કવિના હૃદય પર હાફિઝે તો એવો કંઈ કીમિયો કર્યો કે ૧૮૧૪માં હ્રાઈન-પ્રદેશમાં રખડતાં રખડતાં એ મારીઆન ફૉન વીલમારના પ્રેમમાં પડી ગયો. પોતાને હાતિમ અને મારીઆનને ઝુલેખા કલ્પીને હાફિઝની શૈલીમાં એણે 'વેસ્ટઑસ્ટલિશેર દીવાન' (પશ્ચિમી દીવાન) રચ્યો, જે ૧૮૧૯માં પ્રગટ થયો.

૧૮૧૬ના જૂનમાં એના સુખદ અને હર્યાભર્યા ગૃહજીવન પર આફત આવી પડી. ક્રિસ્ટીઆનીનું મૃત્યુ થયું અને એનું રહ્યુંસહ્યું આલંબન પણ ગયું. પચ્ચીસ વર્ષના સહજીવનની એ સમાપ્તિને એણે 'The only profit of my life is to lament her loss' કહીને અંજલિ આપી. ક્રિસ્ટીઆનીમાં જાણે પોતે ઈટલીનો આત્મા ખોઇ બેઠો હોય એમ, હવે છેક ૭૦ની વયે ૧૮૧૬-૧૭માં, 'ઈટાલીએનીશ રાઈસ'માં ઇટાલીનો પ્રવાસ લખ્યો ને વાઇમારના નાટક-ઘરના સંચાલનનું એકમાત્ર રહેલું કાર્ય પણ સંકેલીને નિવૃત્તિ લીધી.

૧૮૨૧માં મારીએનબાડમાં માંડ વીસ વર્ષની ઉલ્રીકે ફૉન લેવેત્સોવ સાથે આ વયમાં બુઢ્ઢો બનેલો કવિ પ્રેમમાં પડ્યો! આમ ૭૪ વર્ષની વયે એનામાં પ્રણય-વૃત્તિ જાગે એમાં એનો દોષ ન હતો. જેનાથી નેપોલિયન જેવો પણ અંજાઇ ગયો હતો એ એના દેહ-સૌંદર્યને સ્પર્શવામાં સ્વયં કાળ પણ કામયાબ નીવડ્યો ન હતો. અંતમાં જુદાઇને જોતો છતાં એ પ્રેમમાં પડતો. એની પ્રણયશૈલી જ કંઈક એવી હતી. વિરાગથી પ્રેરાઈને જ એ અનુરાગ અનુભવતો. એની આ પ્રણયવૃત્તિ પ્રત્યે યુરોપમાં સમજ અને અણસમજ બન્નેથી સભર એવા ભિન્નભિન્ન પ્રત્યાઘાતો પડ્યા છે. પણ સ્વ૦ મહાદેવભાઇના આ શબ્દોએ ગટેની સાચી સેવા કરી છે: 'એના જીવનમાં ત્યાગ અને ભોગ, વિલાસ અને વૈરાગ્ય બંને ઊભરાય છે. પણ ભોગ અને વિલાસમાંથી આખરે એને છૂટકો તો ત્યાગ અને વૈરાગ્યમાંથી જ જડ્યો છે; ને પ્રયત્નશીલ મનુષ્યને માટે સદાય આશા છે એવું અનુભવવાક્ય એ મૂકી ગયો છે.' ૧૮૨૨માં આ પ્રેમપ્રસંગને પરિણામે રચાએલી 'ટ્રિઑલૉજી હેર લાઇડેનશાફ્ટ' એની નાની કૃતિઓમાં છેલ્લી હતી; કારણ કે એ પછી એણે આપેલી બન્ને કૃતિઓ મહાકાય છે.

હવે પછીનો જીવનનો છેલ્લો દશકો, એકરમાનને અપવાદ ગણીએ તો, એ અટૂલો પડી ગયો. ૧૮૦૫માં શિલર, '૦૯માં માતા, '૧૬માં પત્ની, એમ સ્વજનો ચાલી ગયાં હતાં. શાર્લોટનું મૃત્યુ જોકે ૧૮૨૭માં થયું, પણ એની મૈત્રી તો લગભગ લુપ્ત જેવી જ હતી. ૧૮૨૮માં વાઇમારના ડ્યૂકનું મૃત્યુ થયું, પરંતુ એની સાથેનો સંબંધ પણ પહેલાં જેટલો પ્રબલ રહ્યો ન હતો. એણે આજ લગીમાં જીવનની નાનાવિધ લીલાઓ ખેલી લીધી હતી. સાહિત્યના એકેએક પ્રકારમાં કલમ ચલાવી દીધી હતી. હવે ઊર્મિનું નવું ઝરણ ઊતરી આવે એવું એકે ગ શિખર રહ્યું ન હતું ત્યારે કવિની કલમ 'ફાઉસ્ટ'ની પૂર્ણાહુતિમાં સ્થિર થઇ અને આયુષ્યની ત્રણ પચ્ચીસીને પેલે પાર પહોંચેલો કવિ પોતાની સકલ ચેતનાપ્રજ્ઞાથી એ મહાકૃતિને મંડિત કરી રહ્યો.

આ સમયમાં જ, ક્રમેક્રમે જીવનભર રચાતી રહેલી એની મહાકથા પણ 'વિલ્હેમ માઇસ્ટર્સ વાંડરયાર'ને નામે પૂર્ણાહુતિ પામી. એમાં એના જીવન અને કળા વિષેના અંતિમ અને સૂક્ષ્મ વિચારો, એની સહાનુભૂતિનો વિસ્તાર, એના દર્શનની વિશાળ દૃષ્ટિ, એ બધું આબેહૂબ આલેખાયું છે. એમાં બેથોવેનની સ્વરરચનાનું સદ્ભાગ્ય પામેલું એનું જગવિખ્યાત 'ઇટાલીનું ગીત' અને નેપોલિયને એની નગરીમાં પ્રવેશ કર્યો ત્યારે પ્રુશિયાની રાણી લુઈઝાએ ઉચ્ચારેલું ગીત, એ બે તો અનન્ય ગીતરચનાઓ છે. એ બીજું ગીત તો સ્વ૦ મહાદેવ ભાઇએ ૧૯૩૨માં પોતાની ડાયરીમાં ગટેની પ્રથમ મૃત્યુશતાબ્દીને દિવસે ઉતારેલું:

'Who has not cut his bread with sorrow,
Who hasn't spent the mid-night hours
Weeping and watching for to-morrow,
He knows you not ye heavenly powers!'

[જેણે સંતપ્ત દિલે પોતાનો રોટલો ખાધો નથી, જેણે કાલને મા રડીને અને જાગીને આજની રાત પસાર કરી નથી, તે, હે ભગવાન તને ઓળખતો નથી.] કાર્લાઇલે આ કથાનો સુન્દર અનુવાદ કર્યો અને ગટે સાથે અંગત પરિચય કેળવ્યો.

આ કાળમાં એકરમાન એનો એકમાત્ર નિકટનો સાથી હતો. ૧૮૨૩માં એણે પોતાની કૃતિ 'બાઇટ્રેગ ત્સુર પોએસી'ની હાથપ્રત ગટેને જોવા મોકલી. તે પછી તરત જ એ વાઇમાર જઇને ગટેને ચરણે બેસી એનો અંતેવાસી બની ગયો, અને આખર લગી એની અને એના વિચારોની સેવા કરી. ગટેના મૃત્યુ પછી ૧૮૩૯-૪૦માં ગટેનું સંપૂર્ણ સાહિત્ય ચાલીસ પુસ્તકોમાં પ્રગટ કરીને એણે મિત્રઋણ અદા કર્યું ને અંતે 'ગટે સાથેના વાર્તાલાપો'માં ગટેનાં ચિંતન અને દર્શનના નિષ્કર્ષ નોંધીને તો પોતે પણ જર્મન સાહિત્યના એક મહા ગ્રંથના રચયિતાની પ્રતિષ્ઠા પામ્યો. આ પુસ્તકમાં એણે કોઇ આત્મિક ની આગળ જ જે પ્રગટ થાય એવી ભાષામાં વ્યક્ત થએલું ગટેનું મનોગત સંપૂર્ણ સચ્ચાઇથી ને નાજુકાઈથી જગત આગળ ધર્યું છે.

એકરમાન ઉપરાંત બાયરન, સ્કૉટ અને કાર્લાઇલ જેવા અંગ્રેજ મિત્રોને, મેન્ઝૉની જેવા ઈટાલિયન મિત્રોને, અને અન્ય ફ્રેન્ચ કવિઓ વિજ્ઞાનીઓને પણ ગટે અક્ષરદેહે મળી લેતો. જર્મન કવિઓમાંથી ઊર્મિગીતોના રચયિતા લેખે એના જેટલો જ સત્ત્વશીલ કવિ હાઈન પણ આ સમયે આ તીર્થસ્વરૂપ તપસ્વીની દર્શનયાત્રા કરી ગયો, જેને અંતે, આ ઉમરે પણ ગટેમાં વિલસી રહેલા ચૈતન્યથી ચકિત થએલો હાઈન નોંધી ગયો છે કે 'ગટે જ્યારે હાથ હલાવતો ત્યારે જાણે તારાઓને એમની દિશાઓ ભણી દોરવી રહ્યો છે એમ લાગતું!'

૧૮૩૧ની ૨૮મી ઑગસ્ટે તેણે છેલ્લી વર્ષગાંઠ ઊજવી ને ૮૨ વર્ષની વૃદ્ધ વયે પોતાના બે પૌત્રોને ખભે ટેકાઇને, પુત્રવધૂને પગલેપગલે દોરાઇને, વાઈમારની નૈઋત્યે આવેલી જીકેલહેનની ટેકરી પર વસવા ચાલી નીકળ્યો. જ્યાંથી એ પાછો ન ઊતર્યો. ૫૧ વર્ષ પૂર્વે અહીં જ એક બારી પાસે પેન્સિલથી લખેલી પોતાની પેલી ગીતપંક્તિઓ પર એની નજર ફરી ગઇ: 'તું યે થશે પરમ શાંતિ મહીં જ લીન!' એ પારાવાર નીરવતામાં લીન થવાની શ્રદ્ધા સાથે ૧૮૩૧ની આખરે વિશ્વમાંગલ્યનું મહાકાવ્ય 'ફાઉસ્ટ' એણે જગતને અર્પણ કર્યું.

૧૮૩૨ના માર્ચની ૭મીએ એને શરદી થઇ. આ અંતિમ દિવસોમાં એણે હ્યુગો, પ્લૂટાર્ક ને યુરીપીડિસની રચનાઓ વાંચી. ૧૯મીએ રોજનિશિમાં એણે અંતિમ નોંધ ટાંકી: 'માંદગીએ મને દિવસભર પથારીમાં રાખ્યો.' ૨૨મીની સવારે એના મુખમાંથી અસ્પષ્ટ મર્મરધ્વનિ નીકળ્યો 'સુન્દર સ્ત્રીમુખ, એના અંબોડાનો આંક, એનો મોહક વર્ણ, ને એની શ્યામ...' ખંડમાં આમતેમ અટવાતા એક પત્રને જોઇને 'શિલરનો પત્ર શીદને આમ રખડતો રહ્યો છે!' એવું આશ્ચર્ય વ્યક્ત કર્યું. જીવનના છેલ્લા શ્વાસમાં એણે આમ શિલરનું નામ ન ઉચ્ચાર્યું હોત તો એની વિરલમધુર મૈત્રીમાં એટલી અધૂરપ રહી હોત!

જાણે કે ફાઉસ્ટની જ આંગળીને આધારે આકાશપારના આકાશને આંબતો એનો આત્મા જીવનના પરમ રહસ્યના અંતરતમ દ્વારને જ 'Open the shutter' કહીને [જીવનો આટઆટલો તેજઅંબાર પણ શું ઓછો પડ્યો?] અનંતમાં વિલીન થઇ ગયો ત્યારે ૨૩મીની વાસંતી ઉષાના અધર પર મૃત્યુના માંગલ્યનું કોઈ તેજ વિલસી રહ્યું!

માનવતાનું મંગલ ગાનાર આ મહાગાયકના જીવનકાવ્યમાંથી 'હું માનવી માનવ થાઉં તો ઘણું' એ પ્રેરણા આપણો યુગ ઝીલી રહો!

નિરંજન ભગત

[લેખમાં આપેલા જર્મન શબ્દોના ઉચ્ચારો તજ્ઞોની સહાયથી બને તેટલા આધારભૂત રાખવાનો પ્રયત્ન કર્યો છે.]

Our Friends Abroad

[જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

E. A. Mischak Lagerdorf (Germany)નો
આ પત્ર મેળવનારઃભાઇગિરધારીલાલ શ્રૉફ, સાકર બજાર અમદાવાદ

પ્રિય મિત્ર શ્રૉફ

તમારા સુંદર પત્ર માટે ઘણો આભારી છું...'હું દિલગીર છું કે છાપાં હજી મને મળ્યાં નથી. મને મહાત્મા ગાંધીનું ચિત્ર અને તેની પાછળનું લખાણ ગમ્યાં. અમારે યુરોપિયનોને માટે તો હિંદી ભાષા ભણવી ખરેખર મુશ્કેલ થઈ પડે. તમે મને દર મહીને હિંદી છાપાં મોકલતા રહેશો તો મોટી મહેરબાની થશે—ખાસ કરીને અંગ્રેજી. હું પણ આવતી કાલે તમને બે છાપાં મોકલીશ: એક સચિત્ર જર્મન છાપું છે, અને બીજું એક અંગ્રેજી માસિક છે.

જર્મન સચિત્ર છાપાના પહેલા પાના પર એક જર્મન યુદ્ધકેદીની કથા છે. તેના ઉપર રશિયામાંના એક જર્મન સૈનિકની વાત છે. તેમનામાંના લગભગ બધા જ હાલહવાલ સ્થિતિમાં છે. યુદ્ધમાંથી પાછા ફરેલા હજારોએ પોતાનું સર્વસ્વ ગુમાવ્યું છે અને ક્યાં જવું તેની પણ તેમને ખબર નથી. એમની ગરીબ મા–ભોમ એમને પૂરતું કામ આપી શકે તેમ નથી, કે નથી આપી શકતી એક નાની ઓરડી પણ. પૃષ્ઠ ૨–૩ ઉપર ડેન્માર્કની સરહદ પર આવેલા દક્ષિણ શ્લેસ્વિગ નામે જર્મન પરગણાની વાત છે, જે ડેન લોકો પચાવી પાડવા મથે છે. પૃ. ૪થી૬ ઉપર ત્રણત્રણ વાર અમેરિકા નાસી જવાનો નિષ્ફળ પ્રયત્ન કરેલા એક જર્મન છોકરાની મુલાકાતનો અહેવાલ છે. અમેરિકાને કાંઠે પહોંચે કે તરત તે પકડાઈ જતો ને તેને ફરી જર્મની મોકલી દેવામાં આવતો. પૃ. ૧૦–૧૧ ઉપર પૈસા, ખોરાક અને વસવાટની તંગી ભોગવતા જર્મન વિદ્યાર્થીઓની દુર્દશાનો ચિતાર છે. પૃ. ૧૩–૧૫ પર બાળકો માટેની રંગભૂમિની હકીકત છે; ૧૬–૧૭ ઉપર યુદ્ધ દરમ્યાન ચીતરાએલી એક કલાકૃતિની વાત છે અને પૃ. ૩૦–૩૧ ઉપર હાસ્યના ટુચકા છે....

'જર્મની' શબ્દનો તમારો અર્થ સાચો નથી લાગતો, કેમકે અમે તો મુકાબલે બહુ નાની વયની પ્રજા છીએ. ૨૦૦૦ વર્ષ પર જર્મનોએ અલબત્ત ઉચ્ચ કારીગરી-કૌશલ મેળવેલું, પણ સાંસ્કૃતિક ધોરણની દૃષ્ટિએ તો પ્રાચીન રોમનો અને ગ્રીકોને મુકાબલે—અને તેથી યે પૂર્વ-દેશોના ઇતિહાસની વાત કરીએ તો અરબો, ચીનાઓ ને હિંદીઓની સરખામણીમાં—અમે ક્યાંય ઊતરતા હતા. અમે ટ્યુટૉનિક, વેન્ડેલ, ગૅાબેન, સિમ્બ્રીઅન, ઍલેમન વગેરે જાતિઓના મિશ્રણરૂપ હતા, અને બધા મળીને જર્મન કહેવાતા. જર્મન–German એટલે German: જેઓ જર નામનું ભાલા જેવું હથિયાર સદા ધારણ કરતા તે. અને વળી 'જર્મની' એ તો અમારા દેશને અંગ્રેજોએ આપેલું નામ છે. અમે તેને Deutschland ડૉઈશલંડ કહીએ છીએ. euનો ઉચ્ચાર boyમાંના 'ઑય' જેવો, ને andનો ઉચ્ચાર fundમાંના 'અંડ' જેવો. અમારામાં બધા જ સ્વરો ચોખ્ખા અને ભારપૂર્વક બોલાય છે.

હવે હું તમને અમારે ત્યાંની રાજકીય પરિસ્થિતિનો થોડો ખ્યાલ આપીશ. સાડા પાંચ વરસના વીરત્વભર્યાં યુદ્ધ પછી ૧૯૪૫ના મેમાં જર્મનીને નમવું પડ્યું, કેમકે તેનો લગભગ બધો પ્રદેશ જીતાઇ ગયો હતો અને તેનાં લશ્કરો ખતમ થઈ ગયાં હતાં તથા શહેરો વેરાન. હું એ વખતે ચેકોસ્લોવાકિયામાં હતો. પૂર્વ તરફથી રશિયન લશ્કરો આવ્યાં અને ઉત્તર-પશ્ચિમેથી તથા દક્ષિણ-પશ્ચિમેથી આવ્યા અમેરિકનો. અમે અમેરિકન શરણાગતિ પસંદ કરી. ૧૯૪૬ની શરૂઆતમાં હું વતન આવ્યો. યુદ્ધ પછીનાં આ ત્રણ વરસ તો કડવી વેદનામાં વીત્યાં છે. ખોરાકની હાડમારી તો જીવલેણ હતી. રૅશન એટલું ઓછું મળતું કે લગભગ સૌને કાળા-બજાર પર આધાર રાખવો જ પડતો. મોટાં શહેરો તો કાટમાળના ઢગલા જેવાં થઈ ગયાં હતાં. કપડાં હતાં નહિ અને દુકાનોમાં ચિત્રો ને 'ઍશ–ટ્રે' સિવાય ભાગ્યેજ કાંઈ મળતું! કાળા-બજારિયા અને ચોરટિયાઓનો ધંધો ધીકતો હતો. આખો દેશ અને અમારી રાજધાની બર્લિન ચાર ભાગમાં વહેંચાઇ ગયાં હતાં: ઇંગ્લિશ, અમેરિકન, ફ્રેન્ચ અને રશિયન. પૂર્વ પ્રદેશમાંથી પૅાલ લોકોએ દોઢ કરોડ જર્મનોને તેમનાં ઘરબાર અને ખેતરવાડીમાંથી પશ્ચિમમાં હાંકી કાઢીને પૂર્વ દેશનો કબજો લઈ લીધો હતો. એ બધા આ પહેલેથી જ ગીચ એવા પ્રદેશમાં પૂરની પેરે ધસી ભરાયા. નિષ્ક્રિય કરી મૂકવામાં આવેલી ફૅક્ટરીઓ અને મશીનરીની કબજાગીરીએ બૉમ્બમારાથી અપંગ બનેલા જર્મન અર્થકારણને તદ્દન પાંગળું બનાવી દીધું હતું. લાખો જર્મન સૈનિકો હજી દુશ્મન દેશોના કૅમ્પમાં યુદ્ધકેદી હતા. યુદ્ધ તેમજ હવાઈ હુમલાઓમાં માર્યા ગએલા અસંખ્ય દેશપુત્રોના શોકમાં જર્મનો ગરકાવ હતા.

૧૯૪૮માં જર્મનીની આ દશા હતી. ચારેય ઝોનમાં મોટે ભાગે સ્થિતિ સરખી હતી, છતાં કેટલીક બાબતમાં નહિ. દાખલા તરીકે પશ્ચિમ ઝોનમાં માર્ગો ઉપર સલામતી હતી, જ્યારે રશિયન ઝોનમાં તો આજે ય બિનસલામતી પ્રવર્તે છે. દેશનિકાલી, ખૂન, લૂટ અને સ્ત્રી-અત્યાચાર તો ત્યાં રોજિંદાં થઈ પડ્યાં છે. જર્મની આજ બે ભાગમાં વહેંચાએલું છે: પૂર્વમાં કૉમ્યુનિસ્ટ કબજાગીરી, પ્રચાર અને સરમુખત્યારશાહી છે; પશ્ચિમમાં અમારે મુક્ત મતસ્વાતંત્ર્ય અને લોકશાહી ચૂંટણીઓ તથા કાયદેસરની સ્થિતિ છે.

પછી ૧૯૪૯માં નાણાં–સુધારો આવ્યો. બધી જ નાણાંકીય મિલ્કતની કિંમત ઘટાડીને પાંચ ટકા પર લઇ જવામાં આવી અને સૌને નવું ચલણી નાણું આપવામાં આવ્યું. પરિણામે ઉત્પાદન વધવા લાગ્યું અને ઉત્પાદકોએ તથા વેપારીઓએ છુપાવી રાખેલો મોટો જથ્થો વેચાવા માટે બહાર આવ્યો. નવી આયાતથી જીવનધોરણ પણ ઊંચું આવ્યું. પણ જ્યાં સૂર્ય હોય ત્યાં પડછાયો પણ હોય જ. માર્કનો કિંમત-ઘટાડો હજી ચાલુ છે અને કિંમતો એટલી બધી વધી છે કે ઘણાખરા કામગારો તથા બેકારો અને અપંગોને પોતાની રોજિંદી રોટી માટે પણ કપરી ઝહેમત વેઠવી પડે છે.

દરમ્યાન બોલ્શેવિકોએ પશ્ચિમી પ્રજાઓને બર્લિનમાંથી હાંકી કાઢવાનો પ્રયત્ન કર્યો. તેમણે બધા રસ્તા અને રેલ્વેઓ રૂંધી રાખી અને શહેરને બે ભાગમાં વહેંચી નાખ્યું. આથી પશ્ચિમ ભાગના વતનીઓ માટે ભૂખમરાનો ભય ઊભો થયો. બર્લિનમાં બે બર્ગોમાસ્ટર (મેયર), બે મૅજિસ્ટ્રેટ, બે ટ્રેઈડ યૂનિયન, બે પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અસ્તિત્વમાં આવ્યા! બંને પોલીસ સામસામી અથડામણમાં આવવા લાગી. એક વિભાગના પોલીસો સામેવાળાના પોતાના જ પોલીસ-

બંધુઓને પકડવા લાગ્યા! એ વખતે અમેરિકનો અને બ્રિટિશોએ હવાઈ કામગીરી બરોબર બજાવી. બસ અને ટ્રામના કરતાં પણ વધારે નિયમિતતાથી હવાઈ વિમાનોના વ્યવહારે જીવનની વસ્તુઓ લાવી લાવીને બર્લિનમાં ઠાલવવા માંડી.

યુદ્ધના અંત પછી જર્મન પ્રજાને ફરીથી નવપલ્લવિત કરવા માટે અનેક રાજકીય પક્ષોએ પ્રયત્ન કર્યાં છે, જોકે ફતેહ ઓછી મળી છે. પણ અમારે ભૂલવું ન જોઇએ કે અમારા ઇતિહાસમાં કદિ નહોતું એવું કપરૂં કામ એ છે. જર્મન યુવાનો એમાં બહુ ઓછો ભાગ લે છે. આનું મુખ્ય કારણ એ છે કે એ પક્ષો હજી જૂનવાણી વિચારો ને પ્રણાલિઓને વળગી રહે છે. જુવાનો એવા પક્ષની રાહ જોઈ રહ્યા છે જે ગઇકાલની અને પરમદિવસની ભૂલો ન કરે. હું વિનીત પક્ષનો સક્રિય સભ્ય છું.

કુશળ ઇચ્છતો—ઈ. એ. મિશાક

પરદેશનાં પત્રમિત્રો

(૧) Gred Koch, 20 Honnover-S, Brehm Str. 66 II,(British Zone, Germany) માનવવંશશાસ્ત્રના અભ્યાસી આ ભાઈ દેશદેશના લોકો, તેમની કૃતિઓ, તેમની ભૌતિક તથા આધ્યાત્મિક માન્યતાઓ વિષે તેમજ માનવજાતના ઇતિહાસ તથા પ્રાગ ઈતિહાસકાળના વિકાસ વિષે જાણવાની ઈચ્છાથી પત્રવ્યવહાર કરવા ઈચ્છે છે. (ઉલ્લેખ: ત્રીકમદાસ પારેખ, મુંબઈ-૨);

(૨) **જાપાનમાં પત્રમિત્રો** મેળવવા ઈચ્છનારે નીચે જણાવેલે સરનામે લખવું: Miss Mary Kilabatake, Jr. Secretary International Pen-Friend Society, Ohsugi, Edogawa, Tokyo, Japan; (ઉલ્લેખ: જયંત પટેલ સીતાબલ્દી, નાગપુર-૧)

(૩) ભાઇ બંસી શાહ (વડોદરા) નીચેનું સરનામું મોકલી જણાવે છે કે એ અમેરિકન બહેન હિંદી કૉલેજ-મિત્રો સાથે એરમેઇલથી પત્રવ્યવહાર કરવા ઇચ્છે છે: Delares Schuler, 12/3 North B Street. Richmond, Ind. (U. S. A.)

વિવિધ દેશોના પત્રમિત્રો

ભાંઈ રમેશચંદ્ર શાહ (વાંકાનેર) આ નીચેનાં સરનામાં મોકલે છે. તે આઠે એવા વિવિધ દેશોનાં છે જે ભાગ્યે જ પ્રકટ થયાં છે: આર્જેન્ટિના, બોલીવિયા, બ્રહ્મદેશ, ચીન, કેદાહ, લેબૅનન, પાપુઆ અને ઝુલુલૅન્ડ. પત્રવ્યવહાર કરનારે એમના નામનો ઉલ્લેખ કરવો.

(1) Juan Lewin, Rivera Indarte 373, Cordoba (Argentina)—Stamps, First-day Covers and Magazines; (2) Albert E. Escolme, C/o All America Cables and Radio Inc., La Paz, (Bolivia),—Airmail Stamps, Music, Snapshots, Sports; (3) Maung Myint Thein, 7, Hume Road, Kemmendine, Rangoon (Burma)—Stamps and Photographs; (4) Chan Tin Heng, 29, Bonham Strand W., Hongkong (China)—Post-cards & Photographs; (5) Bob Selymn, 16, Pekan Melayn, Alor Star, (Kedah)—Photos and View-cards; (6) Gaius Ilanjian, C/o American Mission, Berut (Lebanon)—Stamps, First-day covers and Magazines; (7) Ronald B. Radoniu, C/o Australian Petroleum Co., Pty. Ltd., Port Moresby (Papua)—British Empire Stamps; (8) A. H. Brown, C/o W. C. Haworth, "Spero" P. O. Umfolozi, (Zululand)—Stamps, First-day covers, and Gibbons' Catalogue.

હિંદી પત્રમિત્રોનાં સરનામાં

(ગયા અંકને અનુસંધાને ચાલુ)

(393) Nalin Manilal Vaidya, 1082, Luhar Pole, Surat—16, Painting, Stamps; (394) Pravin N. Dalal, Tara Bhuvan, 2nd Floor, Khetwadi Main Road, Bombay-4—19, Photography, Sports; (395) Bhalchandra S. Oza, 605, Manekwadi, Bhavnagar (Saurashtra) —18, Stamps, Coins, Photography; (396) S. K. Makvana, 3/5, Ramnath Rd., Limbdi (Saurashtra)—20, Correspondence; (397) Arunkumar Chandrashanker Bhatt, Lodhawala Chawl, Manekwadi, Plot No. 589, Bhavnagar (Saurashtra)—16, Photography, Cinema, Cricket; (398) Verma Harilal Popatlal, Juni Shakpith, Bhavnagar (Saurashtra)—20, Sports; (399) Chhotalal Valsi Shah, Bhatia St., Wankaner (Saurashtra)—18, Stamps, Match-lables; (400) Raghuvir Purushottam Dave, Mahudha, Via Nadiad—19, Cricket, Music; (401) Pravinchandra A. Sheth, Near Morvi Gate, Ram-Chawk, Wankaner (Saurashtra)—19, Drawing and Painting, Music, Stamps; (402) Patel Ambubhai Rambhai, Kaka's Khadki, Ode, Via Anand—19, Cricket; (403) Jivanbhai U. Patel, Desai Falia, Dandi, Via Jalalpur (Dist. Surat)—18, Stamps; (404) Sumantlal Chimanlal Choksi, C/o Jesingbhai Laherubhai Choksi, Khetervasi's Pado, Patan (N.G.)—17, Stamps, Coins; (405) Thakorlal Rambhai Amin, Near Two Chora, Virsad, Via Anand—19, Reading, Touring; (406) Balkrishna Sevaklal, Bhutnath Falia, Broach (B. B. & C. I.)—22, Science, Literature, Travelling; (407) Chimanbhai Gordhanbhai Patel, 1/1049 Mahajan Bhuvan, Opp. D. N. High School, Anand—18, Drawing, Stamps; (408) Joshi Kantilal Chhotalal, Vishnu Bhuvan, Hindu Lodge, Opp. B. B. & C. I. Rly. Station, Dadar, Bombay-14—22, Astrology, Nature, Social Customs; (409) Nalinkant Chhaganbhai Patel, 1/1048 Mahajan Bhuvan, Station Rd., Anand—19, Drawing & Painting, Science; (410) Chandrakant Mamtora, C/o Dr. Jayant Khatri, Mandvi-Cutch—19, Stamps, Coins, Politics; (411) Rameshchadra S. Karnik, C/o Shankerrao P. Karnik, Opp. Tata High School, Bilimora—Drawing, Stamps; (412) Dhirubhai M. Patel, Dola Falia, Matvad, Via Jalalpur (Dist. Surat)—15, Stamps, Reading, Sports; (413) Daly Eruchshaw Morena, Agano-vad, Khansaheb House, Surat—25, Coins; (414) Premalkumar Desai, Shree Nivas, Diwan para Road, Bhavnagar (Saurashtra) —16, Stamps, Picture Post-cards; (415) Ashakant Nimbark, C/o Vaishnav House, Nanbha Rd., Bhavnagar—17, Painting, Stamps, Coins, Reading; (416) Dharmadas Govindram, Bhoringda, Via Juna Savar (Saurashtra)—32, Gujarati Literature, Commerce.

માધુકરી



મધ્યમ વર્ગ
લેખક · જમીઅત પંડ્યા
('એકતા'માંથી)

હતું એણે ય ઊજવ્યું પર્વ આઝાદીનું અંતરથી,
અને મુક્તિનું ગાણું ગાયું'તું એવા ઊંચા સ્વરથી,
ગુલામી જાય ભાગી સાંભળીને અવનિ-અંબરથી;
છતાં પણ મુક્તિનું વ્હાણું હજી એનું નથી વા'યું.

હજી પણ જન્મગત સંસ્કારિતા નિદાન રાખે છે,
નીતિ ને ન્યાયના પાલનથી એની શાન રાખે છે;
ભલાઇ ને બુરાઇનું હજી પણ ભાન રાખે છે,
અને 'છે આપણી સરકાર' એવું જ્ઞાન રાખે છે.

છતાં આજે વિષમતા જોઈ એ અકળાઈ જાયે છે,
ત્રિશંકુની સ્થિતિમાં એનું દિલ રૂંધાઇ જાયે છે;
જીવન ધોરણ ઊંચાં છે, જેને એ પહોંચી નથી શકતો;
અને મંઝિલ તરફ હળવાં કદમ ભરતો એ ડગમગતો.

ચિત્રલેખા રાણી ચંદા

૧૯૪૭માં પારીસના 'યુનેસ્કો'–સમારંભના પ્રદર્શનમાં પ્રશંસા પામેલું જે ચિત્ર આ અંકના મુખચિત્રની પાછળ છાપ્યું છે તેનાં ચિત્રલેખા શ્રીમતી રાણીદેવી ચંદાનો જન્મ કલકત્તાના એક સંસ્કારી બંગાળી કુટુંબમાં ઈ. ૧૯૧૨માં થયો હતો. એમના પિતા સ્વ. કુલચન્દ્ર દે પોલીસ અફસર હતા, પણ એમનું હૃદય કવિનું હતું. જોકે એમનાં કાવ્યો એમના હૃદયમાં જ સમાએલાં રહ્યાં, યા તો થોડાં એમનાં પત્નીની જીભે રમતાં રહ્યાં. એ અશિક્ષિત પણ કલાકાર વિધવા આજે શાન્તિનિકેતનમાં પોતાની પુત્રીઓ સાથે રહે છે.

રાણીદેવીને ચાર ભાઈ અને એક બહેન છે. ચારે ભાઇઓ—મુકુલ દે, મનીષી દે, પરાગ દે અને સુહાસ દે—કલાકાર છે, જેમાંના મનીષી દેનાં ચિત્રોથી તો 'કુમાર'ના વાચકો પરિચિત છે. પોતાનાં ઇચિંગ અને રેખા-તસવીરોથી ખ્યાતનામા થએલા મુકુલચન્દ્ર દે હમણાં જ કલકત્તાની સરકારી કળાશાળાના આચાર્યપદેથી નિવૃત્ત થયા છે. પરાગ વ્યાપારમાં પડ્યા છે, પણ અવકાશે ચિત્રો કરે છે. સુહાસ વળી કલાની વ્યવહારુ શાખા 'ઍપ્લાઇડ આર્ટ'માં પડ્યા છે. મોટી બહેન અન્નપૂર્ણા કલકત્તાના જાણીતા ફુટબૉલ-ખેલાડી ગૌરગોપાલ ઘોષનાં વિધવા છે. તે હાલ શાન્તિનિકેતનમાં શ્રીમતી રાણીદેવીની સાથે જ રહે છે; અને જાવા ટાપુઓની ઢબે કાપડ છાપવાની કળાની બાટીક પદ્ધતિનાં નિષ્ણાત ગણાય છે. શ્રીમતી રાણીદેવી વિશ્વભારતી કૉલેજના આચાર્ય શ્રી અનિલકુમાર ચંદાને પરણેલાં છે. શ્રી અનિલકુમાર પહેલાં સ્વ. ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરના મંત્રી અને અંતેવાસી હતા અને કવિવરે રાણીદેવીની કલાશક્તિને પ્રશંસા ને પ્રોત્સાહન આપેલાં. ચંદા દંપતીનો બાર વર્ષનો પુત્ર અભિજિત પણ આજથી જ વિશિષ્ટ ચિત્રણા-શક્તિ દાખવે છે.

શાન્તિનિકેતનના આદરણીય કલાચાર્ય શ્રી નંદલાલ વસુ પાસે ચાર વર્ષ કલાશિક્ષણ લીધા બાદ રાણીદેવીએ હિંદી કલાના ભીષ્મપિતામહ સમા અવનીન્દ્રનાથ ઠાકુરને ચરણે બેસી કલાનાં રહસ્ય સમજવાની અને પોતાનાં મનોગતને પ્રકટ કરવાની દીક્ષા લીધી. આમ એમનું કુટુંબજીવન કલાથી પરિપ્લાવિત હોવા છતાં તેમણે નવા રાષ્ટ્રવાદી દેશ-પ્રાણથી અલગતા સેવી નથી; એટલું જ નહિ, પણ એમની પીંછીની જેમ એમની કલમે પણ લેખનક્ષેત્રમાં શક્તિઓ દાખવી છે. ૧૯૪૨ની લોકક્રાંતિમાં ભાગ લેવા માટે રાજશાહી સેન્ટ્રલ જેલમાં એમને એક વર્ષ ગાળવું પડેલું, જે દરમ્યાન એમણે 'જનાના ફાટક' નામથી બંગાળીમાં લખેલી પોતાની જેલ-ડાયરી (જે એમણે પોતે જ પ્રસંગચિત્રો અને સ્કેચો વડે સચિત્ર કરી છે) એમની શ્રેષ્ઠ કૃતિ ગણાય છે. આ ઉપરાંત ચર્મકલા, માટીકામ, બાટીક ઢબની કાપડ-છાપકળા અને આલ્પના (રંગોળી) પણ તેમના શૉખના વિષયો છે.

માસમાસનાં પંખી : ૪૪
ફાટીચાંચ



પાણીકાંઠે વસતાં સૌ પંખીઓમાં પોતાની વિચિત્ર ચાંચથી જુદું તરી આવતું આ પંખી પણ છે તો ગયા અંકમાં વર્ણવેલા 'ધોળકડા' (Stork)ના જ વર્ગનું, પણ કદે સ્હેજ નાનું. એનું હિંદી નામ તો 'ગુંગલા'; પણ આપણે ત્યાં ચોક્કસ નામ ન હોવાથી, તે અંગ્રેજીમાં જેમ open-bill કહેવાય છે તેમ એને 'ફાટી-ચાંચ' કહીએ. ભેંસના શીંગડાના રંગની એ ચાંચ ધોળકડા જેટલી લાંબી તો નહિ; એકાદ વેંતપૂર. પણ એનાં બે પાંખિયાં એકબીજા પર ચપ્પટ ન બેસતાં વચ્ચે પોલાણ રહે છે.

ગુજરાતનું આ સ્થાયી પંખી ઝીણવટથી અવલોકન કરનારને આ ઋતુમાં નદીતળાવ કે ઝીલને કાંઠે, પાણીનાં જીવડાં, છીપ-શંખલાંની જીવાત કે વખતે કરચલા વીણી ખાતું નજરે પડશે. દોઢેક હાથની એની કાયાનો રંગ ફિક્કો ધોળો યા આછો આસમાની; ખભા, પાંખો ને પૂંછડી કાળાં; પગ મેલારાતા. હિંદભરમાં તેમજ સીલોન, બ્રહ્મદેશ ને સિયામ સુધી તે થાય છે.

ચોમાસામાં, પાણીની વચ્ચે કે કાંઠા પર ઊગેલાં ઝાડમાં, સાંઠીકડાંના મોટા માળા બાંધી વચ્ચેના ગાળામાં પાથરેલાં પાંદડાં પર બેથી ચાર ઈંડાં મૂકે છે. બચ્ચાં જન્મે ત્યારે સાવ અપંગ, પીંછા વિનાનાં ને ઊડતાં વાર લાગે તેવાં હોઈ નરમાદાને તેમને ઉછેરવાની ચિંતા વધુ હોય છે. ('વનેચર' પરથી)

ખોરાકમાં ભેળસેળ

ખોરાક ને બીજી વપરાશની ચીજોમાં ભેળસેળનો પ્રશ્ન પુરાણો છે. આપણે રોગો અને આરોગ્યની વાત કરીએ છીએ, પણ ક્ષય, મૅલેરિયા અને બીજા રોગોને અટકાવવા માટે ખોરાકની શુદ્ધિ બહુ જરૂરી છે. મનુષ્યના શરીરમાં Vitality(પ્રાણશક્તિ) તથા Immunity રોગ-નિરોધક શક્તિ વધે તો જ રોગજંતુ કંઈ કરી શકતા નથી. જોકે રોગ-નિરોધક શક્તિવાળા શરીરમાં રોગજંતુ આવીને પડાવ તો નાખે જ ખોરાકને પોતાનો વંશ પણ વધારે, છતાં તેના શરીરને એ રોગજંતુ પોતાનો ભોગ બનાવી શકતાં નથી. પરંતુ આવા મનુષ્યો carrier કહેવાય છે. એવા carrier પોતે એના ભોગ ભલે નથી બનતા પણ બીજા નબળા માણસને ચેપ લગાડી બગાડી શકે ખરા. આમ વાઇટૅલિટી અને ઇમ્યુનિટી વધારવા માટે શુદ્ધ ખોરાક ને તેથીપરિણામે મળતી તંદુરસ્તી ને શક્તિની જરૂર છે. હિંદમાં કમનસીબે શુદ્ધ ખોરાક બાબત સખ્ત કાયદો નથી. પેટંટ દવા બાબત કાયદો થયો અને અમલમાં આવ્યો, પણ ખોરાક બાબત હજી કશું જ થયું જણાતું નથી.

ખોરાકમાં સેળભેળના કેટલાક દાખલા જાણવા જેવા છે. નાનાં નાનાં બાળકો રોજ બરફના પંખા ખાય છે. તેના પર લારીવાળો ઝેરી એનિલીન રંગનું પાણી છાંટી આપે છે. એ પાણીમાં જરા ખાંડ નાખેલી હોવાથી છોકરાંઓને પંખા અપાવનાર માબાપ કે કાકા–મામાઓ બરફવાળાને કાલાવાલા કરીને વધુ રંગ છંટાવે છે. ડૉકટરી ભાષામાં આ રંગને પરિણામે થતા રોગોને Anilism અથવા Aniline Poisoning કહે છે. એનિલીન રંગનું ઝેર ધીમું ઝેર છે અને શરીરમાંથી મુશ્કેલીથી નીકળી શકે છે. એ ઝેર ચામડી વાટે પણ દાખલ થાય છે. એ રંગથી રંગેલાં કપડાં પહેરીએ તો પણ શરીરમાં ઝેરી અસર થાય છે. છતાં એ ઝેરનો ફેલાવો અટકાવવા કોઈ હેલ્થ ઑફિસર કે સેનિટરી કમિશ્નર કે ઈન્સ્પેકટરે કદી કંઇ કર્યું હોવાનું જાણવામાં નથી.

મીઠાઈ અને ફરસાણવાળા 'મીઠો પીળો' નામનો રંગ વાપરે છે. હળદર અને કેસર મોંઘાં હોવાથી આ રંગ વપરાય છે ને કોઈ વાંધો લેતું નથી! હળદર મોંઘી હોવાથી ગરીબોને પરવડતી નથી, ને તે બીચારા હળદરના ગાંઠિયા લાવી ખાંડી દળીને ભરી મૂકી શકતા નથી, એટલે ગાંધીને ત્યાંથી તૈયાર (દળેલી) હળદર લાવે છે. આ સસ્તી અને તદ્દન સુંવાળી હળદર મૂળે તો કોઈ લોટ પીળા રંગથી રંગીને Ball millમાં દળીને બનાવવામાં આવે છે!

આપણા બીજા ભાઈઓ વળી હીંગ બનાવે છે. બાવળ, ધાવડી વગેરેના ગુંદરનો કચરો મુંબઇની વખારોમાંથી બહુ નીકળે છે. તેમજ ફરસાણવાળાને ત્યાં વપરાતા 'ચણા'ના લોટના ખાલી કોથળા વેચાતા લાવનાર ખાલી બારદાનવાળા એ કોથળા ખંખેરીને તેમાંથી શેરશેર અચ્છેર-અચ્છેર ચણાનો લોટ કાઢે છે. એ ખરીદીને તેમાં પાણી નાંખી ઉકાળીને થોડાં લાકડાંનાં છોડાં નાંખીને છેવટે જરા હીંગનું મિશ્રણ કરીને એ ચીકણો ડામર જેવો લોંદો પેટીમાં ઢાળી દેવામાં આવે છે. આને 'પેટી-હીંગ' કહે છે. આ માલ લાખોનો બને છે ને વેચાય છે, અને બનાવનાર હિંદના ગરીબોને બનાવીને કરોડપતિ બને છે! માંસ ઉકાળીને ગાળી કાઢતાં જે રેસા Fibers બચે છે તે કેસરી રંગથી રંગાઈ કેસરની સુગંધથી સુગંધિત બનીને તૈયાર પૅકબંધ ડબામાં પરદેશથી આવે છે અને 'કેસર' તરીકે વેચાય છે! સુખડના તેલને બદલે Cedaer wood oil (પેન્સિલના લાકડાનું તેલ), મોરપંખીના લાકડાનું તેલ, થોડા સુખડના તેલની મેળવણી કરી વેચાય છે! લવિંગ, જાયફળ, એલચી, વરિયાળી, સ્પિરિટમાં પલાળી તેનું સુગંધીદાર તેલ સ્પિરિટથી કાઢી લઇને બાકી રહેલાં ખોખાં અસલ લવિંગ, જાયફળ, એલચી કે વરિયાળી તરીકે વેચાય છે! વૈદ્યો આવાં ખોખાં વાપરી દવા બનાવી ગુણની આશા રાખે છે! સૌથી વધુ બુદ્ધિમત્તાનો નમૂનો મેં બેએક વર્ષ પર જ બજારમાં જોયો તે જાણવા જેવો છે. કાળાં મરીનાં ધોળાં મરી બનાવતાં છોડાં નીકળી જવાથી વજનની ઘટ પડે છે; એટલે એક બુદ્ધિમાન ભાઇએ ધોળા મરીને મળતા રંગની કાંજી (કાપડના તાણને ચઢાવે છે તેવી sizing composition) બનાવી કાળાં મરીની ઉપર ચઢાવી! આમ કરવાથી મરી ધોળાં થયાં, દાણો મોટો થયો, છોડાંનું વજન ઘટ્યું નહિ અને પચીસ ટકા કાંજીનું વજન વધ્યું! આ માલ 'ઊંચી જાતનાં ધોળાં મરી' તરીકે અમદાવાદના બજારમાં મોંઘા ભાવે વેચાયો, પાપડમાં નાંખવા માટે મારા ઘરમાં આવ્યો ત્યારે મેં તપાસ્યો ત્યારે જણાયું! આવાં અનેક પરાક્રમો આપણા ભાઇઓ કરી શકે છે અને આપણે તંદુરસ્તીની ઝંખના રાખીએ છીએ! 'છીંડે ચઢ્યો તે ચોર' એ કહેવત પ્રમાણે એકાદ દૂધવાળો કે બીજો કોઇ પકડાય ને તેનો રીપોર્ટ છાપાંમાં છપાય અને મ્યુનિસિપાલિટીએ બહુ તકેદારી રાખી ગણાય. આ બધા ઢોંગ જ છે, ધતિંગ છે. ક્ષય, ટાઇફૉઈડ, ગરમી, પરમા અને બીજા રોગોવાળા જે કપથી ચહા કે પાણી પીએ તે જ કપ કે ગ્લાસ ઠંડા પાણીમાં જરા ઝબકોળીને બીજા તંદુરસ્ત માણસને તેમાં જ ચહા પાણી, સોડા, લેમન, શરબત, લસ્સી પીવા અપાય છે. એનાથી આગળ વધીને હજામ એક જ અસ્તરાથી રોગી માણસની દાઢી બોડીને તે અસ્તરો sterilize કર્યા વગર બીજાને બોડવા બેસે છે અને સીધો જ ચેપ લોહીમાં દાખલ કરે છે. અને હજામ કરતાં આગળ વધીને છૂંદણાં છૂંદનારા ગમે તે દરદીને છૂંદણાં છૂંદેલી સોયથી બીજા તંદુરસ્ત માણસને પણ છૂંદણાં છૂંદે છે! સીધો જ ચેપ લોહીમાં દાખલ કરાય છે. મુંબઈની મ્યુનિસિપાલિટીની સામે જ આ બધું ચાલે છે, છતાં મોટા ખર્ચે નિભાવાતાં પ્રજાની તંદુરસ્તીનાં ઈજારદારખાતાં કદી યે કશું કરતાં જણાયાં નથી!

ચાંલ્લાના કંકુમાં Aniline colours ગુંદર મેળવેલા હોય છે. મીઠા ઍરેટેડ વોટર્સ, શરબતો, મીઠાઇ, ફરસાણ, આઇસફ્રુટ, આઇસક્રીમ, પીપરમેંટ, ઘરમાં રસોઈમાં વપરાતાં દળેલી હળદર અને મરચાં, બધાંમાં જ ઝેર અપાય ત્યાં પ્રજા શી રીતે તંદુરસ્ત રહી શકે? તો પછી બહારની મીઠાઈ ફરસાણ, કોઇ જ પ્રકારનાં પીણાં કે તૈયાર મરીમસાલા પણ ન જ ખવાય એવો 'મરજાદી-ધર્મ' પાળવો એ તંદુરસ્તીનો કિલ્લો બાંધી લેવા જેવું નથી જણાતું?

આ તો આપણા દેશનો ઈલાજ થયો. પણ જેમાં આપણે સદંતર પરાધીન તરીકે ઝેર પીએ છીએ તેના થોડાક પ્રકારો પણ જોવા જેવા છે. મોટરો દિવસે દિવસે વધી રહી છે, મિલો ને કારખાનાં વધે છે. પરમાત્માએ કે પ્રકૃતિએ તો આપણને શુદ્ધ હવા બક્ષી દીધી, પણ આપણા ભાઇઓ એને ઝેરી બનાવે છે ને આપણે તે ઝેરી હવા શ્વાસમાં લેવી પડે છે. મોટરો અને મિલોમાંથી કાર્બન મૉનૉક્સાઈડ નીકળ્યા જ કરે છે. ઘરઘરમાં વપરાતી સઘડીઓ કાર્બન મૉનૉક્સાઈડ હવામાં નાખ્યા કરે છે. બરાબર ઈજનેરી સિદ્ધાંત પ્રમાણે બનાવેલી સઘડી કે ચૂલા કાર્બન ડાયોક્સાઈડ ગૅસ કાઢે તે ભારે હોવાથી જમીન પર પથરાય, ખાડાઓમાં ભેગી થાય અને શ્વાસમાં લેનારને સંધિવા જેવી અસર કરે, લોહીને લાલને બદલે ભુરાશ પડતું રાખે અને અપચો, સુસ્તી, કામ કરવાની અનિચ્છા વગેરેની પજાવે. પણ કાર્બન મૉનૉક્સાઇડ તો ઘણો જ ઝેરી છે, પ્રાણનાશક છે.

બીજી તરફ હાઇડ્રોજન સલ્ફાઈડ પણ આપણે અનિચ્છાએ શ્વાસમાં લેવો પડે છે. ગટરોનાં ગંધાતાં પાણી નાનીનાની સુધ-

રાઇઓ સડક પર છાંટી દઈ લોકોને ઝેરની અસર પહોંચાડે છે! રસ્તા પર સૂકો કોરો કચરો નાખનાર ગુનેગાર ગણાયછે. તાજું વાસણ વીછળેલું પાણી રેડનાર ગુનેગાર ગણાય છે. પણ હાઇડ્રોજનસલ્ફાઈડના ખજાના જેવો કચરો, નરક ને ગટરનું પાણી વસ્તીની નજદીક ભેગું કરનાર કે ફેંકાવનાર 'સુધરાઇ'નું નામ કોણ લઈ શકે?

એકંદરે આપણી સ્ટીમરના એકેએક નટ, બોલ્ટ અને રીવેટ ટાઈટ કરવા જેવા છે. એ સિવાય આપણી સ્ટીમર તરી શકે તેમ નથી. Anti-tuberculosis કે Anti-malaria કે એવી બીજી ઝુંબેશો અર્થ વગરની છે. મનુષ્યને પરમાત્માએ ઈમ્યુનીટી આપી છે તે રોગનિરોધક શક્તિને સતેજ કરવાની જરૂર છે. એમાં સીરમ કે વૅકસીન, વીટામીનથીએરી તરીકે ઓર્ગેનોથીરેપી કામ આવે તેમ નથી. શુદ્ધ ખોરાક અને શુદ્ધ હવાની વ્યવસ્થા થવાની જરૂર છે.

(ગુજરાત સમાચાર) —મોહનલાલ મા. ઝવેરી

કાર્તિકેય

દેવ-સેનાપતિનું પદ પામનાર પરાક્રમમૂર્તિ કાર્તિકેયની જન્મકથા એવી છે કે શંકર-પાર્વતી જેવા તેજસ્વી યુગલનો પુત્ર મહા ભયંકર થશે એવો ડર લાગવાથી ઈન્દ્રે તેમાં વિઘ્ન નાખવા અગ્નિને મોકલ્યો. તેના છળથી શંકરનું રેત થોડું જમીન પર પડ્યું. તેની શિક્ષા તરીકે પાર્વતીએ તે અગ્નિ પાસે ધારણ કરાવ્યું. તેણે તે શાપ-ભયે થોડો સમય ધારણ તો કર્યું પણ પછી અસહ્ય થતાં ગંગા પાસે ધારણ કરાવ્યું. તેણે પણ છોડી દેવાથી છ કૃત્તિકાઓ (ઋષિપત્નીઓ) એ તે ધારણ કર્યું. એ છ કૃત્તિકાઓને પેટે એક જ સાથે એનો જન્મ થયો, ને તેમના નામ ઉપરથી તે 'કાર્તિકેય' કહેવાયો; તેમજ અગાઉના ધારણ કરનારાઓનાં નામ પરથી તેનાં નામ 'અગ્નિપુત્ર', 'અગ્નિભૂ' તથા અગ્નિની સ્ત્રી સ્વાહાના નામ પરથી 'સ્વાહેય', ગંગાપુત્ર તરીકે ગાંગેય તથા સ્કન્ન થયેલા રેત ઉપરથી 'સ્કંદ' વગેરે પડયાં. એક જ મુખ અને બે હાથ વાળો તે હોવા છતાં છ કૃત્તિકાઓને પેટે એકસાથે તે જન્મવાથી તેનાં છ મુખ અને બાર હાથ કલ્પીને તેને ષણ્મુખ કે 'ષડાનન' પણ કહ્યો છે. વળી તેના હાથ (શાખા) બહુ લાંબા હોવાથી 'વિશાખા', તથા ગુહામાં વાસ હોવાથી 'ગુહ' પણ કહેવાયછે. કથા એવી છે કે તારકાસુર નામના એક ઉપદ્રવકારી અસુરને એવું વરદાન હતું કે સાત દિવસના બાળકને હાથે જ તેનો વધ થઇ શકે,—જે અશક્ય હતું. આથી અંતે તેના નાશ માટે આ તેજસ્વી બાળકનો અવતાર યોજાયો અને અમાસને દિવસે તે જન્મ્યા પછી સાતમે જ દિવસે, સુદ છઠે, તેણે તારકાસુરનો વધ કર્યો. તારકા-વધ પછી તે પાર્વતીનો લાડકો થવાથી દેવસ્ત્રીઓને છેડવા લાગેલો. આની સામે દેવોએ પોકાર ઉઠાવતાં, તેની ઇચ્છેલી સ્ત્રીને સ્થળે પાર્વતીએ પોતાનું રૂપ દર્શાવવા માંડયું. આથી તેને એટલો પશ્ચાત્તાપ થયો કે તે પછી જગતની સર્વ સ્ત્રીઓને માતા તુલ્ય ગણવાની તેણે પ્રતિજ્ઞા કરી. વિશ્વામિત્રે તેનો ઉપનયન-સંસ્કાર કર્યો; વિષ્ણુએ તેને વાહન તરીકે ગુરુડ, મયૂર તથા કૂકડો આપ્યાં, વાયુએ પતાકા, સરસ્વતીએ વીણા, બ્રહ્માએ બોકડો, અને શંભુએ મેઢો આદિ આપ્યાં.

ક્રૌંચ પર્વતમાં બાણ મારીને તેણે આરપાર છેદ પાડેલો એટલો તે પરાક્રમી નીવડયો. તેની તેજસ્વિતા તથા પરાક્રમ જોઇને દેવસૈન્યના સેનાપતિનું પદ તેને આપવામાં આવ્યું. જન્મ પછી પાંચમને દિવસે તેનો સેનાપતિ તરીકે અભિષેક થયો અને છઠને દિવસે તેણે અસુર-વધ કર્યો તે ઉપરથી પાંચમ તથા છઠ તેની ઉપાસનાતિથિ ગણાય છે. ઉપર વર્ણવેલી પુરાણકથાની હકીકતોને રૂપક ગણીને જ એ પરાક્રમમૂર્તિના જીવનનો અર્થ ઘટાવવાનો છે.

આ માસ (સપ્ટેમ્બર) ઈતિહાસમાં

તા. ૩ ઑલિવર ક્રૉમવેલનો શુકનવંતો દિવસઃ આ દિવસે તે ડનબારની લડાઈ જીત્યો (૧૬૫૦), વૂર્સ્ટરનું યુદ્ધ જીત્યો (૧૬૫૧) અને આ જ તારીખે તે મૃત્યુ પામ્યો, ૧૬૫૮.

તા. ૪ હિંદના દાદા આદરણીય દાદાભાઈ નવરોજીનો જન્મ, ૧૮૨૫.

તા. ૬ અરબી સમુદ્રમાં કારમી રંજાડ બોલાવતા ચાંચિયા આંગ્રે સામે મુંબાઇ કાઉન્સિલે યુદ્ધ જાહેર કર્યું, ૧૭૨૦.

તા. ૧૧ અંગ્રેજ સર્જિત ભેદનીતિના પરિપાક રૂપ મુંબાઈમાં પહેલવહેલું હિન્દુ-મુસ્લિમ હુલ્લડ થયું, ૧૮૮૩.

તા. ૧૪ ઇટાલીના મહાકવિ દાંતે આલીઘીરીનું અવસાન, ૧૩૨૧.

તા. ૧૬ લિવિંગ્સ્ટને વિક્ટોરિયા ન્યાંઝા સરોવર શોધી કાઢયું, ૧૮૫૯.


તા. ૧૯ હિંદ-ચડાઈ માટે તૈમુરે અટક આગળ સિંધુ ઓળંગી, ૧૩૯૮.

તા. ૨૦ સ્કૉટિશ સાહસ-સફરી મંગો પાર્કનો જન્મ, ૧૭૭૧.

તા. ૨૫ બાલ્બોઆએ પાસિફિક મહાસાગર શોધી કાઢયો, ૧૫૧૨.

તા. ૨૭ હિંદના સાંસ્કૃતિક નવવિધાનના પુરોધા રાજા રામમોહનરાયનું મૃત્યુ, ૧૮૩૩.

આ માસની વ્યક્તિવિશેષ: ભારતેન્દુ હરિશ્ચન્દ્ર



ગુજરાતમાં નર્મદ, મહારાષ્ટ્રમાં ચિપળૂણકર ને બંગાળમાં વિદ્યાસાગર તથા બંકિમચંદ્ર સ્વભાષાની અસ્મિતા સ્થાપવા ગયા એ જ કાળમાં હિંદી ભાષાનું સ્વત્વ સૌ પ્રથમ જગાડનાર તથા પોષનાર એ પ્રદેશમાં થયા તે ભારતેન્દુ હરિશ્ચન્દ્ર. મહાકવિ ગણાવી શકાય એવા, કાશીનરેશના પ્રિય કવિ ગોપાલદાસને ત્યાં ૧૮૫૦ની ૯મી સપ્ટેમ્બરે એમનો જન્મ થયો. પાંચ વર્ષની વયે માતા ને નવમે વર્ષે પિતા ગુમાવવાથી ઘરના વિશ્વાસુ નોકર ગંગૂએ તેમને ઉછેર્યાં. બચપણથી જ વૃત્તિ સ્વતંત્ર અને તોફાની હતી, એટલે અભ્યાસ માંડ કૉલેજ સુધી પહોંચ્યો, ત્યાં, મનાઇ હોવા છતાં પાન ખાઇને કૉલેજમાં જવાને પરિણામે રૂખસદ મળી. પછી એ હિંદના પ્રવાસે નીકળ્યા, ત્યાં પ્રાંતેપ્રાંતમાં ભાષાની અસ્મિતાના અંકૂરો ફૂટતા જોઈ એમને પણ ભાષાના ખેડાણની લગની લાગી અને હિંદી ભાષામાં જ લખવાનું વ્રત લઈ 'કવિબચન-સુધા' નામે માસિક શરુ કર્યું, જેમાં ઈતિહાસ, પ્રવાસ, પિંગળ, વિજ્ઞાન, નાટક, સમાજસુધારો, રાજકારણ આદિ સર્વ વિષયો પર કલમ ચલાવી. આથી પ્રજામાં જાગૃતિ આવતાં 'હરિશ્ચન્દ્ર-ચન્દ્રિકા' 'કાશી-પત્રિકા', 'આર્યમિત્ર' વગેરે બીજાં પત્રો શરુ કરી હિંદી ભાષાનું ખેડાણ વિસ્તૃત કર્યું ને હિંદીનું મુખ ઉજ્જ્વલ કર્યું. પ્રજાએ પણ તેની કદરશનાસીમાં તેમને 'ભારતેન્દુ' કહી નવાજ્યા, જે ઇલ્કાબ સરકારે પણ માન્ય રાખ્યો. પ્રવાસ દરમ્યાન તેમણે તામિલ અને તેલુગુ સિવાય હિંદની લગભગ બધી ભાષાઓ શીખી લીધેલી.

હિંદી ભાષા ખાતર કરેલી ન્યોછાવરીભરેલી સખાવતોને કારણે ઉત્તરાવસ્થામાં તેઓ ભારે તંગીમાં આવી પડેલા; છતાં એવે સમયેપણ બચપણની રમૂજી તથા તોફાની વૃત્તિ તો કાયમ જ રહેલી; અને હિંદી ભાષા ખાતરના કોઈ પણ ખર્ચમાં જરાયે કૃપણતા આવવા ન દીધેલી.

ઇ. ૧૮૮૫નું વર્ષ બેસતાં જ તેમની તબિયત લથડી અને જાન્યુઆરીની ૬ઠ્ઠી તારીખે તો એ ભારતેન્દુનો અસ્ત થઈ ગયો.

અનુષ્ટુપ

પશુ સિંહ નહિ ચાહે અન્ય-હત શિકારને,
પરંતુ માનવી ચાહે અન્યનું જ પડાવવા!

રમણલાલ સોની

૧૯૨૫માં ટોકિયોના એક પરામાં હીચી નામનો એક વફાદાર કૂતરો રોજ સવારે પોતાના માલિક સાથે સ્ટેશને જતો અને સાંજે પાછો આવતો. આમ ઘણા મહિના ચાલ્યા બાદ માલિક મૃત્યુ પામ્યો; છતાં કૂતરો તો માલિકની રાહ જોતો મોડી રાત સુધી બેસી રહેવા લાગ્યો. આમ સતત ૧૦ વર્ષ સુધી નિયમિતરીતે ચાલ્યા બાદ અંતે કૂતરો મરી ગયો. હીચીની આ સ્વામીભક્તિની એવી તો છાપ પડી કે જાપાનીઝ સરકારે સ્ટેશન પર જ્યાં તે દરરોજ માલિકની રાહ જોતો બેસતો ત્યાં તેનું એક પૂતળું કરાવીને મુકાવ્યું, એટલું જ નહિ પણ દેશની દરેક શાળામાં વફાદારીના પ્રતીક તરીકે તેનાં નાનાં પૂતળાં મોકલ્યાં.

ꩰ

અનેકાર્થી શબ્દ : **હેલ=** બોજો કે ભાર; બાળવાનાં લાકડાં કે છાણાં ભરેલું ગાડું; બેડું; ઊંચકવાની મજૂરી; હેલકરીનું કામ.

ꩰ

ગણિતગમ્મત (મ. ના. ખત્રી)

$૧૦^{૧}-૧=૯$

$૧૦^{૨}-૧=૯૯$

$૧૦^{૩}-૧=૯૯૯$

$૧૦^{૪}-૧=૯૯૯૯$

$૧૦^{૫}-૧=૯૯૯૯૯$

$૧૦^{ક્ષ}-૧=$(૯૯૯૯ . . . . ક્ષ વખત)

ꩰ

મિષ્ટાન્નમાં ભભરાવવાના મેવા તરીકે વાપરવાની દ્રાક્ષ ઉપયોગમાં લેતાં પહેલાં, કોઈ ચૂલે ઊકળતી વસ્તુના ઢાંકણા પર એક રકાબીમાં મૂકી રાખવાથી વરાળને લીધે તે દ્રાક્ષ ફૂલીને વધુ રસવાળી બનશે.

ꩰ


સુભાષિત-કુસુમ

पात्रापात्र बिवेकोऽस्ति
धेनुपन्नगयोरिव ।
तृणात् संजायते क्षीरं
क्षीरात् संजायते विषम् ॥

લાયક અને નાલાયક વચ્ચેનો તફાવત ગાય અને સાપ જેવો છે. ગાય ઘાસખાઇને દૂધ ઉત્પન્ન કરે છે, જ્યારે સાપ દૂધપીને ઝેર ઉત્પન્ન કરે છે.

કહેવતોના અર્થ: 'નાચવું નહિ એને આંગણું વાંકું'-કોઈ કામ કરવાની પોતાની ઈચ્છા ન હોય ત્યારે માણસ જાતજાતનાં ને નિરર્થક બહાનાં કાઢે છે તે દર્શાવવા માટે વપરાતી આ કહેવતમાં રહેલો શબ્દાર્થ સ્પષ્ટ છે કે સારું નૃત્ય જાણનારને તેની કળા બતાવવાની વિનતિ કરતાં, તેને જો ઉલટ ન હોય તો છેવટે 'તમારૂં આંગણું વાંકું છે તેથી નહિ ફાવે' એવું બહાનું પણ કાઢે.

ꩰ




ગઈ ૧૫મી ઑગસ્ટના ત્રીજા સ્વાતંત્ર્યદિને નીકળેલી હિંદની નવી ટિકિટો રદ કરવા માટે ટપાલ ખાતાએ તે દિવસ પૂરતી પોસ્ટ-માર્કની ખાસ છાપ યોજેલી; જેના પર વચ્ચે, હિંદના પ્રતીકરૂપ હાથીનું આલેખન, તે દિવસની તારીખ, તથા 'સ્વાતંત્ર્ય દિન' એવા અક્ષરો અંગ્રેજીમાં હતા. મુંબાઈની જનરલ પોસ્ટ ઑફિસે વાપરેલા એવા સિક્કાની છાપનો નમૂનો આ ઉપર આપ્યો છે.

ꩰ

ફિલિપાઇન્સ કુલ ૭૦૮૩ બેટાનો બનેલો દેશ છે; પણ તેમાં ૪૬૫૬ બેટાને હજુ સુધી કોઈ નામ જ અપાયું નથી!

ꩰ



ꙮ. કલાકણિકાઃ ઘરમાં વપરાતાં વાસણકુસણમાં કદાચ સૌથી વધુ વપરાશ રકાબીઓ (તશતરી) નો હોય છે. ચાલુ સાર્વત્રિક વાપર ઉપરાંત પાનસોપારી અથવા શુભ પ્રસંગની ચીજવસ્તુ રાખવા પણ તે જ વપરાતી હોવાથી તેના ઉપર તો ચીન-જપાનથી માંડી પશ્ચિમના સર્વ દેશો પર્યંતના દરેક દેશ ને કાળનાં ગાનીઓએ કલાની અર્ચના કરી જ છે. બાજુએ આપેલી તશતરી રૂપેરી જડતરવાળા દખ્ખણ હૈદરાબાદના બીદરીકામનો નમૂનો છે.



' વેપારને બહાને હિંદમાં પગ જમાવવા માટે પોર્ચુગીઝો, ડચ, ફ્રેંચ, ડેનિશ, અંગ્રેજો વગેરે આવતા ગયા તેમ તેમણે સત્તા જમતાં ધીરેધીરે પોતાના સિક્કા પણ પાડવા માંડ્યા. તે પૈકી પોર્ચુગીઝોનો સિક્કો ૨૮૮મા અંકમાં આપેલો. આ ઉપર આપેલો સિક્કો ડચ લોકોનો છે, જેમાં એક તરફ રાજકર્તાના મુકુટની નીચેની ઢાલ-આકૃતિમાં રાજચિહ્ન નીચે જલપ્રવાહ દર્શાવતી રેખાઓ દરિયાઇ પ્રવાસ સૂચિત કરે છે. જમણી બાજુ દર્શાવેલી તેની પાછલી બાજુમાં કંપનીનું પ્રતીક ને સાલ છે.

ꩰ

તજા (ત્વચા) ગરમી જણાતી હોય [તાવ ન હોય છતાં શરીર ગરમ લાગે, યા શરીરે ફોલ્લીઓ નીકળે, યા ભૂખ ન લાગતાં ફબકા આવ્યા કરે] તો લીમડાના તામ્ર રસના સેવનથી તથા રોજ રાત્રે ગરમ પાણી સાથે ૦ાા તોલો હરડે લેવાથી ફાયદો થશે.


ꩰ

તમે જાણો છો?

જેટલી વિદ્યુત્‌શકિત ૧૨૮૦૦૦ મણ કોલસા ઉત્પન્ન કરી શકે તેટલી માત્ર એક શેર યુરેનિયમ કરી શકે.* રોંજના લગભગ દોઢ લાખ શેફિલ્ડના અસ્ત્રા પરદેશ મોકલવામાં આવે છે.* એક ગ્રામ રેડિયમની કિંમત લગભગ ૧૩,૦૦૦ પાઉન્ડ થાય છે.*

ꩰ

KUMAR Reg. No. B. 1808



અમદાવાદની સમૃદ્ધ શિલ્પકલાનો ઉત્કૃષ્ટ નમૂનો

હિંદુ અને ઇસ્લામી સ્થાપત્યના સુંદર સમન્વય સમો, અમદાવાદના શાહ-આલમના રોજાનો મનોહર દ્વાર-પ્રદેશ: એની ઉપલી કમાન ઇસ્લામી અને નીચલી(બારણાં ઉપરની) કમાન હિંદુ સ્થાપત્યની ઢબની છે. એની જાળીઓની ડિઝાઇન, ઇસ્લામી આદેશ મુજબ કોઇપણ જીવંત પ્રાણીના આલેખન વિનાની છે, છતાં એ જાળીઓની ડિઝાઇનની ઢબ હિંદુ પરંપરા ઉપર છે, અને પિત્તળની જાળીવાળાં એનાં કમાડ અમદાવાદના જ કારીગરોના અદ્‌ભુત પિત્તળકામનો સુંદર નમૂનો છે. અમદાવાદનાં શિલ્પ અને સ્થાપત્યના આવા ચુનંદા નમૂનાઓના બાવન ફોટોગ્રાફોના સુંદર આલ્બમમાંની આ એક વાનગી છે.

અમદાવાદ

ગુજરાતનું પાટનગર

દેશના ધોરી વ્યાપારમાર્ગ ઉપરની પોતાની કેન્દ્રવર્તી ભૌગોલિક સ્થિતિથી, અને અદ્યતન ઉદ્યોગનગર હોવા છતાં એતદ્દેશીય સંસ્કૃતિનાં વહેણનો જીવંત ને પ્રબળ સ્રોત ધરાવવાને કારણે, અમદાવાદ જ ગુજરાતનું પાટનગર રહ્યું છે, રહેવાનું છે અને આગામી યુગમાં સોળે કળાએ વિકસવાનું પણ છે.

છતાં એને વિષે આપણે કેટલું સાચું જ્ઞાન ધરાવીએ છીએ? એનો વિવિધરંગી ઇતિહાસ એનાં ઊંડાં સંસ્કારવહેણ અને એની પુરાણી શિલ્પ–સ્થાપત્યની સમૃદ્ધિથી ખુદ અમદાવાદીઓ પૈકી પણ સંપૂર્ણ જાણકાર કેટલા હશે? માત્ર એની શિલ્પ–સ્થાપત્યની સમૃદ્ધિની જ વાત કરીએ તો, એ શહેરના સ્થાપક બાદશાહ અહમદશાહના ખુદના અવશેષ સંઘરતા મકરબાથી માંડીને છેક હઠીભાઇની વાડી અને સ્વામીનારાયણના મંદિર સુધીનાં હજી એક જ સૈકા ઉપરનાં મંદિરોમાં આપણી પરંપરાગત વાસ્તુકલાનો જે સમૃદ્ધ વારસો સિલસિલાબંધરીતે જળવાયો છે તે પોતે જ એક મૂક પણ રસભર ઇતિહાસગ્રંથ છે.

જગતમાં બેનમૂન પથ્થરી કોતરકામવાળી ગણાતી સીદી સૈયદની મસ્જિદની જાળીઓ અને સપ્રમાણ શિલ્પના અનન્ય નમૂનારૂપ રાણી રૂપમતિની મસ્જિદથી માંડીને જલાગારો તથા ગરનાળાંઓમાં પણ છુટ્ટે હાથે વેરાએલી કળાલક્ષ્મીના અવશેષો ધરાવતી અડાલજની વાવ તથા કાંકરિયા તળાવ સુધીનાં અમદાવાદનાં શિલ્પ–સ્થાપત્યો હજી યે આપણા એ પાટનગરની પુરાતન જાહોજલાલીની વાચા બનીને ઊભાં છે.

તમે એ બધું નજરે ન જોયું હોય, કે ન જોઈ શકો તેમ હો તો એનું એક સચિત્ર આલ્બમ બહાર પડ્યું છે. એમાં, ‘ગુજરાતનું પાટનગર--અમદાવાદ’ નામના મહાગ્રંથના લેખક શ્રી રત્નમણિરાવ ભીમરાવે ખુદે આલેખેલી એ નગરની ઇતિહાસરેખા રૂપ પ્રસ્તાવના સાથે, બાવન ચુનંદા ફોટોગ્રાફો તે તે સ્થળનાં વર્ણનો સાથે આર્ટ પેપર ઉપર સુઘડ છપાઈ સાથે સંઘરાયા છે. કિંમત માત્ર બે રૂપિયા [પોસ્ટેજ જુદું]. કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર, અમદાવાદ.